॥હરિઃૐ॥

# શ્રીમોટાવાણી

## ૯-૧૦



પૂજ્ય શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૯

## પૂ. શ્રીમોટાની ટેપરૅકૉર્ડેડ વાણી

## જિજ્ઞાસુઓની પ્રશ્નોત્તરી ને જીવનના પ્રસંગો

લક્ષ્મી એ જ માત્ર ઉત્કર્ષનું કારણ છે. એ માન્યતા ઘણી ભ્રમણા ભરેલી છે. ગુણ અને ભાવ વગર એ લક્ષ્મી તો ઊલટું જીવનવિકાસને, ઉત્કૃષ્ટ જીવનને સ્વચ્છંદતામાં પ્રગટાવશે.

લક્ષ્મીનો ઉપભોગ કરવાથી માણસ વધારે ને વધારે નબળો થતો જવાનો. એ વાત આજે કોઈને ગળે—આપણા દેશમાં અને સમાજમાં મોટા માણસને ઊતરતી નથી.

**ગુણ અને ભાવ વિનાની લક્ષ્મી એ આપણા જીવનનો મૃત્યુનો ઘંટ છે. એ મોટાને બરાબર સમજાયું છે. અને એટલે જ એ સમાજમાં ગુણ અને ભાવ પ્રગટે એ માટે મથી રહ્યા છે.**

**અને એ તો એમ કહે છે કે ભાઈ એક તલના લાખમાં ભાગ જેટલું પણ ભગવાનની કૃપાથી આ જે થઈ શક્યું તોયે બસ છે** અને પરિણામની તો એ ચિંતા કરતા નથી. પરિણામ તો જે પ્રકારે જ્યારે જેમ થવાનું હશે તેમ થશે, પણ આપણે આપણા ભાગે આવેલું પ્રાપ્ત થયેલું કર્મ કર્યા જ કરવું.

**– મોટા**

સંપાદક :

**શ્રી રજનીભાઈ બર્માવાળા**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

॥ હરિઃૐ ॥

પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ**
હરિઃૐ આશ્રમ (સ્થાપના વર્ષ-૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
E-mail : hariommota1@gmail.com
website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત – નડિયાદ

આવૃત્તિ :

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૪ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૨૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૭ | ૨૦૦૦ |

પૃષ્ઠ : ૯૨

વેચાણ કિંમત : રૂ. ૧૦/-

પ્રાપ્તિસ્થાન : હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫.
હરિઃૐ આશ્રમ, નડિયાદ. પો. બો. નં. ૭૪

મુદ્રણશુદ્ધિ : શ્રી જયંતીભાઈ જાની, ફોનઃ(૦૭૯)૨૬૬૧૨૭૨૮

ડિઝાઇનર : મયૂર જાની, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪
મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ.
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે, ''મારાં લખાણમાં કૉમા, અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટાની ટેપરૅકૉર્ડેડ વાણીને **મોટા** જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

આ પુસ્તકની પ્રસિદ્ધિનો મૂળભૂત હેતુ આવી પ્રાપ્ય કૅસેટો કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં શ્રીમોટાની વાણીને ગ્રંથસ્થ કરી લેવાનો.

પૂ. શ્રીમોટાની અન્ય ટેપવાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે. ***મોટાનું*** **આ કામ કરવાનો મારો એકલાનો કોઈ ઈજારો હોઈ શકે નહિ.** ***મોટાનું*** **આ કામ એ સમાજનું કામ છે. હું પણ એક સામાજિક પ્રાણી છું. તેથી સમાજ પ્રત્યેની મારી ફરજ રૂપે આ કાર્ય મેં ઉપાડ્યું છે. તો** ***મોટાના*** **આ કાર્યમાં જે કોઈ કદરદાન વ્યક્તિની ઈચ્છા સીધી કે આડકતરી રીતે સહાયભૂત થવાની હોય, તો તે પોતાનો સાથસહકાર તન, મન અને ધનથી વિના સંકોચે આપી શકે છે.**

સાધક-મુમુક્ષુજનો **પૂ. મોટા**ની આ વાણીમાંથી પોતાના જીવનવિકાસ માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

પ્રકાશક

**યશવંત એ. પટેલ**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(પહેલી આવૃત્તિ)**

**શ્રી હર્ષદભાઈ શાહ તથા શ્રીમતી સુભદ્રાબહેન હર્ષદભાઈ શાહ (અમદાવાદ)ને સસ્નેહ સમર્પણાંજલિ.**

સંતોના પ્રેમી ને સંતો માટે ઘસાવામાં પોતાની ગમે તેવી આર્થિક મુશ્કેલીમાં પણ જેમને પરમ આનંદ ને ઉત્સાહ છે, તે આ દંપતીના આ ગુણને લક્ષમાં રાખી આ પુસ્તક તેમને અર્પણ કરતાં પરમ આનંદ અનુભવીએ છીએ.

હરિઃૐ

**યશવંત એ. પટેલ**
**ઈંદ્રવદન શૅરદલાલ**

# પુનિત સ્મૃતિ

**(બીજી આવૃત્તિ)**

**પૂ. શ્રીમોટાનાં ચાહક અને સ્વજન**
**સ્વ. નંદિનીબહેન હિંમતલાલ મુખી, અમદાવાદની**
**પુનિત સ્મૃતિમાં**
**જન્મ : તા. ૧-૫-૧૯૩૯**
**દેહાવસાન : તા. ૨૫-૬-૧૯૮૨**

# નિવેદન (ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટા ભાગ્યે જ પ્રવચન આપતા. તેમની વાણી એટલે ઉત્સવ પ્રવચન કે ક્યાંક કોઈક સ્વજનના ઘેર અંગત વાતચીત થઈ હોય અને તે સ્વજને ટેપ રૅકૉર્ડ કરી લીધી હોય તે વાણી. આ ટેપવાણીનાં પુસ્તકોનું પ્રથમ પ્રકાશન વર્ષ ૧૯૯૩-૯૪માં સ્વજનોના વ્યક્તિગત આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના શ્રી યશવંતભાઈ એ. પટેલનો ફાળો નોંધપાત્ર છે. ત્યાર બાદ સુરત આશ્રમે વર્ષ ૨૦૧૦માં દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરેલ.

શ્રીમોટા એમ કહેતા કે—''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એક ને એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટા, આ ટેપરૅકૉર્ડેડ વાણીમાં જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે. આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી. શ્રીમોટાની વાણીને એક કૅસેટ દીઠ એક ભાગ એમ કુલ્લે ચૌદભાગને સાત પુસ્તકોમાં પ્રકાશન કરવામાં આવ્યાં છે.

આ પુસ્તકોના પ્રથમ પ્રકાશન અર્થે સહકાર આપનાર શ્રી યશવંતભાઈ એ. પટેલ તથા આદરણીય વડીલ મુ. શ્રી ઇંદ્રવદન શૅરદલાલ (ઇંદુકાકા) તથા અન્ય પ્રકાશક સ્વજનોનો અમો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. શ્રી રજનીભાઈ બર્માવાળાએ દ્વિતીય આવૃત્તિના પ્રકાશન વેળાએ પણ પૂ. શ્રીમોટાની વાણીની તમામ કૅસેટો ફરીથી સાંભળીને આ લખાણ અક્ષરશઃ વાણી મુજબ છે, તે મેળવ્યું છે તથા મુદ્રણશુદ્ધિની ચકાસણી કરી છે. હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી તરીકેની તેમની ફરજ તેમણે નિભાવી છે. તેથી તેમનો આભાર માનવો અસ્થાને છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિનું મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

સમાજનો બહોળો વર્ગ પૂ. શ્રીમોટાની આ વાણી થકી પોતાનો જીવનવિકાસ કરી શકે અને શ્રીમોટાના આધ્યાત્મિક વિજ્ઞાનને સરળતાથી સમજી શકે એવી શુભભાવના સાથે આ પુસ્તક સમાજનાં કરકમળોમાં અર્પણ કરીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

પૂ. શ્રીમોટાના ભક્તિભાવથી આશ્રમના
રસોડાની જરૂરિયાત માટે મદદરૂપ થનાર
સુરત નિવાસી સ્વજન દંપતી
**શ્રી અશોકભાઈ રમણભાઈ પૂજારા**
તથા
**શ્રીમતી દક્ષાબહેન અશોકભાઈ પૂજારાને**
'શ્રીમોટાવાણી ૯-૧૦' પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ
આદરપૂર્વક સમર્પણ કરતાં
અમો ધન્યતા અનુભવીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સં. ૨૦૭૩ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. **મોટા**નાં કાર્યોમાં ઓછામાં ઓછા રાગદ્વેષની શક્યતા છે ..........૮
૨. ભાવ કેળવવાનાં સાધનો—પ્રાર્થના, ભજન, આત્મનિવેદન .......૯
૩. ગુણ અને ભાવ વિનાની લક્ષ્મી જીવનના મૃત્યુનો ઘંટ છે ........ ૧૦
૪. સમાજમાં ભાવ કેળવવા **મોટા**ના પ્રયત્નો .................. ૧૨
૫. જુદી જુદી વિધિઓના પ્રસંગોમાં **મોટા**ની હાજરી બાબત .... ૧૩
૬. પુણ્યથી પાપ ઠેલાય એ ખોટી માન્યતા છે ................. ૧૪
૭. ઓલિયા ફકીરોના સત્સંગમાં .............................. ૧૫
૮. ભગવાનનો અનુભવ એક જ જન્મમાં થવો દુર્ઘટ છે........ ૧૬
૯. ભગવાનના માર્ગમાં ઘણી ચડઊતર છે..................... ૧૮
૧૦. ભગવાનના સ્મરણ તરફ વળવાનું કારણ, ફેફરુંનો રોગ......... ૨૦
૧૧. જીવનમાં નિષ્ફળ ગયેલા—નિરાશા પામેલાઓ આધ્યાત્મિક જીવન તરફ પ્રગતિ કરે છે ? ................. ૨૩
૧૨. મહાત્મા ગાંધીજીના જીવનની અસર સામાન્ય જનસમાજ ઉપર અને **મોટા** ઉપર ...................................... ૨૫
૧૩. ભગવાનનો અનુભવ પામેલ શરીરધારી મહાત્માઓના મિલન વિશે ............................................. ૨૭
૧૪. ભગવાનના અનુભવી—ચેતનાનિષ્ઠ શરીરધારી સંતના સમાગમની અસર વિશે .......................... ૨૮
૧૫. **મોટા**નું કાર્ય—સમાજમાં સુષુપ્ત પડેલા ભગવાનને જાગ્રત કરવાનું છે ........................................ ૩૦
૧૬. **મોટા** કોઈની સાથે સંબંધ બાંધવા જતા નથી............... ૩૧
૧૭. **મોટા**ની ગુપ્ત સેવા : પતિપત્નીના જીવનમાં પ્રગટેલા ત્રિકોણિયા સંબંધને ઉગારવા ............................. ૩૨
૧૮. **મોટા**નો નિયમ : સાક્ષી ન હોય તેવા પ્રસંગો વર્ણવવા નહિ ...... ૩૩
૧૯. **મોટા**નું આગવું, અનોખું વર્તન .......................... ૩૪
૨૦. **મોટા**ને હિમાલયમાં મળેલા અઘોરીબાબાનો પ્રસંગ .......... ૩૫
૨૧. અઘોરપંથની સાધના વિશે ................................ ૪૪

॥ હરિઃૐ ॥

# પૂ. શ્રીમોટા સાથે જિજ્ઞાસુઓની પ્રશ્નોત્તરી ને તેઓશ્રીના જીવનના પ્રસંગો

# શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી ઉપરથી

## *મોટાનાં* કાર્યોમાં ઓછામાં ઓછા રાગદ્વેષની શક્યતા છે

**મોટા**નાં કર્મની એક વિધિમાં બહુ ઓછામાં ઓછા રાગદ્વેષ રહેલા છે. બીજાં બધાં રચનાત્મક કામોમાં કાર્યકર્તાઓમાં બીજાં બધાંઓમાં પણ રાગદ્વેષ પરસ્પર એકબીજાની સાથે પ્રવર્તતા હોય છે. **મોટા**ના સમાજમાં ગુણ અને ભાવ પ્રગટાવવાનાં કર્મમાં એક તો ઓછામાં ઓછા માણસો સંકળાયેલા હોય છે. એ કર્મ કરનારા કાં તો **મોટા** કે એમની સાથેના એક બે માણસો. સમાજની સાથે આ દાનમાં, ભેટ રકમો મેળવવાનું એક મોટામાં મોટું કર્મ એ તો ખરું, પરંતુ **મોટા**નો એક નિયમ એવો છે કે જે કોઈ એમને રોટલા ખાવાનું આમંત્રણ આપે, જમાડવાનું આમંત્રણ આપે, ત્યારે દાન-દક્ષિણા, ભેટ આપવાનું જેનું દિલ હોય, ત્યારે જ એમને આમંત્રણ આપે. એવો એક રિવાજ જ પડી ગયો છે. અને ગમે તેટલો જૂનામાં જૂનો સંબંધ હોય ત્યાં પણ **મોટા** એમ ને એમ જતા જ નથી નહિતર એ પૈસા મેળવી જ કેવી રીતે શકે ?

એટલે કોઈક એવા બીજા કાર્યકર્તાઓ કે બીજા માણસો એવા આ કામમાં કોઈ ઝાઝા હોતા નથી. એક બે માણસ **મોટા**ની સાથે એવા હોય છે કે જેમાં રાગદ્વેષ થવાને કે જન્મવાનો સંભવ ઓછામાં ઓછો હોય.

એટલે આ એક મોટામાં મોટો, સમાજમાં જાહેર કર્મનાં ક્ષેત્રમાં ઘણા માણસો સંકળાયેલા હોવાથી માંહોમાંહે રાગદ્વેષ ને ઝઘડા પેદા થતા હોય છે. એ આમાં ઓછામાં ઓછું. એ એક મોટામાં મોટું સારામાં સારું લક્ષણ છે. અને આખા સમાજને જો આપણે ગુણ અને ભાવનાનાં ક્ષેત્રમાં નવા જન્મથી અને નવા વેશે જન્માવવો હોય, તો આ જેમ પોતાના આગવા જીવનમાં રાગદ્વેષ, રાગમોહાદિ, લોભાદિક, ક્રોધાદિક મોળામાં મોળા પડતા જાય એ જેમ જરૂરનું છે, તેવી રીતે સમાજના પુનર્જીવન થવામાં પણ એ એટલું જ જરૂરી છે અને **સામાન્ય રીતે તો સમાજના આગલી હરોળના નેતાઓમાં જે મોટામાં મોટો રાગદ્વેષ પ્રવર્તેલો રહ્યા કરે છે, તેનાં પરિણામ સમાજના જીવનમાં ઘણાં માઠાં આવતાં હોય છે. એ કદાચ આગલી હરોળના નેતાઓને ખબર નહિ હોય.**

પણ આજે આ સમાજ છિન્ન ભિન્ન થઈ ગયો છે. એનું કારણ પણ આપણે પોતે જ છીએ. એટલે કે આપણા નેતાઓ જ. નેતાઓને રાગદ્વેષથી પર થવાની ઝંખના ભાગ્યે જ. બહુ ભાગ્યે જ, કોકનામાં હોય.

## ભાવ કેળવવાનાં સાધનો—પ્રાર્થના, ભજન, આત્મનિવેદન

ત્યારે આ જે **મોટા**ની જેમ પોતે આધ્યાત્મિક માર્ગમાં આગળ વધ્યા અને પોતે જે રીતે જીવનમાં ભગવાનની ચેતનાને પોતાના આધારમાં અવતરણ થવાને માટે જે સરળતા સાંપડે એને માટે તેમણે ગુણ અને ભાવ જીવનમાં કેળવ્યો. ભાવ તો એમણે પ્રાર્થનાથી, આત્મનિવેદનથી, ભજનોથી, આ બધાંથી એમણે પ્રગટાવ્યો છે. ત્યારે એમને સતત ભાવ પ્રાર્થનાનો હતો. જ્યાં ત્યાં એ પ્રાર્થના કર્યા જ કરતા હોય અને દિવસમાં કેટલીયે પ્રાર્થના વારંવાર એ કર્યા કરે. આત્મનિવેદન તો અનેકવાર, પળેપળે કહો તોપણ ચાલે અને ભજન તો વારંવાર, ઘણું એ લખ્યા કરતા. ઘણીવાર રોજના કેટલાંયે ભજનો લખતાં ને ગાતાં ગાતાં જ ફર્યા કરતાં હોય. સતત

એ ભજનના તાનમાં જ હંમેશાં મસ્ત ફર્યા કરતાં અને જતાં આવતાં ભજન જ ગાયા કરતા.

અને કેટલીયવાર તો નડિયાદની અંદર ભજન ગાતાં ગાતાં **મોટા** જતા હોય, ત્યારે એમના પર છોકરાંઓએ કાંકરાં ને ધૂળ ફેંકેલાં પણ છે અને એ પ્રસંગના જોનાર આજે પણ કોક હોય ને મળી આવનાર કોક એમના સરખા. સરખી વયના કોક હોય ને મળી આવનાર કોક ખોળી કાઢે તો આજે પણ મળી આવે ખરા.

પણ એ ભાવ ભજનથી, પ્રાર્થનાથી, આત્મનિવેદનથી એ બધાંથી. અને ગુણ એમણે જે કેળવ્યા તે આ ભાવ વડે કરીને જીવનનાં દિવ્યતમ ક્ષેત્રોમાં. દિવ્યતમ ક્ષેત્રોના હાર્દને અનુભવવાને માટે **મોટા**ને ઘણા ખપમાં લાગ્યા. એવી જ રીતે આ **સમાજમાં ગુણ અને ભાવ પ્રગટ્યા વિના સમાજનો પુનરોદ્ધાર થઈ શકવાનો નથી. સમાજ પોતાની અસલની સાચી સ્થિતિમાં પ્રગટી શકવાનો નથી.**

## ગુણ અને ભાવ વિનાની લક્ષ્મી જીવનનો મૃત્યુનો ઘંટ છે

લક્ષ્મી એ જ માત્ર આ ઉત્કર્ષનું કારણ છે. એ માન્યતા ઘણી ભ્રમણા ભરેલી છે. લક્ષ્મી જરૂરની છે ખરી, પણ લક્ષ્મી ગુણ અને ભાવ વગર ઊલટું જીવનને—જીવનવિકાસને, ઉત્કૃષ્ટ જીવનને, સ્વચ્છંદતામાં પ્રગટાવશે. વિલાસથી, વૈભવને ભોગવવાથી વિલાસમાં પડી જવાથી લક્ષ્મીનો દુરુપયોગ થવાનો છે. લક્ષ્મી એ જીવનને–જીવનમાં શક્તિ પેદા કરનારી કોઈ અનોખી શક્તિ છે. એ વાત સાચી છે, પણ લક્ષ્મીનો ઉપયોગ કરવો તે શક્તિ કામની. લક્ષ્મીનો ઉપભોગ કરવાથી માણસ વધારેમાં વધારે નબળો થતો જવાનો. એ વાત આજે કોઈને ગળે—આપણા દેશમાં અને સમાજમાં મોટા માણસોને ઊતરતી નથી.

**ગુણ અને ભાવ વગરની લક્ષ્મી એ આપણા જીવનનો મૃત્યુનો ઘંટ છે. એ મોટાને બરાબર સમજાયું છે. અને એટલે જ એ સમાજમાં ગુણ અને ભાવ પ્રગટે એને માટે મથી રહ્યા છે.**

અને એ તો એમ કહે છે કે ભાઈ કે એક તલના લાખમાં ભાગ જેટલું પણ ભગવાનની કૃપાથી આ જે થઈ શક્યું તોયે બસ છે. અને પરિણામની તો એ ચિંતા કરતા નથી. પરિણામ તો જે પ્રકારે જ્યારે જેમ થવાનું હશે તેમ થશે, પણ આપણે આપણા ભાગે આવેલું પ્રાપ્ત થયેલું કર્મ આપણે કર્યાં જ કરવું.

અને **મોટા** તો એમ પણ કહે છે કે ભઈ, આ શુદ્ધ ચેતનને જ જુઓને. એ શુદ્ધ નિરાકાર હોવા છતાંય સાકાર છે. અને એ બિલકુલ ગતિવાળું ન હોવા છતાં સતત એકેએક પળ ગતિશીલ. અને બિલકુલ એને કર્મ કરવાનું નહિ હોવા છતાં એને કર્મ કરવાનું મુદ્દલે નથી તેમ છતાં આ ચેતન સતત પળેપળ સક્રિય છે, ક્રિયાશીલ છે.

એ ચેતનનો આપણે અનુભવ કરવાનો છે. એ આપણી સામે આરસી જેવો તો એ ચેતન છે. એ ચેતન પળેપળ સક્રિય છે અને નિષ્ક્રિય છે. બન્ને છે. એ નિષ્કામની ભૂમિકા પર સતત કર્મ કરતાં આપણે રહ્યા કરીએ અને એવા જ ક્રિયાશીલ રહીએ તો એ ચેતન જ છે. આપણે પ્રવર્તીએ છીએ એમ ગણાય.

વળી, કોઈ સમાધિની સ્થિતિમાં આપણે હોઈએ ત્યારે આપણને કર્મ નથી એ વાત સાચી. કર્મ કોઈ અનુભવી પુરુષ માનસિક રીતે પણ કરે છે. પોતાના સૂક્ષ્મ આધારથી પણ કરી શકે. પોતાના દિવ્ય ચેતનનાં કરણો વડે પણ કરી શકે છે. એ વાત સાચી.

પરંતુ **મોટા**ની એવી સમજણ છે કે ભઈ, આપણે આ જીવનમાં પ્રગટ્યાં અને આ સમાજની સાથેનું આપણું લેણદેણ છે. સમાજની સાથે પણ આપણે સંકળાયેલાં છીએ. અને સમાજની જેમ આપણે એક આધ્યાત્મિક પ્રકારનો આનંદ, સુખ અને જે દિવ્યતમ ચેતનાનો રસ પીધો એનો લહાવો અનુભવ્યો. તો એ લહાવો પણ સમાજને મળે તો ઉત્તમ છે, એવી અનુભવી પુરુષને પણ દિલમાં અભીપ્સા ચેતનવંતી જાગેલી રહ્યા કરે છે ખરી.

સંસારમાં પણ પોતાને જે સુખ મળે તે પોતાના કુટુંબીજનોને પણ મળે એવી એક સદ્ભાવની માનવીના દિલમાં એવી અપેક્ષા રહે છે ખરી. એટલે આ સમાજ પણ ભગવાનના પ્રેમને—એના આનંદને અનુભવે તો ઘણું ઉત્તમ છે. એવી એક ભગવાન પ્રીત્યર્થેની—પ્રભુપ્રીત્યર્થેની ભાવનાથી **મોટા** સમાજ પરત્વેનાં—સમાજનાં વિકાસનાં કર્મમાં પડેલા છે.

## સમાજમાં ભાવ કેળવવા *મોટાના* પ્રયત્નો

ઘણાં બધાં **મોટા**ને પૂછે છે કે ભઈ આ તમે ગુણના વિકાસની પ્રવૃત્તિઓ સમાજને માટે લીધેલી એ તો જાણે સમજી શકાય છે. દીવા જેવી ઉઘાડી હકીકત છે, પણ આ ભાવ કેળવવાની વાત તો કાંઈ અમારા ખ્યાલમાં આવતી નથી.

તો **મોટા** એમ કહે છે કે ભઈ એ માટે પણ મેં પ્રયત્ન કરેલો છે. આદ્છોપાતળો. ભગવાનની કૃપાથી. પ્રયત્ન તો મેં કર્યો છે. દા.ત., ગુજરાતી સાહિત્ય પરિષદને ભક્તિમાં મૌલિક સર્જનને માટે એવું સાહિત્ય સર્જાય એને માટે **મોટા**એ દાન કરેલાં છે. બીજા પણ એવા પ્રકારનાં સાહિત્યનાં સર્જનને માટે પણ ગુજરાતી સાહિત્ય પરિષદને **મોટા**એ દાનો કરેલાં છે.

બાળકોમાં આવી રીતે ગુણ અને ભાવ પ્રગટે એવી જાતનું સાહિત્યનું સર્જન થાય એને માટે પણ **મોટા**એ પ્રયત્ન કરેલા છે. એટલું જ નહિ પણ માસિકોમાં પણ સંત-મહાત્મા પુરુષોનાં એવાં-કોઈક સર્જનશીલ જીવનચરિત્રો કે જેનાથી સમાજમાં મૌલિકતા, ભાવના વગેરે ગુણો પ્રકટે, સાહસ આદિ ગુણો પ્રગટે એવું સાહિત્યનું સર્જન થાય એને માટે પણ **મોટા**એ દાનો કરેલાં છે. સમાજમાં ભાવના પ્રગટે તે માટે મૌલિક ભાવનાવાળી વાર્તાઓ છપાય, એને માટે પણ **મોટા**એ દાનો કરેલાં છે. અને સાહિત્ય દ્વારા આવો એ ભાવ પ્રગટે એને માટે **મોટા**ને જે લાગ્યું તેવી રીતે એમણે પ્રયત્ન તો કરેલા છે, પણ **મોટા**નું એવું માનવું છે કે ભાવ તો પોતે જાતે

જ પોતાના જીવનને કેવી રીતે વર્તન કરતાં કરતાં જ અને એ ભાવ જે પ્રગટે છે એ ભાવ માત્ર આ સંસાર પરત્વેની સ્વાર્થની પ્રવૃત્તિમાં પડ્યા રહ્યાથી નહિ પ્રગટી શકે.

એ ભાવ દ્વંદ્વાતીત ને ગુણાતીત એક હકીકત છે. અને એ ભાવ કેળવવાને માટે માનવીએ પોતે અંતર્મુખતા કેળવીને, એ અંતર્મુખતાને છેક કેંદ્રનાં મૂળ સુધી લઈ જઈને કેળવવાનું રહે છે. અને એમ કરતાં કરતાં પ્રાર્થના, આત્મનિવેદન, ભજનકીર્તન, સત્સંગ, સત્‌સોબત, સદ્‌વાર્તાલાપ, સદ્‌વાંચન અને સત્કર્મ આ આટલાં આપણે ઓછામાં ઓછાં સાધન કરીએ તો તેમાંથી ભાવની નિષ્પત્તિ થાય છે અને **ભાવ તો પોતે જાતે જ પોતાની મેળે જ કેળવવાનો રહે છે. બીજા કોઈ આપણને ભાવ કેળવી નહિ આપી શકે.**

## જુદી જુદી વિધિઓના પ્રસંગે *મોટાની* હાજરી બાબત

સમાજની અંદર જુદી જુદી વિધિઓના પ્રસંગે **મોટા** હાજરી આપે છે અને તે વખતે લોકો એમ માની લે છે કે **મોટા**ની હાજરીથી આપણું બધું યથાયોગ્યપણે ઉત્તમમાં ઉત્તમ રીતે જીવનમાં પ્રવર્ત્યાં કરશે.

એટલે સમાજની અથવા તો તે વખતે એકઠાં થયેલાં લોકોની આવા પ્રકારની લાગણી હોય છે. તે વાત **મોટા** તો જાણે છે અને **મોટા**એ કેટલાંકને કહેલું છે કે ભઈ કે મારા હાથે લગ્ન કરાવવાથી જ આ જોડું સુખી જ થશે અથવા તો બન્ને વચ્ચે એક પ્રકારનો સંપૂર્ણ ચેતનાયુક્ત સુમેળ ને સહકાર પ્રગટશે એવું માની લેવાની જરૂર નથી.

હવે એવું ત્યારે બની શકે ખરું કે જ્યારે એ બન્ને જણ **મોટા** પરત્વેની પ્રેમભક્તિપૂર્વકની જ્ઞાનભાવવાળી સભાનતા સાથે વળગેલાં જીવતાંજાગતાં ચેતનાત્મકપણે રહ્યા કરેલાં હોય તો એ શક્યતા છે, બાકી આ તો **મોટા**ને કહ્યું કે ભઈ, અમારાં બે જણનાં તમે લગ્ન કરાવો તો **મોટા**એ કરાવ્યાં. તેથી કરીને એ કાંઈ પાસપોર્ટ **મોટા** કોઈને આપી દેતા નથી. **મોટા** તો એમ કહે છે કે એથી કરીને મારી પાસે એવી કોઈ શક્તિ નથી કે જેથી કરીને તમે બધાં હંમેશને માટે સુખી જ થાવ.

એવી જ રીતે પ્રત્યેક વિધિ પ્રસંગે જે લોકો અમુક હેતુ રાખીને, સાંસારિક હેતુ રાખીને **મોટા**ની પાસે વિધિ કરાવતા હોય, એટલે **મોટા** વિધિ તો કરે છે. અને તેમને વિધિ માટેનું આમંત્રણ આપે છે, એટલે **મોટા** વિધિ કરે છે. અને એની પાછળનો **મોટા**નો એક હેતુ એ છે કે ભઈ આ એક ગુજરાતીમાં વિધિ થાય. અને બધાં એ કાગળિયાં એ વિધિનાં લખાણ બધાંને આપી દીધાં હોય અને બધાં જોડેજોડે વાંચતા હોય તો એક મહત્ત્વપૂર્ણ, ગંભીરતાયુક્ત, ભાવનાવાળું એક વાતાવરણ જામે તો એક સારી હકીકત છે. અને સંસ્કૃતમાં થયા કરે તો સંસ્કૃત તો કોઈ જાણતા ન હોય. ગુજરાતીમાં થાય તો બધાં સમજે એટલે આવો એમને હેતુ હોય છે.

અને બીજું એ કે આવા પ્રસંગે **મોટા** હાજર રહે છે. એટલે એમને કાંઈ થોડીક ભેટ પણ દાન પણ લોકો આપે છે, તે એમણે સમાજનાં વિકાસનાં કામો હાથમાં લીધાં હોય તેમાં તે રકમ એમને મળ્યા કરે. એ એમને એક મદદરૂપ થઈ પડે તે પણ **મોટા**નો હેતુ હોય છે.

ત્યારે **મોટા** આવા બધા વિધિના પ્રસંગોમાં હાજર રહે, તેથી તે બધું કામ અથવા તો હવે પછીના ભવિષ્યના કાળમાં પણ તે બધાંની સુખસમૃદ્ધિ અને બધું યથાયોગ્યપણે પ્રગટતું રહે તેવી કશી કોઈ બાંયધરી **મોટા** કોઈ દિવસ આપતા નથી. અને કોઈને કહેતા પણ નથી. લોકો પોતપોતાની મેળે માની લેતા હોય છે, તો એમાં **મોટા** શું કરે ? ભલે જેમ માની લેતા હોય તેમ માની લેવા દો.

હજુ પણ **મોટા** તો જ્યારે કોઈ પણ વિધિને માટે **મોટા**ને કોઈ આમંત્રણ આપશે તો **મોટા** તો જરૂર જવાના, જવાના ને જવાના, કારણ કે એની પાછળ એમનો જે હેતુ છે, તે હેતુ તો સમાજને માટે છે. એમાંથી એમને પોતાને તો કાંઈ કશું ખપતું નથી.

## પુણ્યથી પાપ ઠેલાય એ ખોટી માન્યતા છે

**મોટાને** કોક એમ પૂછે કે ભઈ, સમાજમાં એક એવી પ્રચલિત માન્યતા છે કે પુણ્યથી પાપ ઠેલાય છે. તો **મોટા** તમારો એ વિશે શો મત છે ?

ત્યારે **મોટા**એ એમ કહ્યું, કે ભઈ આ જે માન્યતા છે તે તો આપણા શાસ્ત્રકારોએ કર્યું હોય. કદાચ આ માન્યતા પ્રચલિત થઈ હોય તો એ નિમિત્તે પણ લોકો પુણ્યકામ કરતાં થાય. અને એ ઉત્તમ કામ કરતાં થાય અને એથી કરીને વધારે લોકો ઉત્તમ પ્રકારનાં સત્કર્મમાં—સત્કર્મ કરતાં પ્રેરાય એ પણ એમનો હેતુ હોય.

પણ આ હકીકત સાચી નથી કે પુણ્યથી પાપ ઠેલાય. પુણ્યયે ભોગવવું પડે ને પાપેય ભોગવવું પડે. આમાં કાંઈ સરવાળા-બાદબાકી કે ગુણાકાર-ભાગાકાર છે નહિ. પુણ્ય પણ ભોગવવું પડે, પણ પુણ્ય ભોગવતાં ભોગવતાં કેટલાંય નવાં નવાં કર્મો પાપકર્મો પણ આપણે ઊભાં કરીએ. કોઈ ઉત્તમ પ્રકારનું એક પુણ્યનું કર્મ-તમે આપણે જાણે કે ભોગવતાં હોઈએ, ત્યારે એ કર્મ ભોગવતી વખતે કેટલીયે જે નકારાત્મક વૃત્તિઓ જાગી, એ વખતે કેટલાય જીવ વિશે આપણે ઊંધું વિચાર્યું. એ બધું જ નકારાત્મકપણું અને એ પ્રકારના સંસ્કાર આપણામાં પડી જ જવાના ને ઉદય વર્તમાન થશે, ત્યારે આપણે એવી જ રીતે વર્તવાનાં.

એટલે એક પુણ્યકર્મ ભોગવતાં ભોગવતાં અનેક પાપકર્મ પણ કરતાં હોઈએ છીએ અને અનેક પાપકર્મ કરતાં કરતાં એવાં પુણ્યકર્મના પણ સંસ્કાર આપણા મગજમાં આપણું મન તે વખતે વિચારતું હોય છે. એટલે પુણ્ય પણ ભોગવવું પડે છે ને પાપ પણ ભોગવવું પડે છે. પુણ્ય વધારે કરવાથી પાપ હઠી જાય છે કે ઓછાં થઈ જાય છે, એ માન્યતા સાચી નથી.

## ઓલિયા-ફકીરોના સત્સંગમાં

કોકે **મોટા**ને એમ પૂછ્યું કે **મોટા**, તમે કોઈ ઓલિયા, ફકીરના પરિચયમાં, સત્સંગમાં આવેલા ખરા ?

તો કરાંચીમાં જ્યારે **મોટા** સિંધિયા સ્ટીમ નૅવિગેશનના મૅનેજર શ્રી નરસિંહરાવ ભોળાનાથના જમાઈ હતા. શ્રી પરસદરાય મહેતા

કરીને હતા. એમને ત્યાં **મોટા** અવારનવાર જતા ખરા. ત્યારે સિંધમાં એમને એવા ઓલિયા—ફકીરોના સમાગમ થયેલા.

જોકે એ કોઈ દિવસ કોઈની પાછળ જાતે ગયેલા નથી. **મોટા** ક્લિફ્ટનમાં ત્યારે રહેતા અને ત્યાંથી સિંધિયાની ઑફિસે મોટરમાં બેસીને જતા ત્યારે રસ્તામાં એક ચાર રસ્તા આવતા હતા. ત્યાં ફૂટપાથ પર એક એવા ઓલિયા પડી રહેતા. તે ઓલિયાએ કેટલીયવાર **મોટા**ને પૈસા પણ આપ્યા છે. અને ખાવાનું પણ આપ્યું છે. અને એવી રીતે બીજા ફકીરોના પણ **મોટા**ને સમાગમ કરાંચીમાં હતા, ત્યારે થયો હતો. અને એ આધ્યાત્મિક જીવનના અનુભવોની આપલે પણ ત્યારે થઈ હતી ખરી.

પણ **મોટા** કોઈ ઓલિયા પાસે જાતે ચહીને પણ ગયા હતા નહિ, પણ આવી રીતે એમને ત્યાં આગળ કરાંચીમાં મેળાપ થયેલો ખરો.

ગુજરાતમાં એવા કોઈ મુસ્લિમ ફકીરો કે ઓલિયાના એ પરિચયમાં કે સત્સંગમાં આવ્યા હોય એવું જાણમાં તો નથી.

## ભગવાનનો અનુભવ એક જ જન્મમાં થવો દુર્ઘટ છે

સાધનાની પરિપૂર્ણતા કદી કાળ કોઈ એક જ જન્મમાં ભાગ્યે જ કોઈની થઈ જાય. આગલા જન્મોમાં એ સાધના જે આપણે કર્યા કરી હોય તેની અસર હાલના જીવનમાં પણ પ્રગટે છે ખરી. દા.ત., ધ્રુવ, પ્રહ્લાદ, રામકૃષ્ણ, શ્રીઅરવિંદ, રમણ મહર્ષિ કે આનંદમયી માતાજી વગેરે જે તે બધાં આજના હાલના આ કાળમાં હજુ જીવતાં છે, તેઓએ આ જીવનમાં અનુભવ પ્રત્યક્ષ ચેતનનો કર્યો. તે આ જ જન્મની એમની મથામણ હતી એવું કશું નક્કી ન કહી શકાય. આગલા જન્મનો પણ એમાં એમનો પ્રયત્ન રહેલો હોય એમ પણ બને. અને આ જન્મનો પણ. એ શક્ય છે કે બની શકે, પણ એવી જીવતીજાગતી એ જ્વાળામુખીના સમી અખંડ પ્રવર્તતી એકધારી જીવંત એવી જિજ્ઞાસા જો આપણને પ્રગટેલી હોય અને એ પળેપળ

એવી જિજ્ઞાસા આપણા આધારમાં કામ કર્યાં કરતી હોય તો આ જન્મે પણ એવું શક્ય છે. બની શકે. જરૂર બની શકે.

પણ આ એક પરંપરા છે. જે કાંઈ આપણે આ જગતમાં જોઈએ છીએ. દા.ત., ઝાડ જોયું. તો એ ઝાડની પહેલાંની પણ પરંપરા છે. અને પછીયે પણ પરંપરા છે. એનાં રૂપ પણ બદલાય છે, વેશ પણ બદલાય છે. ત્યારે એક પરંપરા છે. એ તો આપણી બુદ્ધિ સ્વીકારે એવી હકીકત છે.

ત્યારે એવી જ રીતે કોઈ કર્મની સંપૂર્ણપણે પરિપૂર્ણતા જે ઉદ્‌ભવે છે એની પાછળની કોઈ પરંપરા છે. એવી રીતે જો વિચારીએ તો એક હાલનો આપણો જન્મ એની પાછળેય પરંપરા છે. એની પછી પણ પરંપરા છે.

આ રીતે જો આપણે મૂળથી વિચારીએ તો આ જે આધ્યાત્મિક અનુભવ થાય છે એની પાછળેય પરંપરા છે અને એની આગળ પણ પરંપરા છે. અને આ જ્ઞાનના કે અનુભવના પ્રદેશમાં કોઈ સીમા જ આવી જાય છે, કોઈ મર્યાદા આવી જાય છે, અંત આવી જાય છે, એવું કશું **મોટા** માનતા નથી. એ તો કહે અનંતનો માર્ગ છે ભઈ આ. એને કોઈ મર્યાદા કે અંત હોઈ શકે નહિ. એવી એમની સમજણ છે. અને દ્વંદ્વાતીત કે ગુણાતીત થયા પછી કોઈ પ્રયત્ન કરવાનો રહેતો નથી. સહજનો માર્ગ એ છે. અને તેમ છતાંય સતત અનેક પ્રદેશમાં, અનેક જીવનના ચેતનના અનેક પાસાંઓ, અનેક કળાઓ, અનેક સૌંદર્યોમાં અંદર એનો વિકાસ સહજમેળે એનો થયા કરતો હોય છે. અને અનુભવનો કદી અંત નથી, પણ એની આગળેય પરંપરા છે અને પાછળેય પરંપરા છે.

આ રીતે જો સમજીએ તો આ ચેતનનો સંપૂર્ણ અનુભવ થવાને માટે આ એક જ જન્મમાં શક્યતા ઓછી હોય છે. ઓછામાં ઓછી હોય છે ખરી.

## ભગવાનના માર્ગમાં ઘણી ચડઊતર છે

આ જે કોઈ જીવ સતત પ્રેમભક્તિથી, ધ્યેયના હેતુના જ્ઞાનભાન સાથે પડ્યો હોય અને એમ સાધના એની થતાં થતાં એ સાધના પ્રત્યેક જીવની કોઈ સીધી સાદી એકધારી, એક જ રીતે ચડતીની દશામાં થયા જ કરતી હોય છે એમ નથી. એની અંદર જેમ પર્વતોનાં શિખરો આવે તેમ ઘણી ખીણો પણ આવે છે અને એ ખીણમાં જ્યારે સાધક પડી જાય, ત્યારે તેની જે તીવ્રતા છે, હેતુની સભાનતા, ધ્યેયની— હેતુની સભાનતા, એના ધ્યેયના હેતુની જે સભાનતામાં તીવ્રતા અને જે ગાઢતા છે, તે વેગ ઘટી જાય છે, ખીણમાં પડે છે ત્યારે અને એ સભાનતા જ્યારે મોળી પડી જાય, ત્યાર પછી એ સાંસારિક રસમાં પણ ડૂબી જાય. અને એ રસમાં ડૂબી જાય ત્યારે એ જાતનાં કર્મમાં એ પડી જાય. એવી રીતે તો કેટલીકવાર કેટલાય જન્મમાં એમાં ને એમાં પડી જાય.

**મોટા** એમ પણ કહે છે, એમને કહેતા મેં સાંભળ્યા છે કે કોઈક જન્મનો એમનો ગુરુ તે આજે સંસારમાં એક જન્મેલો છે અને એ સંસારી જ છે. આજે તો એને ઈશ્વર પરત્વેની જીવતીજાગતી અભિમુખતા પ્રગટેલી નથી, પણ હોશિયાર છે. એની સમજણ ઊંચા પ્રકારની છે.

અને આ રીતે એ ગુણમાં કંઈક બીજા બધા સામાન્ય જીવો કરતાં Relatively એટલે કે સરખામણીની રીતે કાંઈક સારો ગણાય ખરો. થોડી ભાવના પણ ખરી, પણ એ ભગવાન પરત્વે પ્રેમભક્તિભાવવાળો જાગી ગયેલો છે એમ નહિ કહી શકાય.

એટલે ભગવાનને માર્ગે વળેલા હોય તેવા પણ આવી રીતે કેટલીયવાર એ છેક અનુભવના ગૌરીશંકરના શિખરે પહોંચતાં પહોંચતાં કેટલીયવાર આવી રીતે ખીણોની અંદરથી એમને પસાર થવું પડે છે.

પણ એમણે કરેલો જે અનુભવ થયેલો છે, એ નકામો જતો નથી. એ તો કોઈક કાળે પાછો ફૂટી નીકળે ત્યારે એટલો

જ્વાળામુખીના જેવો ફૂટી નીકળીને એ પાછા ઉચ્ચ શિખર પર લઈ જવામાં અથવા તો પહોંચી જવામાં એને વાર લાગતી નથી. દા.ત., કોઈક શ્રેયાર્થી ભગવાનની સાધનામાં પડ્યો હોય અને અગિયારમી કે બારમી ભૂમિકામાં પહોંચ્યો હોય, પણ ત્યાંથી એને પતન થવાની શક્યતા છે. બારમી, અગિયારમી ભૂમિકા આવે, વટાવી અધવચ, બારમી ભૂમિકાની અધવચ સુધી પણ જો વટાવી ગયો ન હોય ત્યાં સુધી એવા શ્રેયાર્થીને પતનની શક્યતા છે. અને એ પડે તો એ પહેલી ભૂમિકામાં આવી જાય.

આપણે બધાં તો ચોથી, પાંચમી ભૂમિકામાં હોઈએ પણ એ તો પહેલી ભૂમિકામાં આવે, પણ એને પહેલી ભૂમિકા આવી જાય તો એને જાગ્રત થતાં વાર નથી લાગતી. અને જાગ્રત થયો કે જાગ્રતિની સભાનતા એને પ્રગટી એટલે પાછો હતો ત્યાં ને ત્યાં અગિયારમી કે બારમી ભૂમિકામાં જ આવી જાય. એને એ ભૂમિકામાં પહોંચવાને માટે કાંઈ ભારે તપશ્ચર્યા કે સાધના કરવાની એને જરૂર રહેતી નથી. ત્યાં જ એ આવી જાય.

પણ એક જ જન્મમાં એકધારી સાધના કરીને અનુભવમાં, ચેતનના અનુભવમાં ગૌરીશંકરના શિખરે પહોંચી જાય એવું તો બનતું નથી. અને જેની બાબતમાં એમ બને છે તે પણ એની પાછળ કોઈ પરંપરા છે. અને એની આગળ પણ એવી પરંપરા હોવાની જ. ભલે એ ચેતનના અનુભવનાં ક્ષેત્રમાં છે.

**અને આપણે ત્યાં જે સમજણ છે કે અનુભવ થયો એનો મોક્ષ. એટલે મોક્ષ એટલે પછી એને જન્મ નહિ એ સમજણ *મોટાને* તો બરોબર લાગતી નથી. અને મોક્ષ એટલે તો દ્વંદ્વાતીત કે ગુણાતીત. દ્વંદ્વ અને ગુણમાંથી પ્રકૃતિના પાશમાંથી પ્રકૃતિ પણ બે પ્રકારની. અપરા અને પરા, એ બન્નેથી મુક્ત. તેમ છતાં એવો મુક્ત અનુભવીને પણ એનું માધ્યમ તો પ્રકૃતિ જ રહેવાની, પણ એનું જે માધ્યમ પ્રકૃતિ છે આપણા જેવા, મારા તમારા જેવા સંસારી જીવના જેવી પ્રકૃતિ એની હોતી નથી.**

## ભગવાનના સ્મરણ તરફ વળવાનું કારણ—ફેફરુંનો રોગ

**મોટા**ને કોકે એમ પૂછ્યું કે તમે તમારા સાધનાકાળમાં ભગવાનનું નામસ્મરણ કેવી રીતે કરતા હતા ?

**મોટા**ને ભગવાનનું નામ લેવાને આપમેળે એની મેળે કાંઈ ઊગેલું ન હતું. **મોટા**ના શરીરને એક પ્રકારનો રોગ થયેલો. જેને ફેફરું કહેવાય. એ ફેફરાનો રોગ એવો ભયંકર થયેલો કે દિવસમાં સાતઆઠ વાર તો એમને એ રોગનો હુમલો આવતો. અને ઘણી વખતે આ હરિજન સેવક સંઘના સેવાનાં કામમાં હતા, ત્યારે એ એમનો આશ્રમ હતો તે જ બધાંને રસ્તે જતાં.... ની પેલી બાજુએ રામતલાવડી પર એક આશ્રમનો બંગલો હતો. ત્યાં એ રહેતા ને ત્યાંથી છેક ગામ નડિયાદ ગામ વીંધીને મરીડા ભાગોળે તેમાં હરિજનોમાં એ કામકાજ કરવાને માટે સાઇકલ ઉપર જતા.

ત્યારે એ સાઇકલ ઉપરથી પણ ઘણી વાર પડી જતા. અને કેટલીય વાર એ બૅંકમાંથી કેટલા બધા રૂપિયા લઈને પણ જતા હોય, ત્યારે પણ એ એટલી બધી મોટી રકમ ગજવામાં હોવા છતાં એમને આવું ફેફરું આવતું ને પડી જતા અને ઘણું વાગતું, પણ એ બધી વખતે ભગવાને એમને સાચવેલા. તે આજે **મોટા**ને એવું લાગે છે, પણ ત્યારે નહિ લાગેલું. પણ કોઈ વખતે ગજવામાંથી કોઈ રકમ ગયેલી નહિ અને રસ્તામાં જ પડી જતા. અને જ્યારે એમને ભાન આવતું ત્યારે ઘણા માણસો ભેગા થઈને ટોળે વળી ગયેલા હતા ખરા. **મોટા**ને ત્યારે કોઈ સારવારેય કરતા. કોઈ ડુંગળી કાપીને સુંઘાડતા. કોઈ કંઈક કરતા. કોઈ જોડો સુંઘાડતા. એવું પણ કરતા.

ત્યારે આવો રોગ મટાડવાની એમને મરજી ઘણી હતી. ઉત્કટ તીવ્રતા હતી. અને એટલે આ લાચારીને લીધે શરીરને પાડી નાખવાને માટે એક તો નર્મદામાં એમણે તો ભૂસકો પણ મારેલો. પણ એમાંથી એ ઊગરી ગયેલા. અને ત્યાર પછી કોઈક સાધુએ એમને એમ કહ્યું કે ભઈ, તું આ ભગવાનનું નામ લે, તો તારો

રોગ મટી જશે. ત્યારે પણ **મોટા**ને આ કાંઈ ગળે બહુ ઊતરેલું નહિ. કે ભઈ, તમે મને કોઈક જડીબુટ્ટી આપી હોત તો હું એમ સમજત કે આ સાધુ જંગલમાં રહેતા છે ને આ કંઈ જડીબુટ્ટીનું એમને જ્ઞાન હશે, તો એ જડીબુટ્ટીને લેવામાં મને વધારે શ્રદ્ધા હોત, પણ આ નામથી ભગવાનના સ્મરણથી, એનું નામ લેવાથી રોગ મટે એ તો કંઈ ગળે ઊતરે એવી વાત નથી.

પછી સાધુએ કહ્યું અલ્યા ભઈ, તું લઈ તો જો. અને ના મટે ત્યાર પછી તું એમ કહે, કે ભઈ બરોબર છે. પછી તો **મોટા**ને તો આ રોગ મટાડવાની ઘણી ગરજ. રોગ મટાડવાને એમને મોટામાં મોટો સ્વાર્થ હતો. એટલે આ રોગ મટાડવાને માટે એ ભગવાનનું નામ લેતા થયા. અને એમાં એમને ઘણી લગની પણ હતી. રોગને મટાડવાની પણ લગની હતી. એટલે જેટલું વધારે લેવાય એટલું, પણ એમાં પણ એમણે ધ્યેયની યોજના કરેલી.

શરૂઆત એમણે એક અઠવાડિયામાં રોજ અઢી કલાક લેવું. ભગવાનનું નામ ઓછામાં ઓછું તો લેવું, લેવું ને લેવું જ. એટલે એ હરતાં-ફરતાં ખાતાં-પીતાં ગમે તેમ કરીને અઢી કલાક તો એમને સહેજે લેવાયા જતું. તે ઉપરાંત, પણ એ વધારે લેતા. પણ રોજના અઢી કલાક તો ખરા, ખરા ને ખરા જ. અને દરેક અઠવાડિયે પછી એમ ધીરે ધીરે વધારતા ગયેલા. અને સતત હાલતાં-ચાલતાં, ફરતાં કરતાં બસ એ કર્યાં કરતા. અને ત્યાર પછી એમને આ ગુરુમહારાજ કોક મળ્યા. અને ત્યાર પછી એમણે અભય, નમ્રતા, મૌન ને એકાંત અને એ સાથેસાથે ભજનકીર્તન, સત્સંગ આ બધું કરવાનું કહ્યું. તે આ જે ગુણ અભય, નમ્રતા, મૌન ને એકાંત તે એની પણ ખૂબી છે. કે અભય ને નમ્રતા એ આપણી અંદર અભિમુખતા પ્રગટાવવાને મોટામાં મોટું સાધન છે. અભય ને નમ્રતા. અને જ્યારે મૌન અને એકાંત એ આપણું બહિર્મુખપણું ઘટાડે છે. **અને અભિમુખતા પ્રગટાવવા માટેનાં પણ એ એક બહિરંગ સાધન છે. જ્યારે અભય ને નમ્રતા એ તો સીધેસીધા આપણને આપણામાં**

**અંતર્મુખતા પ્રગટાવવાનાં સાધન છે.** અને જેમ જેમ અભય વિશેષ ને વિશેષ કેળવાતો જાય અને જેમ આપણી નમ્રતા વધારે ને વધારે છેક એના નીચલામાં નીચલા છેડાના શૂન્યતાની હદ સુધી પહોંચી જાય, ત્યારે આપણે જ્ઞાનના પ્રદેશમાં આપમેળે પ્રગટતાં જઈએ છીએ તેવું **મોટા**નું કથન છે.

એટલે શરૂઆતમાં એમને ભગવાનનું નામ લેવાનું કંઈ ઊગ્યું ન હતું. એ તો એમના શરીરને ફેફરું થયેલો એટલે ફેફરાનો રોગ મટાડવાને એમને ઘણી ઘણી તમન્ના હતી. અને એ તમન્નાને કારણે આ ભગવાનનું નામ લેવાનું કોઈ સાધુ-મહાત્માએ એમને બતાવ્યું અને એ કારણે એ ભગવાનનું નામ લેવા લાગ્યા. અને શરૂઆતમાં એ અઠવાડિયાના અઢી કલાક. પછી દરેક અઠવાડિયે વધારતાં, વધારતાં ગયેલા અને એમ આખરે એ અખંડ બોદાલ આશ્રમમાં થયું. બોદાલ આશ્રમના મકાનનું ઉદ્‌ઘાટન સરદાર વલ્લભભાઈ પટેલના હાથે થવાનું હતું. ત્યારે ઘણા હજારો માણસો ત્યાં એકઠાં થયેલાં. ત્યારે બધા હરિજન સેવક સંઘના બધા કાર્યકર્તા ઠક્કરબાપા વગેરે પણ હતા. અને ત્યારે **મોટા** હંમેશાં એકાંતમાં સૂતા હોવાથી, ત્યારે દૂર આશ્રમથી ઘણે દૂર આગળ જઈને એક ખેતરમાં ઝાડ તળે સૂતા હતા. ત્યારે ઠક્કરબાપાને રાત્રે લાગ્યું કે આ બધી ગિરદીમાં ક્યાં સૂવું ? ચાલોને પેલો ભગત એકાંતમાં સૂતો હશે, ત્યાં પણ આપણે જઈએ એટલે એક બાજુએ ઠક્કરબાપા સૂતા અને બીજી બાજુએ શ્રીકાંત શેઠ. જે હાલ પણ જીવે છે અને વચ્ચે **મોટા**. ત્યાં એમને સાપ કરડ્યો.

ત્યારે એ સાપનું ઝેર **મોટા**ને મારી નાખવાનો પ્રયત્ન કરે. અને **મોટા**ને ત્યારે લાગેલું કે હજુ મારો ધ્યેય તો મેં પ્રત્યક્ષ જીવનમાં કર્યો નથી. અને ધ્યેય હાંસલ ના થાય ત્યાં સુધી મરવું નથી એવો એમનો મરણિયો દૃઢ નિશ્ચય હતો. અને એ નિશ્ચય એમણે ભગવાનનું સતત, એકધારું નામ લેવામાં વાપર્યો. અને એક બાજુથી આવું ભયંકર વિષ એમને બેભાન બનાવી દે. એટલું

જ નહિ પણ એટલી ભયંકર વેદના એમના મગજમાં અને આખા શરીરમાં પ્રગટી હતી. એ તો તે બાબતમાં જે અનુભવી હોય તે જ પ્રીછી શકે.

એવી વેદના વખતે કોઈક એક ક્ષણે એમને બેભાન થઈ જવાની પળ આવે, ત્યારે એ જોરજોરથી ભગવાનનું સ્મરણ કરતા અને મોટેથી બોલતા. ઘણાં બધાં એમને પૂછતા હતા પણ કોઈ જાતનો એ ઉત્તર આપતા નહિ. અને આ પ્રસંગના જાણકાર અથવા તો ઘણા બધા આ હરિજનના તે વખતના કાર્યકર્તાઓ હાલ જે જીવે છે તે આ હકીકત તો જાણે છે.

એવા એ સંગ્રામમાં એમને જે ભગવાનનું નામ લેવાયું, તે સંગ્રામમાં એમણે સતત એકધારો જબરજસ્ત સંગ્રામ જે આપ્યો, એ સંગ્રામથી કરીને એમનું સ્મરણ અખંડ થયું.

અને ત્યાર પછી અખંડ સ્મરણમાંથી ભાવના પ્રગટી. સ્મરણની અખંડતા અને સ્મરણ થતાં થતાં પણ ભાવ પ્રગટે છે, પણ અખંડ સ્મરણ થયા પછી ભાવનાની અખંડતાનો પ્રદેશ આવે છે. એ ભાવનાની અખંડતામાં પાછા જુદા જુદા પ્રદેશો છે. તે ભાવનાની ઉત્તમમાં ઉત્તમ ગૌરીશંકરના શિખરે પહોંચતા હોઈએ એવી ગાઢતા પ્રકટે અને એ ભાવના પણ અખંડ થાય. ત્યારે આ સ્મરણ અને ભાવનાની આવા પ્રકારની અખંડતા જ્યારે પ્રગટે છે, ત્યારે જ આ બધા જે Process of sublimation begins અને વિકાસ થવાની પ્રક્રિયા જામે છે. આ **મોટા**ના સ્મરણનો ઇતિહાસ છે.

## જીવનમાં નિષ્ફળ ગયેલા—નિરાશા પામેલાઓ આધ્યાત્મિક જીવન તરફ પ્રગતિ કરે છે ?

**જિજ્ઞાસુ :** આધ્યાત્મિક જીવન તરફ માણસનું વલણ સામાન્ય રીતે જીવનમાં નિષ્ફળ ગયેલા માણસોને હોય છે. આ બરોબર છે ? કહે છે કે Frustration-(નિરાશા)ને લઈને હોય છે ને એમ જો વધેલા હોય તો તેઓ કેટલા આગળ વધી શકે ?

**શ્રીમોટા :** ભાઈ રતિલાલ બહાદુરે આ પ્રશ્ન પૂછ્યો. મારી તો એમને એટલી વિનંતી છે કે ભઈ, જરા બુદ્ધિથી વિચાર કરો, કે જે માણસ કે એક સામાન્ય Frustration-નિરાશા છે. એ નિરાશાનાં વલણોમાં જે ડૂબી જતો હોય છે તેવો માણસ આવો જે નામર્દ છે, તે આ ભગવાનના માર્ગ ઉપર જ્યાં હજારો વાર આપણે ન્યોછાવર થઈ જવું પડશે. હજારો વાર લાખો વાર સમર્પણ થઈ જઈને હથેળીમાં માથું મૂકીને ત્યાં એ રસ્તે જવાનું છે. એવાં પરાક્રમભર્યાં અનેક બલિદાનોથી, બલિદાનની ગાથાઓ જેમાં ભક્તિરસથી કરીને છલકાઈ ગયેલી છે. એવા માર્ગ ઉપર આવો માણસ તે કેવી રીતે ચડી શકે ? એનો તો જરા બુદ્ધિથી વિચાર કરો. પ્રશ્ન પૂછતાં પહેલાં આ તો વિચારી જુઓ કે આ ભગવાનનો માર્ગ જીવનના ઉન્નત, દિવ્યતમ માર્ગ ઉપર ચઢવાને માટે કેવા ગુણોની જરૂરિયાત છે, કેવા ભાવની જરૂરિયાત છે, એ તો જરા બુદ્ધિથી ભાઈ વિચાર કરો.

જે આવા સામાન્ય જગતના બનાવોથી પાછો હઠી જાય છે, પાછો પડી જાય છે અને જે નિરાશાના ગર્તમાં ખાડામાં ગળી જાય છે, એવા માણસની કોઈ તાકાત નથી. અને સામાન્ય રીતે આવા ભક્ત લોકોના જીવનમાં આવા કોઈ પ્રસંગો બને છે, પણ એવા પ્રસંગમાં પણ જુઓ તો એની પાછળના ઇતિહાસમાં એનું હાલનું જીવન એવા ભક્તનું જે છે એમાં પણ એના જીવનમાં એના ગુણનાં કેવાં દર્શન થતાં હોય છે એનો પણ ઇતિહાસ સમજી લેવા જેવો હોય છે.

દા.ત., બિલ્વમંગળ કે સુરદાસ એની વાત જોઈએ. તો પેલી બાઈને ત્યાં રાત્રે જવાને કેવી ભયંકર રાત્રિમાં અને કેવાં સાહસો એને માટે પણ એ ભોગવે છે તેનો ઇતિહાસ પણ જો કોઈ આપણે સમજીએ તો સમજવા જેવો છે.

એટલે આવા માર્ગે જનારા કોકનો જ એવો નિરાશાવાળો દાખલો આપણે ટાંકીએ તે બરાબર નથી. એની પાછળ એનો કોઈ

ભવ્ય ઈતિહાસ—ગુણનો ભવ્ય ઈતિહાસ છે. એ જો આપણે સમજીએ તો આમાં કાંઈ વિશેષ કશું પૂછવા જેવો સવાલ રહેતો નથી.

## મહાત્મા ગાંધીજીના જીવનની અસર સામાન્ય જનસમાજ ઉપર ને *મોટા* ઉપર

મહાત્માજીના જીવનની અસર આપણા હિંદુસ્તાનના પ્રત્યેક નવયુવાન ઉપર થયેલી જ છે. એમના દિલમાં જ્વાળામુખીના સમી જે એક ધગધગતી ભાવના હતી. એવી જે ભાવના છે તે ભાવનામાં પોતાના જીવનનું ધ્યેયનું જે કેંદ્રિત થવાપણું પ્રગટેલું છે. એવી ભાવના તે ભલે એક જ માનવીના હૃદયમાં જીવતીજાગતી હોય, પરંતુ આવી જે ભાવના છે, તે બહાર પણ એની અસર પાડ્યા સિવાય રહી શકતી નથી.

જેવી રીતે ચૈતન્ય મહાપ્રભુ જે ભજન ગાતાં ગાતાં જતા હતા, જતા હોય ત્યારે એમની પાછળ જે પ્રચંડ ટોળું, ઘણું મોટું ટોળું વળેલું હોય, એ ટોળાંમાં પણ એમના ભજનના ભાવની અસર થતી ને બધા લોકો નાચવા મંડી પડતા. તે ઈતિહાસની પ્રસિદ્ધ સિદ્ધ હકીકત છે. એવી રીતે મહાત્મા ગાંધીજીના દિલમાં એક જે પ્રચંડ જ્વાળામુખીના જેવી ધગધગતી ભાવના હતી. હિંદુસ્તાનને સ્વરાજ અપાવવા માટેની. એવી એમના હૃદયમાં એકાગ્રતાથી કેંદ્રિત થયેલી હતી. એ ભાવનાની અસર સમાજ ઉપર થયા વગર રહેતી નથી અને શરૂઆતના દિવસોમાં જ્યારે કૉલેજમાં **મોટા** ભણતા ત્યારે એ એમનો જીવનનો આખો હેતુ કોઈ જુદા પ્રકારનો હતો. **મોટા**એ એમના કોઈક એવા સ્વજન પરના લખેલા કાગળમાં લખેલું છે, કે એમની ગરીબાઈમાં જે અપમાન થયેલાં અને એમના પિતાને પોલીસોએ માર માર્યો હતો. તે વખતે એમના દિલમાં ઊગી ગયું હતું, કે આપણે એક એવા પ્રકારનું જીવન જીવવું કે જેથી સૌ આપણને સલામ કરતા, નમતા આવે અને એમને એ માટે એક યોજનાબદ્ધ પોતાના જીવનનો વિકાસ કેવી રીતે કરવો અને કેવી

રીતે સરકારી અમલદાર—મામલતદારની જગા મેળવવી અને એને માટેની એક Planning હેતુપૂર્વકની યોજના પણ ઘડી રાખેલી ને તે પ્રમાણે જ તેઓ પોતાનું જીવન ત્યારે જીવતા હતા, અને કૉલેજ કરી. એમાં મહાત્મા ગાંધીજીએ હાકલ કરી, ત્યારે એમાં જે પંજાબના જલિયાંનવાલા બાગના પછી પંજાબના લોકોને જે ત્રાસ આપવામાં આવ્યો. જે ભયંકર અપમાન કરવામાં આવ્યાં, એ અપમાનથી **મોટા**નું દિલ જાગી ઊઠ્યું અને એના વડે કરીને એમણે કૉલેજ છોડી.

પરંતુ એ ઉપરાંત પણ ગાંધીજીના જીવનમાં જે એક હિમાલયના જેવો એક નક્કર નિશ્ચય હતો અને જે ધારે તેને પાર પાડવાને માટે યાહોમ કરીને, ફના થઈ જઈને, સર્વસ્વપણે સમર્પણ કરી દઈને પોતાના ધ્યેયને માટે વારી વારી જઈને જે ઉત્સાહ એમના જીવનમાં પ્રગટેલો **મોટા**એ અનુભવ્યો. એ જ પોતે પોતાના જીવનમાં એમણે ઉતારેલું છે.

પણ એ માત્ર મહાત્મા ગાંધીજીના જ લીધે છે એવું કાંઈ નથી. એવું કાંઈ ન હતું, પરંતુ **મોટા**એ જે જીવનનું ધ્યેય પોતે હૃદયથી, ભાવનાથી ચેતાવ્યું અને એ ધ્યેયને સાકાર કરવાને માટે પોતાના જીવનને ન્યોછાવર કરી દઈને ફના થઈ જઈને સર્વ ભાવે, સર્વ રીતે સમર્પણની ભાવનાથી ધ્યેયની આરપાર જવાને માટે જે એક મરણિયો નિર્ધાર એમના જીવનમાં જે પ્રગટ્યો, એના મૂળ કારણમાં ગાંધીજી જ છે એવું કાંઈ નથી.

ગાંધીજીની ભાવનાએ એમને અસર કરી છે એ વાત સાચી, પરંતુ એમની જે ભણતરના કાળમાં અથવા તો ભણતર કરવાનું એમણે માથે લીધું, ત્યારે એમના જીવનનો જે એક રચનાબદ્ધ જીવનના ધ્યેયનો જે હેતુ હતો. તે હેતુ પછીથી આગળ પાછળના વખતમાં ફરી ગયો. અને તે ભગવાન પરત્વેની અભિમુખતા તરફ વિશેષ ને વિશેષ જાગ્રત થતો ગયો. નવપલ્લવિત થતો ગયો. અને એમાંથી એ આકાર લેવાવાને માટે એ વધારે ને વધારે એમાં પ્રવૃત્ત થતા ગયા.

એમાં ગાંધીજીની અસર એમને છેક ન હતી એમ નહિ. શરૂઆતના ગાળામાં એ કૉલેજમાં ભણતા, ત્યારે ગરીબોને જે અપમાન થયાં કરતાં હતાં તે અપમાનની ભાવના, તે અપમાન જે થયેલાં અને જલિયાંનવાલા બાગ પછી એમણે જે જુલમ આપણી પ્રજા ઉપર ગુજાર્યો તે હકીકત **મોટા**ના જીવનને બહુ સ્પર્શી ગઈ. અને એના વડે કરીને એમણે જે પોતાનો ધ્યેય ને હેતુ નક્કી કરેલો, તેને પણ એમણે તિલાંજલિ આપી દીધી. અને એમાં ઝુકાવ્યું ત્યારે એમના જીવનની ધગશ હતી, સ્વરાજ મેળવવા પરત્વેની. અને એ સ્વરાજને માટે પણ જીવનને ફના કરી દેવા માટેની એમની ત્યારે એટલી જ તત્પરતા હતી, પરંતુ એ ધ્યેય પણ પાછળથી બદલાઈ ગયું અને એ ધ્યેય માત્ર પછી એક ભગવાન માટે જ. અને ભગવાનને માટે જ આ જીવન છે અને ભગવાનને માટે જ હવે જીવવું છે, એવો એમને અડગ નિશ્ચય થઈ ગયો. અને આ નિશ્ચયમાં ગાંધીજીની ભાવના ત્યારે કાંઈ પ્રવર્તેલી ન હતી.

## ભગવાનનો અનુભવ પામેલા શરીરધારી મહાત્માઓના મિલન વિશે

કોક એવા ચેતનામાં અનુભવથી સિદ્ધ થયેલા એવા શરીરધારી આત્માઓ અચાનક આપણને મળી આવે છે, એવું દરેકના જીવનમાં બનતું હોતું નથી. અને જે મળી આવે છે એની પાછળ કોઈ હેતુની યોગ્યતાવાળી પરંપરા હોય છે એ વાત સાચી છે, પરંતુ જે તે બધું ભવિષ્ય-ભૂતકાળ ઉપર જ આપણે નાખી દઈએ, પ્રારબ્ધની જ વાત કરીએ એ બરાબર નથી, કારણ કે પ્રારબ્ધને આપણે જાણતાં નથી. હાલના જીવનને વર્તમાનને આપણે જાણીએ છીએ. એટલે વર્તમાન ઉપર જ વિશેષ ઝોક રાખવો.

મહાત્મા પુરુષ કોક એવા મળી જાય. એવા તો ઘણાને મળે છે. દા.ત., વિચારો કે આપણા દેશમાં આનંદમયીમૈયા છે, પછી આ રમણ મહર્ષિ છે, શ્રીઅરવિંદ છે. એવા કેટલાંયે મહાત્મા પુરુષો જીવંત છે અને કેટલાં બધાં લોકો એમનાં દર્શને ગયેલાં છે.

તેમાંથી ભગવાનને માર્ગે પોતાના જીવનનાં દિવ્યતમ ક્ષેત્રોમાં વિકાસ કરવાને માટે કેટકેટલાની ધગધગતી તમન્ના પ્રગટી છે ને ઉત્કૃષ્ટપણે એ માર્ગમાં કેટલા પરોવાયેલા છે ? આંગળીએ ગણીએ, નગણ્ય, આંગળીએ પણ ન ગણાય એટલા થોડાક જીવો હશે. ભાગ્યે જ કોક. Microscopic creative minority. બહુ જ થોડા એમાંથી તો લાભ લે છે.

એટલે જેના જીવનમાં પોતાના ધ્યેય પરત્વેનાં થનગનાટભર્યો ઉત્સાહ, ધીરજ આવા કોઈક આદર્શને સાકાર કરવાને માટે કોક ભવ્ય એવો તલસાટ ઊંડામાં ઊંડો જાગેલો જેને છે નહિ એવા માણસોને મહાત્મા મળે તોય શું ને ન મળે તોય શું ? એનાથી એના જીવનનો કશો શુક્કરવાર વળતો નથી. એઓનો લાભ તમે કેવી રીતે ઉઠાવો છો એના પર બધો આધાર છે. આપણે ઉઠાવી શકીએ એવાં છીએ અને કેટલા પ્રમાણમાં એવાં છીએ એના ઉપર બધો આધાર છે.

## ભગવાનના અનુભવી—ચેતનાનિષ્ઠ શરીરધારી સંતના સમાગમની અસર વિશે

... મગજ સાહેબ બહેર મારી ગયેલું. મગજ છટકી ગયેલું. એને ખબર કે મારી પાસે પાંચસાત લાખ રૂપિયાની મિલકત છે, પણ કંઈ કશો એ એનો ઉપયોગ ના કરી શકે અને સભાનતા નહિ ને કંઈ જ કશું એને એ મિલકતની એટલી બધી શક્તિ હોવા છતાં એનું એને ભાન પણ ન હતું. પછી કેવી રીતે એનો ઉપયોગ કરી શકે ? કોઈક વખતે એ બિચારા ભાનમાં આવી જતા ત્યારે મને વાત પણ કરતા. ત્યારે હું તેમના છોકરાંઓને ભણાવવા જતો, ત્યારે આ બધી હકીકતની મને ખબર.

ત્યારે ઓચિંતા ધારો કે કોઈ મળી ગયા, પણ આપણા હૃદયમાં એને માટેની કોઈ પૂર્વ તૈયારી કે આ જન્મની તૈયારી કે કોઈક

એવો મસાલો તૈયાર જો ન હોય તો આપણે એમનો કોઈ પ્રકારનો ઉપયોગ કરી શકવાનાં નથી.

અને દા.ત., આ કેટલા બધા માણસો એવા માણસોની પાસે— એવા આત્માઓ—શરીરધારી આત્માઓની પાસે જતા હોય છે એનો તો વિચાર કરો. કેટલા બધા! હજારો માણસો જતા હોય છે. એમાં કોઈક જ—કોઈક જવલ્લે જ એવો એની પ્રસાદીને સ્વીકારીને તે તમન્નાને આગ પ્રગટાવીને એમાં જે દાવાનળ પ્રકટે છે એના હૃદયમાં અને એનાથી કરીને એ જે જીવનનાં ઉચ્ચતર ક્ષેત્રોમાં, ઉન્નતમ ક્ષેત્રોએ ચડવાને માટે એક ભગીરથ પ્રયત્ન કરી રહેલો હોય છે. એવા તો કોઈક જવલ્લે જ હોય છે.

સામાન્ય માણસોને એવા મહાત્માઓની અસર નથી એમ મારું નથી કહેવું, પરંતુ એવી અસર પણ ભલે આપણે જીવદશામાં રહ્યા કરતાં હોઈએ, તોપણ જો જીવનને સાઠ વર્ષ આપણે ધારો કે જીવ્યાં તો વીસ વર્ષ સુધી કે પચીસ વર્ષ સુધીના એની સમગ્રતાથી સમગ્રતામાં જો એટલો વખત આપણે એના સમાગમમાં જીવદશાથી– જીવદશાવાળાં હોવા છતાં પણ જો આપણે રહ્યા કર્યા તો એની અસર છે ખરી.

એ અસર પછી કાંઈ કશાથી નાબૂદ થઈ શકે એવી નથી. એમ તો આ આપણા હાલના જીવદશાવાળા જીવનમાં પણ વૃત્તિઓની અસર છે—વૃત્તિઓના પડેલા સંસ્કારો એ પાછા ઉદયવર્તમાન થાય ત્યારે ભોગવવા જ પડે. તો આવા પુરુષોની શક્તિની અસર આપણને ન થાય એમ તો બની જ કેમ શકે ?

પરંતુ તમે એકાદ વખત પાંચ મિનિટને માટે કે બે મિનિટના માટે દર્શન કરી આવ્યાં તેથી કાંઈ કશું વળે નહિ. એની સોબત ઘણા લાંબા ગાળા સુધી તમારા જીવનમાં જો પ્રવર્તેલી રહી હોય, ભલેને પછી આપણે જીવદશાવાળાં કે હાલ છીએ સંસારી કામ, ક્રોધ, લોભાદિકમાં ભળેલાં હોવાં છતાં, જો એની અસરમાં ઘણાં

લાંબાં વર્ષો સુધી, જો આપણે ટક્યાં તો એવી અસર આપણા કલ્યાણને કરનારી છે. એ વિશે મારા મનમાં બેમત નથી.

## *મોટાનું* કાર્ય—સમાજમાં સુષુપ્ત પડેલા ભગવાનને જાગ્રત કરવાનું છે

**મોટા**ના જીવન કે તેમના કવન વિશે લખવાની હકીકત છે. તેમ છતાં પ્રયત્ન તો કર્યો જ છે. **મોટા**ના જીવનમાં અને જે વિશે કે તેઓ અનેક પ્રકારનાં પ્રકૃતિ અને સ્વભાવના માણસોની સાથે સંબંધમાં આવ્યા કરેલા છે. અને તેઓના દરેકની સાથે તેમનું વર્તન જુદા જુદા પ્રકારનું છે. કેટલા બધા માણસોની સાથે તેઓ જે સ્નેહથી, પ્રેમથી ને ભાવથી વર્ત્યા છે અને વિરોધીઓની સાથે પણ અને કેટલાય માણસો તેમની સાથે એક પ્રેમભાવની સાંકળથી જોડાઈ ગયેલા છે.

અલબત્ત, ભગવાનના પ્રેમને મેળવવાને માટે હજુ તેમને જીવનમાં લગની લાગી નથી એ વાત સાચી છે. ભગવાનના અનુભવને માટે જ જીવન્મુક્તની દશા અનુભવને માટે જ હજુ એ પ્રકારના જીવનમાં યાહોમ કરીને ઝંપલાવ્યું હોય તેવું તો કોઈ હજુ નીકળ્યું હોય એમ લાગતું નથી.

તેમ છતાં **મોટા**ને માટે કેટલાયે કેટલી કેટલી મહેતન ને જહેમત ઉઠાવ્યા કરી છે. એવા દાખલા તો ઘણા મળી આવે છે. **મોટા**નું કામ એક રીતે સમગ્ર ગુજરાતના સમાજનું કામ છે. સમાજ પરત્વે એમનો ભાવ, ભગવાનની ભક્તિ, ભગવાનનાં ચરણકમળમાં પુષ્પની જેમ કર્મને સમર્પણ કરવાં. એટલું જ નહિ પણ સમાજમાંનો ભગવાન સમાજમાં એક સમગ્ર સમાજના માનસમાં સુષુપ્ત પડી રહેલું ચેતન જાગ્રત થાય તે માટેનો **મોટા**નો આખાયે જીવનમાં આદછોપાતળો પ્રયત્ન છે. અને એવા પ્રયત્નમાં એમની સાથે કેટલાયે માણસોએ **મોટા**ને ઘણો સારો સાથ આપ્યો છે.

## *મોટા* કોઈની સાથે સંબંધ બાંધવા જતા નથી

**મોટા**ની એક ખૂબી તો એવી છે કે કોઈનીયે સાથે કોઈ દિવસ સંબંધ બાંધવા જતા નથી. કેટલાંય વર્ષોથી હું એમના સમાગમમાં છું. એમ કહોને કે સન ૧૯૩૮થી હું એમના નિકટમાં નિકટ સમાગમમાં છું. મેં જોયું છે કે કોઈનીયે સાથે આગવી રીતે સંબંધ બાંધવા કદી પણ ગયા નથી, પણ એકવાર કોઈ નિમિત્ત થાય ને કોઈ એમની સાથે સંબંધમાં આવ્યું.

આગળ મેં કહેલું કે હું સને ૧૯૩૮થી તેમના નજીકમાં નજીક સંબંધમાં છું. આગવી રીતે તો કોઈની સાથે સંબંધ બાંધવા ગયા નથી. આપમેળે કોઈ સંબંધમાં આવે છે, તે એમની સાથે એવી રીતે સંકળાઈને રહે છે કે **મોટા**નાં કામને તેઓ ઘણી મદદ આપતા રહ્યા છે, સાથ આપતા રહ્યા છે.

કેટલાંય ભાઈઓએ, બહેનોએ તો એટલો બધો સાથ આપ્યો છે કે આપણને તે જાણીને નવાઈ પણ લાગે. **મોટા**એ પાછલાં જીવનમાં જ્યારે મોટાંમાં મોટાં કામ હાથ લીધાં ત્યારે તો એમને એવા એવા સંબંધો જીવનમાં પ્રગટતા ગયા અને તે સંબંધો કરીને તે માણસોએ તે મહાનુભાવોએ **મોટા**ને જે મસ્તીથી મદદ કરી છે, તેને માટે તો આખું આગવું પ્રકરણ લખીએ તોપણ બસ ના થાય.

આ એક એમની વિશેષતા છે, કે કોઈની સાથે એ આગવી રીતે પોતાની રીતે આગળ પડીને સંબંધ બાંધવા જતા નથી. અને જે સંબંધો બંધાય છે તેમની સાથે એ પોતપોતાના હૃદયના ભાવથી તેમની સાથે પ્રેમ, વહાલ એ કર્યા કરે છે.

એવા પણ માણસો છે કે **મોટા** એમની સાથે હંમેશાં પ્રેમ અને ભાવથી વર્તતા હોવા છતાં, એમને સ્વજન ગણતા હોવા છતાં, એમની સાથે અવારનવાર કેટલા બધા પ્રેમભાવથી સાનુકૂળપણે વર્તતા હોવા છતાં એવા **માણસોએ એમને અનેકવાર દ્રોહ કર્યો છે. એટલું**

**જ નહિ પણ એમની પીઠ પાછળ એમની બદબોઈ કરી છે, એમની નિંદા કરી છે, એમનું ખૂન પણ કર્યું છે અને આડાઅવળું પણ બોલ્યા કર્યું છે. તે એમની પ્રત્યક્ષ જાણમાં આવ્યું હોવા છતાં તેવાઓની સાથે તેઓ ઘણા જ ભાવથી અને તેમને મદદ થાય, તેમના જીવનમાં તેમને પ્રેરણા, ઉત્સાહ મળ્યા કરે, તેમની કટોકટી વેળાએ તેમની સાથેસાથ ઊભા રહીને તેમને સ્થૂળ, સૂક્ષ્મ મદદ પ્રેર્યા કરી છે. તે તો તેમના જીવનની એક ભવ્ય હકીકત છે.**

## ***મોટાની*** **ગુપ્ત સેવા : પતિપત્નીના જીવનમાં પ્રગટેલા ત્રિકોણિયા સંબંધને ઉગારવા**

આ ઉપરાંત, **મોટા,** પતિપત્ની પરત્વેના જીવનમાં, અનેક બહેનોના જીવનમાં અનેક રીતે એ ભાગ ભજવી રહેલા છે. કેટલેક ઠેકાણે તો પતિપત્ની હોય એ લોકો Changeble હોય અને ત્રિકોણના સંબંધોમાં બંધાઈ ગયેલાં હોય કે તેવી પરિસ્થિતિમાં તે પ્રત્યેક ઠેકાણે વ્યક્તિઓમાં પરસ્પરને માટે એકબીજાને માટે, સદ્‌ભાવ, સુમેળ, સહાનુભૂતિ, પ્રેમ, એકબીજાને માટે પ્રેમથી કરી ચૂકવું, ઘસાવું આવા પ્રકારની જે સમજણ તે જીવનવહેવારમાં ખૂબ ઉપયોગી થઈ પડે. એટલું જ નહિ પણ પ્રત્યેકના જીવનમાં એક પ્રકારની હળવાશ, શાંતિ અને પરસ્પર પરત્વે જે સ્નેહભર્યો હૈયાનો ભાવ પ્રગટે એવી જે સમજણ પ્રેરવેલી છે, એ તો ખરેખર જીવનના વિકાસમાં ને તે જીવોને તેનું હિત પ્રેરનારી અને તેમના જીવનમાં સુખદુઃખ પ્રેરનારી છે. એવા કેટલાયે દાખલાઓ પ્રત્યક્ષ જાતોજાત મેં જાણેલા છે.

આવા જીવનના એવા દાખલાઓના જુદા જુદા પ્રકારનાં પ્રકરણો પણ છે. આવા કંઈક કંઈક ત્રિકોણોમાં **મોટા**એ જે ભાગ ભજવ્યો છે. પ્રત્યક્ષ રીતે અને પરોક્ષ રીતે પણ. અપરોક્ષ રીતે પણ. એ ભાવ તેમના જીવનમાં તેમને ઉપયોગી તેમ જ ઊંડો છે એટલું જ

નહિ પણ એમના જીવનને કલુષિત કરતાં ક્લેશ, કંકાસ અને અનેક પ્રકારનાં સંઘર્ષણમાંથી **મોટા**એ આવા કેટલાયે ત્રિકોણને ઉગારી લીધા છે. તે તો આ સમાજની એક મોટામાં મોટી સેવા છે. જોકે આ કોઈ જાણતું પણ નથી. અને એમણે એવી જણાવવાની કોઈને દરકાર પણ કરી નથી. આ એક મોટામાં મોટી હકીકત છે.

## *મોટાનો* નિયમ : સાક્ષી ન હોય તેવા પ્રસંગો વર્ણવવા નહિ

એમના જીવનના કેટલાક પ્રસંગો એવા છે કે કોઈ જાણતું નથી. એમની પાસે રહેલા, એમને પણ કદી જણાવ્યા નથી. એમની સાધનાની કેટલીય હકીકતો તે તો એમણે હજી પણ કોઈને જણાવી નથી. એમની નિકટમાં નિકટ રહેલા હોવા છતાં, એમના સાધનાના જીવનના કેટલાય એવા પ્રસંગો હશે કે જે કોઈ હજી પણ જાણતું જ નથી.

એમનો એક એવા પ્રકારનો નિયમ છે કે જે પ્રસંગનો કોઈ સાક્ષી ન હોય તેવા પ્રસંગ કદી વર્ણવવા નહિ, કહેવા નહિ, લખવા નહિ, જણાવવા નહિ. એની પાછળનું રહસ્ય અને હેતુ તો સમજાય છે કે કદીક કોઈ એવા પ્રસંગ વિશે શંકાકુશંકા જણાવે તો તેને સાબિત કેવી રીતે કરી આપી શકાય ?

**મોટા**ને એમની સાધના ને જીવનના કાળના કેટલાયે પ્રસંગો એમણે જે પ્રસંગનો સાક્ષી ન હોય એવા પ્રસંગ કોઈને જણાવેલા નથી. તેના વિશે કોકને એમ થાય કે ભઈ આપણે સાક્ષી કોઈ હોય એવી ખાતરી કરાવવા સાક્ષી કોઈ હોય ને સાક્ષી છે એમ જણાવવાની કોઈને શી જરૂર છે ? કોઈ માને કે ન માને તેની પણ આપણને શા માટે પરવા રહેવી જોઈએ ? સંદેહ કોઈને થાય કે ન થાય એની પણ શા માટે પરવા રહેવી જોઈએ ?

આ વિશે **મોટા**ને મેં કદી પૂછ્યું નથી કે જાણવાની પરવા મને નથી. જાણવાની મેં દરકાર પણ કરી નથી, પણ **મોટા**ને મનમાં કદાચ એમ હશે કે આપણે જે સંપૂર્ણપણે સત્યના હકીકતની પાસાવાળી કોઈને પણ ખાતરી કરાવી શકાય તો તેમને એવા પ્રકારની **મોટા**ને માટે લાગણી, ભાવના પેદા થાય.

## *મોટાનું* આગવું અનોખું વર્તન

પછી એ જીવનના ચેતનના અનુભવને માટે ભલે યાહોમ કરીને ના ઝંપલાવે પણ એક આધ્યાત્મિક જીવનના વિજ્ઞાન વિશેની જે અભિરુચિને **મોટા** સમાજમાં ચેતાવવાને માટે ભગવાનની કૃપાથી પ્રાર્થનાભાવે જે અભિલાષા સેવે છે. એ અભિલાષાને આવી જો કોકના દિલમાં એમના જીવનમાં તેવા તેવા પ્રસંગો વિશે પુરવાર થઈ શકે એવી ખાતરી જો તેઓને ઉત્પન્ન કરાવી શકે, ઉપજાવી શકે તેમને લાગે કે સાત્ત્વિક છે તો તેવી તેવી વ્યક્તિના જીવનમાં એક એવા પ્રકારની લાગણી જાગે તો જાગે કે ખરેખર **મોટા**ને— **મોટા** એમના જીવનમાં સાધનાકાળમાં કેવી કેવી રીતે મથ્યા છે ને કેવા પ્રસંગો તેમને સાંપડ્યા છે. કાંઈ નહિ તો **મોટા** વિશે કાંઈક અહોભાવ તો જાગે ને જાગે જ.

માત્ર લાગણીનાં પૂરમાં કે ભાવનાના આવેશમાં કોઈને ચડાવી મૂકવા, એવી રીતે પ્રેરાવવાનું કરીને **મોટા** કોઈને પોતાની સાથે જોડાવાને કે સાથે રહેવાને ઇચ્છતા પણ નથી.

**કોઈએ મોટા વિશે ઊંધું જ માન્યા કર્યું હોય, આડુંઅવળું વિચાર્યા કર્યું હોય, અને મોટાને અન્યાય પણ કર્યો હોય એવા પણ પ્રસંગો મેં જોયા છે. તેમ છતાં મોટાએ કદી પોતાને વિશે તેમને સમજાવવાનો પ્રયત્ન સરખો પણ કર્યો નથી.**

કેટલાયે પ્રસંગોની મને જાણ છે અને જે પ્રસંગો વિશે કોઈ કોઈ વ્યક્તિઓએ **મોટા**ને માટે આડુંઅવળું, ઊંધું અને અન્યથાપણે જ વિચારી લીધેલું હોય છે અને તેમાં બીજાં પાસાંઓ અને બીજી

હકીકતો તેમને જો હું આપી શક્યો હોત કે આપી શકું. એટલે **મોટા**ને વિશે બીજી રીતે પણ વિચારતા થઈ શકે ખરા, પરંતુ તેમ મેં પણ કર્યું નથી. અને કેટલાક સંજોગોમાં તો ખાસ જ.

દરેક બાબતમાં દરેક રીતે આમ જ **મોટા** વર્તે છે એમ મારાથી નહિ કહી શકાય. બીજી રીતે પણ વર્તે. અને પોતાના વિશે કે પોતાના જીવનના નક્કરપણા વિશે કે પોતાનું યોગ્યપણું હોવા વિશે પણ **મોટા** ઘણીવાર યોગ્ય ખુલાસો નથી કરતા. એવું મેં ઘણી વાર અનુભવ્યું છે. આ એક એવો પ્રશ્ન છે કે આપણને એ બરાબર ન પણ સમજાય, પરંતુ આવી હકીકત એમના જીવનમાં છે ખરી.

## ***મોટાને*** **હિમાલયમાં મળેલા અઘોરીબાબાનો પ્રસંગ**

કેટલાય એવા પ્રસંગો છે કે જેનો અછડતો નિર્દેશ થયેલો કોક કોક આગળ મેં સાંભળેલો છે. એવા કેટલાક પ્રસંગો છે. આ વખતે હું ઉલ્લેખ કરું તો તે યોગ્ય ગણાશે.

**મોટા** જ્યારે ગુજરાત હરિજન સેવક સંઘમાં ભાઈ પરીક્ષિતલાલ મજમુદાર સાથે મંત્રી હતા, સહમંત્રી હતા. ત્યારે એકવાર હિમાલયમાં કોઈ ચેતનામાં નિષ્ઠા પામેલા એવા મહાત્માના અનુભવને માટે એવા જ હેતુથી હિમાલય ગયેલા. તેવા પ્રસંગે કોઈક અઘોરીબાબા એમને મળી ગયેલા. તેની તેઓ કોક કોક વાર કોકની આગળ વાત કરતા. આવી રીતે આ પ્રસંગનો તો કોઈ સાક્ષી નથી, પણ તેમ છતાં એમને વાત કરતા મેં જાણેલા છે.

તેઓ જ્યારે હિમાલયમાં જતા. પગે ચાલીને જ ગયેલા. ત્યારે એમનો મુખ્ય હેતુ જમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદરીનાથ, તુંગનાથ અને બીજે પણ જવાનો હતો, પણ સમયના અભાવે જઈ નહિ શકેલા. તે વખતે જ્યાં જ્યાં એ ઊતરતા, ચટ્ટીમાં ઊતરતા. ત્યાં ત્યાં દુકાનદાર પાસેથી, ત્યાંના જે ચટ્ટીમાં બીજા લોકો હોય, તે પ્રદેશના લોકો હોય તેમને પૂછતા કે ભઈ અહીં કોઈ મહાત્મા સાધુ એવું કોઈ છે ? આડોઅવળો રહેતો હોય. તેની પાસેથી માહિતી

બધી મેળવતા અને તેઓ તે જાણેલી હકીકત પ્રમાણે તે તે વ્યક્તિઓને મળવાનો પ્રયત્ન કર્યા કરતા.

એમણે એમ પણ કહેલું નહિ કે મને એવા પ્રખર અનુભવી મહાત્માઓનો ભેટો થયો નથી. જોકે એક ગંગોત્રીમાં ગંગોત્રી માતાજીનું મંદિર છે. ત્યાં પાસે ગંગાજી પુનિત પાવની ગંગામાતાનો પ્રવાહ વહે છે. તે ગંગામાતાના મંદિરની સામે જ પેલી બાજુના કિનારે કોઈક મહાત્મા નિવાસ કદી કદી કરતા ખરા. તે અનુભવ-વાળા હતા. એમ પણ એ કહેતા.

તે ઉપરાંત, ગંગોત્રીથી આગળ જતાં કેદારનાથ જતાં એક ચટ્ટી પાસે તે ઊતરેલા. ત્યારે એમણે એમની ખાસિયત પ્રમાણે બધાને પૂછ્યું હતું. ત્યારે એમને ખબર પડી કે એક અઘોરીબાબા અમુક ઠેકાણે રહે છે. તે ઠેકાણાંની ચોક્કસ માહિતી તેમને નહિ મળી શકી, પણ એ જે ચટ્ટીમાં દુકાનવાળો હતો. તેણે કહ્યું કે ભાઈ, અમુક ઠેકાણેથી અમુક ટેકરી ઉપર ચડીને જવાનો ટેકરી ઉપર રસ્તો નથી. એ તો ઝાડ કે ઉપર બુટ્ટી કે એવું બધું ઊગ્યું હોય, તેને પકડી પકડીને ઉપર બેળે બેળે ચઢીને જાઓ ત્યારે પત્તો ખાય. અને તે ઉપર જવાથી વળી પાછું બીજું એક આરોહણ આવે છે. ત્યાંથી ઉપર જઈને ત્રીજે એક પશ્ચિમ દિશામાં થઈ, પૂર્વ દિશામાં વળી ઉત્તર દિશાએ જવાનું છે. અને તે પણ બધું ચઢાણ બહુ આકરું છે. તે બધું લગભગ દશબાર માઈલ તો થાય જ. અને કોઈ ભોમિયો તો મળે નહિ. એક અઘોરીબાબા અહીં રહે છે અને બહુ ઉચ્ચ પ્રકારના અનુભવી પુરુષ છે. અને **મોટા** તો ખાસ આ જ હેતુથી નીકળેલા. એમને સાહસ તો એમના જીવનમાં સહજ છે.

એમણે એમના જીવનમાં અનેક પ્રકારનાં સાધનાકાળમાં સાહસો કરેલાં છે. ને એના વિશેની હકીકતોની મને ખબર નથી, પણ બાળકોને, બધાંયને સાહસ કરવાને એમણે કેળવ્યાં છે.

મારા એકના એક છોકરા સિદ્ધાર્થના જીવનમાં સાહસ, હિંમત, સહનશક્તિ, પરાક્રમ આ બધા ગુણો કેળવવા, એ જે રીતે મથ્યા

છે તે મેં જોયું છે. એટલું જ નહિ પણ સમાજના સમગ્ર જીવનમાં આવા પ્રકારના ગુણ પ્રગટે એના માટે પણ એ મથ્યા કર્યા છે.

આશ્રમ જીવન એમનું જ્યારે હતું. હરિજન સેવક સંઘમાં હતા, ત્યારે આશ્રમના વિદ્યાર્થીઓમાં પણ આવાં સાહસ પ્રગટે એના માટે પણ એ મથ્યા છે. એ તો જાણીતી હકીકત છે.

એટલે સાહસને તો એ એટલા બધા લડી ચૂકેલા છે કે એમના માટે એ જાણે કે શોખ જ છે. એટલે સાહસને તો એ ગણકારે એવા હતા જ નહિ. એટલે એમણે તો એમ કર્યું કે એમની સાથે એક બોજીવાળો હતો. એમનો બિસ્તરો હતો. ઓઢવા પાથરવાને માટે બધો સામાન જે હતો, રૂપિયા પૈસા હતા તે બધા પેલા બોજીવાળાને કહ્યું, કે જો ભાઈ પાંચ દિવસ સુધી તું અહીં રહેજે. અને આ પૈસામાંથી તારે ખાવાપીવાનું બધું ખરચ કરજે. અને હું પાંચ દિવસ સુધીમાં પાંચ દિવસ પૂરા થઈ જાય, ત્યાં સુધીમાં જો ન આવું, તો તું તારે ઘરે ચાલ્યો જજે. આ સામાન લઈ જજે, રૂપિયાય લઈ જજે. તે ઉપરાંત, એમણે ભાઈ પરીક્ષિતલાલને તથા એમની મા વગેરેને કાગળ લખેલા તે કાગળો લખીને આપી રાખેલા, સરનામું કરીને, કે ભઈ આ કાગળ તું જ્યારે તારે ઘેર જઈને જો હું પાછો ન આવું ત્યારે ઘેર તું જાય, ત્યારે આ કાગળો તું ટપાલમાં નાખી દેજે. એમ કરીને એ તો ઊપડ્યા.

સાથે એક લીધો કામળો, થોડુંક ખાવાનું અને લશ્કરના સિપાઈઓ જેવી એક પાણીની વૉટરબૅગ જે રાખે છે એવી સાથે લીધી. એ તો ઊપડ્યા. બતાવેલા રસ્તે. એમના કહેવા મુજબ રસ્તો તો ઘણો ચડાણનો આકરો. એમાં આપણી હિંમતને, પરાક્રમને, શૌર્યને, સાહસને પડકાર દે એવો હતો. એક બે વખત તો પગ એમના લપસ્યા અને પડ્યા પણ ખરા, પણ વચ્ચે ઝાડ આવવાથી બચી ગયા. હંમેશાં એમને ભગવાનના ભરોસા અને ભગવાનના વિશ્વાસ પર એટલો બધો અડગ ટેક છે, કે ભગવાનના ભરોસે જ એ જીવનમાં જ્યાં ત્યાં બધે ચાલ્યા કર્યા છે. બધાં કામો પણ

ભગવાનને ભરોસે જ લીધાં છે, અને એમના જીવનમાં જોયું છે કે કેટલાય પ્રસંગોએ કેવાં કેવાં કારણો ઊપજી આવે છે, કે એનાથી એને મદદ મળ્યા જ કરે. કેવા કેવા માણસોએ એમને હાથ દીધા છે, એટલી બધી સહાય કરી છે, કે આપણને નવાઈ લાગે.

એટલે એ તો એવી રીતે પાછા મથામણ કરતાં કરતાં ગયા. ચડ્યા અને બતાવેલા સ્થળે પહોંચ્યા. ત્યાં દુર્ગંધ આવતી હતી. એટલે એમણે વિચાર્યું કે આટલામાં જ ક્યાંક હોવું જોઈએ. એક મોટું ઝાડ હતું, તેની આગળ પાછળ હાડકાં અને મળ વગેરે બધું પડેલું હતું. એટલે ત્યાં એ તો બેઠા. એમ કરતાં કરતાં તો રાત પડવા આવી. **મોટા**ની પાસે થોડું પાણી હતું. તે પીધું. થોડું ખાવાનું હતું તે પણ ખાધું. એમ એક દિવસમાં તો બધું થોડું જ ખાવાનું હતું. ભારેય ઊંચકવાનો હતો. અને એક કામળો મોટો ધાબળો હતો જાડો, વધારે ભાર લઈને ચડી શકાય એવું હતું નહિ. એટલે સાથે વધારે ખાવાનું ને પાણી તો વધારે રાખી શકાય એમ હતું નહિ, જે હતું તે બધું ખલાસ થઈ ગયું.

એમ કરતાં કરતાં રાતના એકબે વાગ્યા. **મોટા** તો પોતાની મસ્તીમાં ને પોતાનાં ભજનમાં, ભાવમાં મશગૂલ હતા. રાત્રે પેલા અઘોરીબાબા આવ્યા. તેઓ બોલ્યાચાલ્યા વિના બેસી રહ્યા ને **મોટા**ય બોલ્યાચાલ્યા વિના બેસી રહ્યા. એમ ત્રણ દિવસ તો પસાર થઈ ગયા અને **મોટા**ને જે તરસ લાગેલી હતી અને ભૂખ તો એવી કકડીને. ત્યારે એમને એક આવી આદત. કારણ કે એ જ્યારે જ્યારે એ ગુજરાત હરિજન સેવક સંઘમાં સેવામાં હતા, ત્યારે પ્રત્યેક વર્ષે એક એક માસ રજા લઈને દૂર જંગલમાં ચાલ્યા જતા. આગળ-પાછળ દશપંદર માઈલના વિસ્તારમાં કોઈ ગામ મળે કોઈ વ્યક્તિ ન હોય. માત્ર જળાશય હોય. ત્યાં જતા અને ત્યાં રહેતા. એમને પાંચછ દિવસ કડાકા થઈ જતા. પછી કોઈ ને કોઈ એમને ખાવાનું આપવા આવતું. એવા પ્રસંગો બનેલા.

એટલે **મોટા**ને તો મનમાં કંઈ નવાઈની વાત ન હતી. ત્રણ દિવસ થઈ ગયા પણ પેલા મહાત્મા અઘોરીબાબા તો કાંઈ બોલે

ચાલે નહિ. આ કંઈ પૂછે કરે નહિ. ચોથા દિવસની રાત્રિએ પેલા બાબા બોલ્યા, કે દીકરા તને ભૂખતરસ લાગી છે ? **મોટા**એ કહ્યું કે આજે લાગી તો છે. પછી એમણે એક કાચલીમાં એવું કાંઈક મિશ્રણવાળું કરીને બહુ પ્રવાહી નહિ ને બહુ નક્કરે નહિ ને એવું જાડી રાબ જેવું કહીએ આપણે જાડું ભડકું કે બહુ જ જાડું. પ્રવાહી પણ નહિ અને કઠણ પણ બંધાય એવી સ્થિતિવાળું કંઈક એમણે આપ્યું. કે *બચ્ચા પી જા. અચ્છા હો જાયેગા, ઠીક હો જાયેગા, ભૂખ મિટ જાયેગી. પીછે ભૂખ નહીં લગેગી, તૃષા ભી નહીં લગેગી.* **મોટા**એ લીધું. કે ગંધ તો આવતી હતી જ. દુર્ગંધ. ગંધ નહિ, દુર્ગંધ આવતી હતી, પણ **મોટા**ને તો આ બધી બાબતમાં પરિચય. એમણે તો મળ, પેશાબ પણ લીધેલા છે. એક સાધના તરીકે જ. એટલે એમને મન તો આ કાંઈ વિશેષ વાત હતી નહિ. એટલે એ તો ધીરે ધીરે એ ખાવા લાગ્યા. ખાતાં એમને કાંઈ બીજો કોઈ સ્વાદ આવ્યો નહિ, પણ એ બધું સાફ કરી ગયા. કાચલી પણ ચાટીને સાફ કરી દીધી.

પણ એક વાત ઘણી જ અદ્‌ભુત હતી, એમાંથી એક એવો ભાવ પ્રગટ્યો કે એ ભાવની સ્થિતિમાં એ ભાવાવસ્થામાં કેટલો વખત તદ્રૂપ થઈ ગયા. કે પછી જ્યારે એ શરીરની સભાનતામાં પોતે આવ્યા ત્યારે અઘોરીબાબાએ કહ્યું, કે *અબી બચ્ચા તૂ મેરી સાથ રહ જા ઈધર, તેરેકુ ઈચ્છુક પ્રાપ્ત વસ્તુ હૈ. જો તેરેકુ જો તેરે દિલમેં જો મહત્ત્વાકાંક્ષા હૈ. વહ સબ ઈધર સંતોષ મિલ જાયેગા.* તે પછી **મોટા**એ કહ્યું હું તો ભઈ દર્શન માટે આવ્યો છું. કેટલા કેટલા અનુભવી મહાત્માઓ છે, મારે એમની શુભાશિષો જો મળી શકે તો એમની પ્રાર્થના કરું છું. હું કોઈની પાસે કશું માગતો નથી. એટલે એવો ભાવ એમની સાથે રાખું છું. એક એવા પ્રકારની પ્રેમભક્તિના કારણે પ્રગટેલી મારા જીવનમાં, મારા હૃદયમાં એક એવા પ્રકારની Receptivity એક ભાવને કારણે ભાવને માટે, ભાવની તદ્રૂપતા મારામાં પ્રગટે અને જીવંત રહ્યા કરે અને અખંડ

થાય એવી એક હકીકત મારા જીવનમાં બનેલી રહે, તે એવી વાસ્તવિકતા પ્રગટેલી હોય કે જે ચેતનની ભૂમિકા જીવનમાં સદાયે જીવતીજાગતી ચેતનાત્મકપણે પ્રવર્તેલી રહ્યા કરે. એ માટેની મારા હૃદયમાં ભક્તિને કારણે જાગી ઊઠે એવી Receptivity મારામાં છે. એને કારણે એક ભાવાત્મક પ્રાર્થના થાય તો તે કાળે ભગવાનની કૃપાથી દઢાવ્યા કરું છું, કેળવ્યા કરું છું, રાખ્યા કરું છું, કે એમનો ભાવ મારા જીવનમાં સ્પર્શે અને એ સ્પર્શ મારા જીવનને ઘડે એટલું જ નહિ પણ મારા જીવનનો એક ભાગ બની જાય અને ભાવમાં તદ્રૂપતા પ્રગટી એ ભાવને અખંડપણામાં પ્રગટાવ્યા કરે ચેતનાત્મકપણે.

ત્યારે એમણે કહ્યું કે પહેલી તારીખે મારે જવું જ પડશે. એ નહિ ચાલી શકે. હવે તું અહીંથી જઈ શકશે નહિ. હું તો કેટલાય વખતથી આવા એક સમર્થ શિષ્યની શોધમાં જ છું. હું કાંઈ બહાર શોધવા ગયો નથી, પણ મારી પણ એક એવા પ્રકારની ચૈતન્ય ભાવના છે કે એ આકર્ષાઈને આવ્યા વગર રહેવાનો નથી. તું આપમેળે આવ્યો છે. મેં કંઈ તને બોલાવ્યો નથી. તું શોધ કરતો કરતો આવ્યો છે તો હવે અહીં રહી પડ. તારું ધારેલું બધું જ અહીં મળી જશે. એમાં કોઈ જાતની શંકા નથી.

પણ **મોટા**એ તો એમને કહ્યું કે ભઈ, **મળેલી પરિસ્થિતિ, મળેલા સંજોગો અને એના પરત્વેનો ધર્મ અને એના પરત્વેના ધર્મની પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક એના હેતુની સભાનતા સાથે આચરણ કરવું એ જ ધર્મ છે.** બીજા કોઈ ધર્મને હું જાણતો નથી.

અત્યારે મારો ધર્મ હિમાલયમાં આપના જેવા મહાત્મા અને મહાનુભાવોના ચેતનાત્મક ભાવને Receive કરી દિલમાં અનુભવવો, દિલમાં દિલથી અનુભવ એ જ આ મારી યાત્રાનો હેતુ છે. હજુ તો મારે ઘણે ઠેકાણે જવાનું છે અને મારો હેતુ હજુ ફળીભૂત થયો નથી. એટલે મારું હાલમાં પ્રાપ્ત થયેલું જે કર્મ છે, જે સંજોગો છે, જે પરિસ્થિતિ છે એના પરત્વેની મારી જે ફરજ

તેમાંથી હું મુક્ત થઈ શકું નહિ અને મને કોઈ બેળેબેળે રાખી શકે નહિ. કોઈની તાકાત નથી કે કોઈ મને બેળેબેળે રાખી શકે.

ત્યારે બોલ્યા કે જોઉં છું કે કેવી રીતે તું જાય છે ? તું મારી સાથે રહેશે તો સારી વાત છે. નહિતર તારે આ તારા શરીરને છોડવું પડશે. તારા શરીરનું મરણ થશે. તે કાળે **મોટા**એ કહ્યું, ભઈ આ જીવ કોઈ પણ પ્રકારના ભયને ગાંઠે એવો નથી. ભયને તો એણે જીવનમાંથી ભગાડી દીધો છે. ભગવાનની કૃપાથી. ભગવાનનું બિરુદ આ જીવે તો સ્વીકારેલું છે. ભગવાન એ મારા જીવનનો એક મોટામાં મોટો શૃંગાર છે. ગૌરવ છે. મારા જીવનની એક નક્કરતા અને ચેતનને અનુભવવા માટેની એક જે વાસ્તવિક આવશ્યકતા છે તે અભય તો મારા ગુરુમહારાજના આશીર્વાદથી મેં પ્રાપ્ત કરેલો છે. થોડો ઘણો, થોડે ઘણે અંશે કે મનેય ખબર પડશે કે **મોટા**નેય ખબર પડશે, કે ભઈ આવાં બળો સામે કેવી રીતે કામ લઈ શકાય છે. ત્યારે અઘોરીબાબાએ કહ્યું કે *અચ્છા તો દેખ લેતા હૂં. કૈસે તૂ જા સકતા હૈ.* આટલી વાત થઈ. પછી **મોટા**એ તો પ્રયાણ કરવા માંડ્યું.

જે એમને એક અઘોરીબાબાએ પ્રસાદ આપ્યો હતો. એમાંથી એમના દિલમાં એક જાતની એવી ચેતનાત્મક સ્ફૂર્તિ, ઉત્સાહ, ઉમંગ અને તાજગી એવાં તો પેદાં થયેલાં અને એમાં એક સામે પડકાર આવ્યો.

હું કેટલાંય બધાં વર્ષોથી એમના સમાગમમાં છું. આમ સીધી રીતે તો કોઈનોય પડકાર ઝીલી લેતા હોતા નથી. અંદર માનસિક રીતે, કોઈ સૂક્ષ્મ રીતે, કેવી કેવી રીતે કોઈના પડકાર ઝીલતા હશે એ ઇતિહાસની તો મને ખબર નથી, કારણ કે કોઈનોય પડકાર ખુલ્લી રીતે, આવી રીતે ઝીલ્યો હોય એવું મેં જાણ્યું પણ નથી, પણ આ તો એમની અછડતેપણે જે કહેલી કથની છે તે જેમ મને જેવી યાદ રહી છે તે કહું છું.

એ તો તે પડકારને એમણે હૃદયની મસ્તીમાં પ્રાર્થનાભાવે સ્વીકારી લીધો, ઝીલી લીધો અને સામો પડકાર પણ કર્યો કે હું પણ જોઉં છું કે કઈ શક્તિ મને ખાળી શકે એમ છે. એ તો ભજન ગાતાં ગાતાં મસ્તીમાં નીચે ઊતરી ગયા. ઊતરતાં એમને વાર પણ ન લાગી. નીચે આવ્યા, નાહ્યા, ધોયા. પોતે રસોઈ પણ બનાવી અને જમ્યા. પછી સૂતાં. તે સવારે ઊઠ્યા ત્યારે શરીર નીરોગી. ને પછી એમને ઝાડા થવા લાગ્યા, ત્રણ ઝાડા થયા. ત્યારે એ ચટ્ટીમાં ત્યાં એ રિવાજ કે ઝાડા થાય એને ત્યાં આગળ રહેવા ના દે.

એટલે **મોટા**એ તો એક ઝરણા પાસે જઈ ઝાડની નીચે, ઝરણાનું જળ વહેતું હતું એની પાસે પોતાની પથારી કરી, ઉપર મીણિયું પાથર્યું ને ઉપર સૂતા. જેટલીવાર જવાય એટલી વાર એટલે કે શરીરથી ચાલી શકાય એવી સ્થિતિ હોય ત્યાં સુધી તો વેગળે જઈને ટટ્ટી જઈ આવતા. સાફ કરતા, ધોતા, પછી હાથપગ, મોં ધોઈને સૂઈ જતા. પછી એમ કરતાં કરતાં તે બેભાન થઈ જવાની તે પળે કોઈક બંગાળી સાધુ એમની પાસે આવી ગયા. એટલું એમને યાદ છે. તે પછી તો એ બેભાન થઈ ગયેલા. ને કેટલાય દિવસ સુધી બેભાન સ્થિતિમાં રહેલા, આશરે કંઈક અઢાર કે વીસ દિવસ હશે, પણ ત્યારે પણ બેભાન અવસ્થામાં પેલા સાધુ, બંગાળી સાધુ એમની સેવા કરતા હતા. તે કહેતા હતા, તે ઉપરથી **મોટા**એ જાણેલું કે એ બેભાન અવસ્થામાં પણ એ ભગવાનની એકધારી એકાગ્રતાથી અને એકાગ્રતાની કેંદ્રિતતાથી એક એવો પોકાર એ એમના હૃદયમાંથી નીકળતો કે જે ભગવાને સાંભળ્યો. એમના ગુરુમહારાજ પર એમને અટલ વિશ્વાસ.

એમના ગુરુમહારાજ શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા. આમ તો એ કદી ધૂણીવાળા દાદાની વાત કરતા પણ નથી, પણ કોક પ્રવચનમાં પણ કહેતા હોય છે કે મારા ગુરુમહારાજના આશીર્વાદથી એમ બોલતા હોય છે.

એટલે એમના ગુરુ ઘણા મોટા સમર્થ હતા. સાધુઓમાં તો એ ધૂણીવાળા દાદા તરીકે બહુ મોટા પ્રખ્યાત. એમના ધૂણીવાળા દાદાના જે ગુરુ ગૌરીશંકર મહારાજ એ પણ બહુ મોટા. અને તે કાળના સાધુઓમાં ઘણા પ્રતિષ્ઠિત. એટલું જ નહિ પણ ચેતનાની અનેક પ્રકારની અનુભૂતિઓને જીવનમાં પ્રત્યક્ષ પ્રગટાવી પ્રગટાવીને એક એવા ચેતનાના ઉન્નત શિખરે પ્રગટેલા હતા કે જે વિશે લખવું એ મારા જેવાને માટે તો બિલકુલ યોગ્યતાવાળું નથી.

પણ આ તો **મોટા**ને આવી રીતે એમના સમર્થ ગુરુએ બચાવ્યા એ એક હકીકતમાં હકીકત થઈ. તે પછી ધીરે ધીરે **મોટા**ના શરીરમાં ચેતન આવવા લાગ્યું અને ઊઠતા, બેસતા થયા. પેલા બંગાળી સાધુએ એમની રીતે ઘણી સેવા કરેલી. પોતાની પાસે તો કાંઈ કશું હતું નહિ કે એ પોતાની સેવાના ઋણનો બદલો પોતે વાળી શકે. ઓઢવાને માટે થોડુંક જ હતું. એમાંથી પણ એમણે એક પાતળા કામળા જેવું હતું તે પેલા બંગાળી સાધુને પગે લાગીને નમસ્કાર કરીને આપ્યું. ઉપરથી પચીસ રૂપિયા પણ જોડે મૂક્યા.

તો એ સાધુએ કહ્યું કે ભઈ, આ બધું તું શું કરે છે ? તારી પાસે તો કાંઈ છે નહિ. અને તું મને આપે છે તે બરાબર નથી, પણ મેં **મોટા**ના જીવનમાં જોયું છે કે જેમણે જેમણે **મોટા**ને માટે કાંઈક પણ કર્યું છે એનો બદલો ચૂકવવાને માટે હંમેશાં તત્પરતાવાળા રહેલા છે. કોઈની પણ સેવા એમણે જ્યારે કરી છે. એમની સેવા કોઈએ પણ ભારે કાંઈક કશું કર્યું હોય તો એમને કોઈ ને કોઈ રીતે કાંઈક આપવું. કાંઈક પ્રતીક તરીકે Symbolic એક Expression આપવાની ભાવના તો એમના દિલમાં હંમેશાં રહેલી છે અને અનેક માણસોને એમણે કાંઈક ને કાંઈક એમની કરેલી સેવાના ઉપકારમાં આપ્યા કરેલું છે. તે કેટલાંય બધાંને આપ્યા કરેલું છે. એ મારો અનુભવ છે. એમાં બિલકુલ અતિશયોક્તિની આ હકીકત નથી.

પેલા બંગાળી સાધુએ તો લીધું જ નહિ, કે ભઈ મને તો તારી સેવા કરવાનો હુકમ મળેલો એટલે હું તો આવેલો. હું તો કેટલે દૂર હતો. ત્યાં મને કોકે કહ્યું કે આ ફલાણે ઠેકાણે છે. મારો ભક્ત છે. એની તું સેવા કર. એટલે મેં સેવા કરી છે ખરી, પણ એ સેવાથી હું ઋણ પામ્યો છું એ મારા માટે એક નક્કર હકીકત છે.

એમ કરીને **મોટા** તો પછી ધીરે ધીરે જેમ ઠીક થતા ગયા તેમ પછી ચાલવાનું નક્કી કર્યું ને પછી ચાલવા લાગ્યા. થોડેક સુધી ગયા અને સાથે વાતો કરતા જતા હતા. ત્યાં જ થોડીક વારમાં તો પેલા બંગાળી સાધુ દેખાયા નહિ. પછી **મોટા**ને એમ થયું કે કદાચ કંઈ લઘુશંકા કરવા આમતેમ બેઠા હશે. હમણાં આવશે. પછી તો આવ્યા નહિ. પાછા ફરીને જોયું તો ક્યાંય મળ્યા નહિ. એ ગયા તે ગયા.

આવી રીતે અઘોરીબાબાનો પ્રસંગ અછડતેપણે **મોટા** કોકને કહેતા તે મેં સાંભળેલું છે.

## અઘોરપંથની સાધના વિશે

આધ્યાત્મિક વિજ્ઞાનની વિદ્યાને હાંસલ કરવાને માટે અથવા તો ચેતનને અનુભવવાને માટે કાળ એક મોટામાં મોટો વિક્ષેપ છે. એ કાળને કેમ ટૂંકાવી દેવાય એને માટે આપણા અનુભવીઓએ, ઋષિમુનિઓએ જુદા જુદા પ્રકારનાં સાધનો, સાધનાના માર્ગો શોધ્યા.

કાળને ટૂંકાવવાને માટે જેમ તંત્ર એક એવી સાધનાની કળા છે કે જેમાં કાળ ઘણો ટૂંકાઈ જાય. તેવી જ રીતે આ અઘોરપંથની પણ સાધના છે.

એમાં જે તે બધું મેલું જ. આહાર, વિહાર બધું જ મેલું. ત્યારે આપણને એમ થાય કે અરે સાલું આ જાતની તે કાંઈ સાધના હોતી હશે ? આ તો શક્ય જ નહિ. ખરાબ કહેવાય. આ તે કાંઈ રીત છે માણસની ? પણ એમાં રહસ્ય રહેલું છે કે આ માણસને ચેતનાની અભિમુખતા પ્રગટાવવાને માટે અનેક રીતે એને મઠારવું પડે છે.

તેની અમુક જાતની સમજણોની મડાગાંઠો અને એવા રટમાં એક પ્રકારના ગૂંચળામાં અને મડાગાંઠોમાં પડી ગયેલું હોય છે, કે એમાંથી એને બહાર કાઢવું, એમાંથી સમજણો, ટેવો, આદતો, પછી એવી અનેક પ્રકારની મડાગાંઠો, આ બધી ટેવોમાંથી એને નીકળવું એ કાંઈ એટલી સરળ વાત નથી.

એને માટે તો જ્યારે મનથી પર થવાની સ્થિતિ આવે. એ સ્થિતિ જ્યારે ધીરે ધીરે કરીને કેળવાય એમાં તો જન્મોના જન્મો પણ વીતી જતા હોય છે. ત્યારે આપણા શાસ્ત્રકારોએ, અનુભવીઓએ, સ્મૃતિકારોએ, ઋષિમુનિઓએ જોયું કે સાલો કાળ એક બહુ મોટો વિક્ષેપ છે. તે કાળ કેમ ટૂંકાઈ જાય એને માટે આ એક બહુ મોટો વિક્ષેપ છે. તે કાળ કેમ ટૂંકાઈ જાય એને માટે આ એક અઘોરપંથની સાધના પણ શોધેલી છે.

એનાથી મન ઉપર એટલો જબરજસ્ત આઘાત થતો હોય છે કે મન એમાં આપમેળે વળી જતું હોય છે. બહુ લાંબા ગાળા સુધી તો નહિ પણ ગુરુમહારાજના હુકમથી લગભગ એક માસ સુધી તો માત્ર મળ અને પેશાબ ઉપર જ આ જીવને જીવવાનું બન્યું છે.

અને આ તો હું કોઈને કહેત નહિ પણ ભાઈ નંદલાલે મને આ હકીકત જણાવી. મને સવાલ પૂછ્યો. સીધો Frank સવાલ કે **મોટા**, તમે મળમૂત્ર ઉપર જીવેલા ખરા ? ત્યારે મેં એને જવાબ આપ્યો છે. એ **'જીવનદર્શન'**માં—સવાલોની અંદર એ સવાલનો જવાબ મેં આપેલો છે.

ત્યારે એ અઘોરપંથની જે સાધના છે, તે મનને નિર્ગ્રંથ કરવામાં, પડેલી ટેવોથી મુક્ત થવામાં, અનેક પ્રકારની સમજણોથી પણ મુક્ત થવામાં અને ટૂંકામાં કહીએ તો મનને નિર્ગ્રંથ કરવામાં અનેક ગ્રંથિઓથી મુક્ત થવામાં આ અઘોરપંથની સાધના બહુ જ એમાં મનને મઠારવામાં ઉપયોગી છે.

# “હું સર્વત્ર વિદ્યમાન છું.”

‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧ - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# શ્રીમોટાવાણી : ૧૦

## મોટા : રાવજીકાકાના બારોટ

(સીસવા (જિ. ખેડા) મુકામે પૂ. શ્રીમોટાનો દીક્ષા દિનનો ઉત્સવ તા. ૮-૨-૧૯૭૦ના રોજ ઊજવાયો હતો, તે પ્રસંગની પૂ. શ્રીમોટાની ટેપરેકૉર્ડેડ વાણી)

### અંબામાતાની સાચી ભક્તિ

મારી તો પ્રાર્થના છે તમને બધાંને. મનાય તો માનજો. કે આપણા ઘરમાં આપણી મા-બહેન-દીકરી વગેરેની સાથે આદરભાવ રાખવો.

આ તમને એકલાને નથી કહેતો. ત્યાં અમારા સુરતમાં અંબાજીની પ્રતિષ્ઠા થઈ. હમણાં જ ઉત્સવ ઊજવ્યો. બસો બાવન વર્ષ થયાં. એકાવન વર્ષ અને કૃષ્ણશંકર શાસ્ત્રી દેવી ભાગવત્‌ની ત્યાં સપ્તાહ કરતા હતા, ત્યારે મને ત્યાં નોતરેલો. મેં કહ્યું, **તમે બધાં માતાની ભક્તિ કરો છે તે દંભ છે. તમારા ઘરમાં તમારી માતાઓ સાથે, બહેનો સાથે, દીકરીઓ સાથે કેવી રીતે વર્તો છો તમે ? કે માતા જગદંબા હોત તો તમને મારે. વિચાર કરો તમે કે આ માતાની શી ભક્તિ લઈને બેઠા છો તમે ? ખોટી વાત કરો છો. તે કૃષ્ણશંકરે પણ કબૂલ કર્યું કે *મોટા* તારી આ વાત સાચી છે. — મોટા**

સંપાદક :

**શ્રી રજનીભાઈ બર્માવાળા**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

ઘણાં વર્ષો સુધી પૂ. શ્રીમોટાની સેવા ખડે પગે પ્રેમભક્તિભાવથી જેમણે કરી છે, એવાં બહેન **ડાહીબહેન (સ્વ. રાવજીકાકા ડભાણવાળાનાં બહેન)** ને આ પુસ્તક અર્પણ કરતાં આનંદ અનુભવીએ છીએ.

**યશવંત એ. પટેલ**

**ઈંદ્રવદન શૅરદલાલ**

# પુનિત સ્મૃતિ

**પૂ. શ્રીમોટાના ચાહક અને સ્વજન**
**શ્રી શંકરલાલ પંચાલના સુપુત્ર**
**સ્વ. શ્રી જશવંતભાઈ પંચાલ, અમદાવાદની**
**પુનિત સ્મૃતિમાં**
**જન્મ : તા. ૧૧-૨-૧૯૫૬**
**દેહાવસાન : તા. ૬-૯-૧૯૮૩**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**મોટા** એમ કહેતા હતા કે ''મારાં લખાણમાં કૉમા-અલ્પવિરામને પણ આઘોપાછો કરવો નહિ ને ગમે તેટલી વાર એકની એક બાબતનું પુનરાવર્તન થાય તો તે પણ તેમ જ રહેવા દેવું.'' આને લક્ષમાં રાખીને શ્રીમોટાની આ ટેપ રેકૉર્ડેડ વાણીને જેમ બોલ્યા છે તેમ જ મુદ્રણ કરેલ છે, એટલે કે આને કોઈ પણ રીતે મઠારવામાં આવેલ નથી.

**આ શ્રેણીનાં પુસ્તકોની પ્રસિદ્ધિનો મૂળભૂત હેતુ આવી પ્રાપ્ય કૅસેટો કાળના પ્રવાહમાં ખોવાઈ જાય કે નાશ પામે તે પહેલાં શ્રીમોટાની વાણીને ગ્રંથસ્થ કરી લેવાનો.**

આ શ્રેણીનું આ દશમું પુસ્તક આપ સ્વજનોનાં કરકમળમાં મૂકી શકાયું છે એ **મોટા**-કૃપાનો જ પ્રતાપ છે. ને અમારી આશા છે કે આ શ્રેણીમાં હજુ વધુ દશ પુસ્તકો પ્રગટ કરવાં.

**શ્રીમોટાવાણીની આવી કૅસેટો અમોને મળે તે માટે શ્રી નંદુભાઈએ જાહેર વિનંતી કરી છે. છતાંય અમોને કોઈ સ્વજન તરફથી સહકાર મળ્યો નથી, તો તે વિનંતીની યાદ ફરીથી આપીએ છીએ કે આપની પાસેથી કે આપના જાણીતા અન્ય કોઈ સ્વજન પાસે આવી કૅસેટ હોય તો તે અમોને મોકલી આપશો તો ઘણા આભારી થઈશું.**

શ્રીમોટાની દિવ્યવાણી ઘરેઘરે પહોંચે. કાળના ખપ્પરમાં નાશ થઈ જાય તે પહેલાં, તો એક સેવા ગણાશે.

હાલ કુલ ૧૦૦૦ પ્રતોમાંથી ૧૦૦ પ્રતો લૅસ્ટર (યુ.કે.) શ્રી નીછાભાઈ એસ. સોલંકી (**શ્રીમોટા**ના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી)ને કોઈ કિંમત વિના–

મફતમાં મોકલીએ છીએ અને બીજી ૪૦૦ પ્રતો પણ વિના મૂલ્યે આપવાની થાય છે. એટલે આશરે ૫૦૦ પ્રતોની રકમ હાથમાં આવે છે ને તે પણ પડતર કિંમતથીય ઓછા મૂલ્યે વેચાણ થાય છે.

છાપકામ બને તેટલું સસ્તું થાય તેની ખાસ તકેદારી રાખીએ છીએ. જેથી આ મોંઘવારીમાં લોકોને બને તેટલી ઓછી કિંમતે શ્રીમોટાની વાણીનો લાભ મળે.

**આ શ્રેણીનાં આ અગાઉ પ્રગટ થયેલાં નવ પુસ્તકો અંગેનો અમારો અનુભવ છે કે સામાન્ય લોકો તો ઠીક પણ મોટાનાં આપનાં જેવાં સ્વજનો તરફથી પણ બાકીની ૫૦૦ નકલો ખરીદવા માટે યોગ્ય પ્રતિસાદ-ઉત્સાહ મળ્યો નથી, એ પણ મોટા-કૃપાની પ્રસાદી જ માનવી રહી! માટે આપ જો સહકાર આપશો તો આ કામ વધારે ઝડપથી કરી શકીશું. જેથી શ્રીમોટાની વાણીને ઘરેઘરે પહોંચાડવાની અમારી હૃદયની ઈચ્છા છે તે પાર પડે.**

**વળી, આજ સુધીમાં આ શ્રેણીમાં અમને જેમની ખરી મહેનત મળી છે ને શ્રીમોટાની વાણીને કૅસેટમાંથી આ રીતે ગ્રંથસ્થ કરવામાં અમને મદદરૂપ થયા છે તેમનો ઉલ્લેખ કર્યો નથી, કારણ કે તે સ્વજને અમને સ્પષ્ટ રીતે ના પાડી હતી, પણ અમો તેમની ઉપરવટ જઈને પણ આ ઉલ્લેખ કરવાનું ટાળી શકતા નથી.**

શ્રીમોટાની વાણીની ઘણી ખરી કૅસેટ્સની પ્રેસ માટેની હસ્તપ્રતો તૈયાર કરવાનું ઘણું ઘણું મુશ્કેલ, પરિશ્રમવાળું, ઘણી ધીરજ, ખંત અને દિલનો ઉત્સાહ માગી લે તેવું છે, કારણ કે **મોટા**ની વાણીની આ કૅસેટ્સમાં જે રૅકૉર્ડિંગ થયું છે, તે તે વખતના કુદરતી સંજોગોમાં હાથવગું જે ટેપરૅકૉર્ડિંગ મશીન હોય તેમાં થયું હતું. જેથી આજુબાજુના વાતાવરણનો શોરબકોર, સાથે વળી **મોટા**નો અવાજ કોઈ વખત ઘણો ધીમો, અસ્પષ્ટ હોય. તો વળી એરકુલરો ને પંખાઓના અવાજની ધમધમાટી સાથે પક્ષીઓનો કલરવ અને તેમાં પાછું **મોટા** ઘણી વખત તો ઘણી જ ઝડપથી એકધારું, સડસડાટ ને કડકડાટ બોલતા હોય ને વચ્ચે વચ્ચે જિજ્ઞાસુઓની પૂછપરછ ચાલુ.

**આ બધાની વચ્ચે એક એક શબ્દ મોટા બોલ્યા છે તે જ પ્રમાણે પકડવો, કંટાળ્યા વિના અડધો-અડધો કલાક પોણો-પોણો કલાક એકની એક બાબત પ્લે-રીવાઈન્ડ-પ્લે કરી કરીને પ્રેસમાં છાપવા માટેની હસ્તપ્રતો તૈયાર કરવામાં હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી શ્રી રજનીભાઈ બર્માવાળા અમને મદદરૂપ થયા છે, તે તેમને મોટા પ્રત્યેની ભક્તિ લાગી હોય તો જ બની શકે એવું અમને તો લાગ્યું છે.**

શ્રીમોટાની અન્ય ટેપવાણીઓને આ રીતે ગ્રંથસ્થ કરીને પ્રકાશિત કરવાના પ્રયત્ન ચાલુ છે. આ અંગે કોઈ સૂચનો કરવાં હોય તો કરી શકાય છે, કારણ કે **મોટા**નું આ કામ કરવાનો અમારો એકલાનો કોઈ ઈજારો હોઈ શકે નહિ. **મોટા**નું આ કામ એ સમાજનું કામ છે. અમે પણ એક સામાજિક પ્રાણી છીએ. તેથી સમાજ પ્રત્યેની અમારી ફરજરૂપે આ કાર્ય અમે ઉપાડ્યું છે.

તો **મોટા**ના આ કાર્યમાં જે કોઈ કદરદાન વ્યક્તિની ઈચ્છા સીધી કે આડકતરી રીતે સહાયભૂત થવાની હોય તો તે પોતાનો સાથ-સહકાર વિના સંકોચે આપી શકે છે.

સાધક-મુમુક્ષુજનો **પૂ. મોટા**ની આ વાણીમાંથી પોતાના જીવનવિકાસ માટેનું માર્ગદર્શન મેળવે એવી અપેક્ષા છે.

**યશવંત એ. પટેલ**

**ઈંદ્રવદન શૅરદલાલ**

॥ હરિઃૐ ॥

# વિષય-સૂચિ


૧. બધાં આપણને નમતા આવે એવા થવું ................ ૫૭

૨. ગંગાજળ લઈને આજીવન દેશસેવાનું વ્રત .............. ૫૮

૩. સેવાનાં ક્ષેત્રમાં રાગદ્વેષનાં દર્શન ....................... ૫૮

૪. રાગદ્વેષથી મુક્ત હોય તે જ સેવા કરી શકે ............ ૫૯

૫. ચિત્તશુદ્ધિ માટે ભક્તિ જરૂરી છે ....................... ૬૦

૬. સંસારમાં ભક્તિ વિના ચિત્તશુદ્ધિ અશક્ય .............. ૬૦

૭. દેશસેવાની પ્રવૃત્તિ દેશસેવા માટે નહિ પણ
અભય કેળવવા માટે ................................. ૬૧

૮. પુરુષમાં સ્ત્રી રહેલી છે ને સ્ત્રીમાં પુરુષ રહેલો છે ..... ૬૩

૯. પુરુષમાં સ્ત્રીના ગુણો—
દયા, કરુણા, વહાલપ, કોમળતા ...................... ૬૪

૧૦. સ્ત્રીની સર્જનકળાને પિછાનો .......................... ૬૫

૧૧. પુરુષમાં સ્ત્રી છે ને સ્ત્રીમાં પુરુષ છેઃ
શરીરશાસ્ત્રની દૃષ્ટિએ પણ સાચું છે ................... ૬૬

૧૨. સંતનો આર્થિક સંગ્રહ અને દુનિયાદારી
ગૃહસ્થનો આર્થિક સંગ્રહ ............................. ૬૬

૧૩. સંતના આર્થિક સંગ્રહમાં અનાસક્તિ છે :
**મોટા**નો પોતાનો દાખલો ............................. ૬૭

૧૪. એક દૃષ્ટાંત : સંતના આર્થિક સંગ્રહમાં અનાસક્તિ છે ....... ૬૮

૧૫. કર્મના પ્રકાર કરતાં કર્મ કરતી વેળાની ભાવના
કેવી છે તે અગત્યનું છે .............................. ૭૦

૧૬. **મોટા :** રાવજીકાકાના બારોટ ........................ ૭૦

૧૭. રાવજીકાકાએ કરેલી મહેમાનગતિનો
પરચો **મોટા**ને ડાંગમાં મળે છે ........................ ૭૧

૧૮. મારો સમાજ મને કૂતરાંને ખવડાવવા આપતો નથી .... ૭૨

૧૯. મૌનમંદિરના બાંધકામ માટે અલગ ઉઘરાણું ........... ૭૨

૨૦. રાજા રામમોહનરાયનો દાખલો........................ ૭૩

૨૧. અનુભવી પુરુષનાં લક્ષણો વિશે ...................... ૭૪

૨૨. સાધનામાં એકાશ્રય જરૂરી છે :
એકાશ્રયની સમજણ................................ ૭૫

૨૩. એકાશ્રય સામે લાલબત્તી ............................ ૭૬

૨૪. મડાગાંઠ તોડાવવા ગુરુમહારાજ કસોટી કરે............ ૭૬

૨૫. દ્રૌપદી જેવાં નવસ્ત્રા થવું એટલે શું ? ............... ૭૭

૨૬. અનુભવી પુરુષની સાથે મહોબત કરો,
એનું કામ કરો ...................................... ૭૭

૨૭. વિકાસ માટે સ્વાર્થની ભાવના ઘટાડો ................. ૭૯

૨૮. ભાષણ કરતાં કંઈક નક્કર કરો : કંઈક મથો .......... ૭૯

૨૯. ગરીબ લોકોની પ્રામાણિકતાનો દાખલો ............... ૮૦

૩૦. અંબામાતાની સાચી ભક્તિ :
ઘરમાં મા, દીકરી, બહેનો સાથે આદરથી વર્તો ........ ૮૧

૩૧. આપણી માતા, બહેનો, દીકરીઓનું જીવન
ગુણભાવનાવાળું થશે તો સમૃદ્ધિ થશે.................. ૮૨

॥ હરિઃૐ ॥

# મોટા સાથે સ્વ. ડાહીમાનો એક પ્રસંગ

ચેતનમાં નિષ્ઠા પામેલા શરીરધારી આત્માની સેવા હૈયાના પ્રેમભાવથી દેખીતી રીતે અબુધ, અભણ વ્યક્તિ કરે છે તોપણ તેનામાં જ્ઞાનની કેવી ઝલક પ્રગટે છે ને તે પ્રમાણે વર્તે છે. કોઈ એવાં શાસ્ત્રોના જ્ઞાતા કે પંડિતોમાં પણ પ્રગટતી નથી તેનો અનુભવ હરિઃૐ આશ્રમ, સુરતનાં સ્વ. શ્રી ડાહીમાના **મોટા** સાથેના એક પ્રસંગમાંથી મળે છે.

આશ્રમમાં ડાહીમાને કામ કરતાં જેમણે જેમણે જોયાં છે, તેઓ કદી તેમને ભૂલી નહિ શકે. શરીર તદ્દન એકવડા બાંધાનું ને એકદમ સુકલકડી. જાણે કે ફૂંક મારો ને ઊડી જાય, પણ કામગરાં એવાં કે એ કામથી થાકે નહિ પણ કામને એ થકવી નાખે એવાં.★

સવારના ચાર વાગ્યાના ઊઠે ને રાત્રે ૮/૯ વાગ્યે સૂવે ત્યાં સુધી બસ કામ, કામ ને કામ જ, અને કામ કરતાં કરતાં હરિઃૐનું પ્રિય રટણ ચાલુ ને ચાલુ જ. સવારના ઊઠે કે મૌનવાળાઓને ચાપાણી આપવા જાય. વહેલી સવારનાં વાસણો માંજવાના ને નાહી-ધોઈ પછી કપડાં ધોવે. સવારે રસોડામાં પૂ. શ્રી સહિત રસોઈ બધાંને પીરસવાનું કામ તેમનું. પછી પોતે જમે. રસોડું સાફસૂફ કરે ને વળી પાછાં બપોરનાં વાસણો માંજવા પણ આવે ને તે બાદ કપડાં સુકાયાં હોય તે લે ને ગડી કરે એટલે બપોરની ચાનો સમય થાય. એટલે તે ચા કરે ને તેની પાછળ સાંજની રસોઈ કરે ને સાંજે

---

★ વળી પાછાં વ્રત-નિયમો પાળે, એકટાણાં કરે. એકાદશી, પૂનમ, ચોથ વગેરે અવશ્ય કરે.

પણ બધાંને રસોઈ પીરસે ને પછી જમીને સાંજનું રસોડાનું કામ પરવારે ને વળી કોલસા પથ્થરિયા ભાંગે. ત્યારે દાળ બાફવા માટે દેશી કૂકર આગલે દિવસે સાંજે મૂકી દેવાતું હતું. પથ્થરિયા કોલસાથી સગડી સળગાવવી પડતી. ત્યારે આજની જેમ ગૅસ ને પ્રેસર કૂકર વગેરે ન હતું. તે દાળ વીણી ધોઈ કરીને સગડી પેટાવીને દાળ બાફવા મૂકવાનું કામ પણ ડાહીમાનું. એટલે સામાન્ય રીતે સાંજે ૭-૭ાા થઈ જતા.*

ઘણીવાર વહેલી સવારે કે સાંજે ડાહીમા અને રજનીભાઈ **મોટા**ના પગે તેલ ચોળતાં. આશ્રમમાં સખત કામને કારણે થાક ન લાગે તે માટે મન આનંદમાં રહે તેથી **મોટા** એવી હળવી મજાક કરતા કે આનંદ આનંદ થઈ જાય. **મોટા** જાણતા કે ડાહીમા ઘણાં વ્રત નિયમ પાળે છે. તેથી વર્ષાઋતુની વાદળ છાંઈ એક સાંજે પગે તેલ ચોળાવતા હતા. ત્યારે તે દિવસે ચોથ હતી. ડાહીમાનો નિયમ એવો હતો કે ચોથને દિવસે ચંદ્રમાનાં દર્શન કર્યાં બાદ ભોજન કરવું. તેથી **મોટા** કહે કે ડાહીમા, આજે તો ચંદ્રમા કાંઈ દર્શન આપે તેમ નથી—દેખાય તેમ નથી. એટલે તારે ભૂખ્યું જ રહેવું પડશે!

---

* વળી રાત્રે પણ જંપે નહિ. આશ્રમમાં કોઈ માંદું હોય કે કોઈનું માથું દુઃખતું હોય તો તેને બામ ઘસી આપે, માથું દબાવી આપે. પગ દબાવી આપે. **મોટા**ની સેવામાં ડાહીબહેન (સ્વ. શ્રી રાવજીકાકા ડભાણવાળાનાં બહેન) આવતાં હતાં. તેમનું સ્વાસ્થ્ય પાછળથી કથળેલું તેમ છતાં **મોટા**ની સેવા તેઓ કરતાં હતાં અને તેઓ થાકીને લોથપોથ થઈ જતાં તો ડાહીમા તેમનું માથું દબાવતાં, પગ દબાવતાં ને પોતાની દીકરીની જેમ સારવાર કરતાં હતાં.

ડાહીમાનાં બે કામની ખાસ વિશિષ્ટતા. કપડાં તો એવાં સરસ મજાનાં ઘસીઘસીને મસળીને ધોવે કે જાણે બગલાંની પાંખ જેવાં સફેદ દેખાય અને રોટલા તો એવા ઘડે કે ન પૂછો વાત. એવા નરમ અને તેમાં શી મીઠાશ! **મોટા** પણ કહેતા કે ડાહીમા મારા માટે તારા હાથથી જ રોટલો બનાવવાનો. અને **મોટા**ને ફાવે તેવો જુવારના લોટનો પાતળો ચાનકી જેવો રોટલો બનાવે તેમાં સહેજ દેશી ઘી ને તલ નાખીને તે એવો શેકે કે કડક બિસ્કિટ જેવો લાગે. જે **મોટા**ને ફાવતો.

**મોટા**ની આવી મજાકની સામે ડાહીમાનો શું જવાબ છે તે જાણો છો ? પોતાની રાંદેરી ભાષામાં મીઠ્ઠા લહેકા સાથે **મોટા**ના મુખારવિંદ સામે નજર તાકીને પોતાના ખોખલા મોંમાં મંદ મંદ હાસ્ય લાવીને કહે કે, **"મોટા, હું તો તારું મોં જોઈ લેઉં. સૂરજ ને ચંદ્ર તારા મોંમાં જ છે. ગીતામાં કહેલું જ છે કે સૂરજ ને ચંદ્ર બધું ભગવાનના મોંમાં જ છે. તો તારું મોઢું જોયું એટલે મને ચાંદામામાનાં દર્શન થઈ ગયાં. એટલે હું કંઈ ભૂખી નહિ રહેવાની."**

ડાહીમાનો આ જવાબ સાંભળી **મોટા** તો ખડખડાટ હસી પડતા ને કહેતા કે ડાહીમા તું તો કમાલ છો!

**મોટા** સાક્ષાત્ પરબ્રહ્મ, પરમેશ્વર, પરમાત્મા છે એવું તેઓશ્રીના સંપર્કમાં આવનારને પોતે **મોટા**નાં સ્વજન-ભક્ત છે એવું કહેવડાવનાર આપણે જાણ્યું ? આપણે માન્યું ? અને જાણ્યું, માન્યું તો આપણે તે પ્રમાણે વર્તન કર્યું ? આ પ્રસંગ વાંચીને આપણે સૌ આપણી જાતને માપીએ.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# પૂ. શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી

## સીસવા (જિ. ખેડા) મુકામે પૂ. શ્રીમોટાનો દીક્ષાદિનનો ઉત્સવ તા. ૮-૨-૧૯૭૦ના રોજ ઊજવાયો હતો તે વેળાનું ટેપરેકોર્ડેડ પ્રવચન તથા પ્રશ્નોત્તરી

### બધાં આપણને નમતા આવે એવા થવું

ગરીબની મહેનતનું ઘણાં બધાં આપણે કમાઈએ છીએ. અમે કહીએ છીએ કે મજૂરો તો આપણા હાથપગ છે. બધાં બોલવામાં ચતુર પણ એટલું ઉત્પાદન તમે આપો છો ? પણ મારી વાત સાંભળો સાહેબ, કે ત્યારથી મને લાગ્યું કે મને અપમાન થયાં. તેના કારણે મારા બાપને જે માર પડ્યો, અન્યાય થયો, ત્યારે મને લાગ્યું કે આપણે એવા થવું કે આપણને બધાં નમતા આવે. આ તદ્દન સાચી વાત છે સાહેબ. અને ઠક્કરબાપાએ લખેલું પણ છે. બહુ મેં દૃઢ નિશ્ચય કર્યો, ત્યારે કે મારે એવા થવું કે બધાં મને નમતા આવે.

ત્યારે મેં વિચાર કર્યો કે આ ક્યારે થાય ? બહુ પૈસા હોય તો કે ના. કારણ કે અમારા ગામમાં બહુ પૈસાદાર હતા તે પેલા મામલતદારને સલામ ભરતા. ત્યારે મેં આ જોયેલું. આ તો ૧૯૧૧-૧૯૧૨ની સાલની વાત કરું છું. સને ૧૯૧૨ની આ વાત કરું છું. ત્યારે મેં કહ્યું આ મામલતદાર જેવા થવું. સાલા બધાંય આપણને પગે લાગે. ત્યારે આપણે મામલતદાર થવું હોય તો ભણવાનું—અંગ્રેજી ભણવું પડે અને સદ્‌ભાગ્યે તે જ વખતે અમારા ગામમાં એંગ્લો-વર્નાક્યુલર સ્કૂલ ઊઘડેલી. ચોથા ધોરણ સુધીની. એમાં ભણવાનું નક્કી કર્યું. લાંબી વાત નહિ કહું, પણ મારું ધ્યેય એ હતું સાહેબ. એના માટે જ. અંગ્રેજી ભણ્યો, પણ આ એક ધ્યેય હતું કે કોઈ

આપણને અપમાન ન કરી શકે. બધાં આપણને નમતા આવે એટલે મને નમતા આવે એ મારું ધ્યેય હતું.

## ગંગાજળ લઈને આજીવન દેશસેવાનું વ્રત

એ ભગવાનની કૃપાથી ધ્યેય તો ફળ્યું મારું. એ આજે હું જોઉં છું, પણ એ ધ્યેય એટલા માટે ફળ્યું એ ભગવાનની ભક્તિ તરફ એણે મને વાળ્યો. અને તે પણ મને એટલું ઝનૂન હતું. દેશને માટે કે મારાથી એ મુકાતે નહિ સાહેબ. એ પણ હું આજે કબૂલ કરું છું, પણ મારો ગુરુમહારાજ બહુ સમર્થ. એટલું બધું મને ઝનૂન કે સાહેબ દેશની સેવામાં મરી ફીટવું, મારી અત્યંત ગરીબ અવસ્થા. મેં ભાઈઓને કંઈ મદદ નથી કરી. મારો નાનો ભાઈ વિદ્યાપીઠમાં ભણતો હતો. મને કહે કે **મોટા** મને મદદ કરો, પણ હું ના મોકલી શકું. મારા પર આઠ માણસો નભનારા. બીજા બધા માણસો પરીક્ષિતલાલ, હરિવદન ઠાકોર, હેમંતકુમાર નીલકંઠ બધાં તો એકલરામ. એ પણ ૪૫ રૂપિયા લે. હું પણ ૪૫ રૂપિયા લઉં. મારે તો ૮ માણસોનું ખાવાનું. એ લોકો મહેનત કરતા. પૂરું ના થઈ રહે, તોપણ મેં આ વ્રત લીધેલું. ગંગાજળ લઈને. એમ ને એમ નહિ સાહેબ. કે જીવું ત્યાં સુધી દેશની સેવામાં લાગીને પડ્યો રહું. એ ગંગાજળ વ્રત આજે પણ મને યાદ છે.

## સેવાનાં ક્ષેત્રમાં રાગદ્વેષનાં દર્શન

એ વ્રત હું ચૂકું કેમ સાહેબ ? મારા ઘણા ઘણા હેતુ છે. આ સમાજનું કામ કરવામાં ઘણા હેતુ છે, પણ મને ગુરુમહારાજે એ બતાવ્યું કે અલ્યા મૂર્ખા, આ તું સ્વરાજ સ્વરાજની વાત કરે છે. આ ૧૯૨૧ના ડિસેમ્બરની આખરની વાત કરું છું. કે તું આ સ્વરાજ સ્વરાજની વાત કરે છે. અક્કલ વગરનો મૂર્ખો. આ સ્વરાજ હું આવતું દેખી રહ્યો છું, પણ આવશે ત્યારે દાંત તારા ખાટા થઈ જશે. તને એમ લાગશે કે અરે સાલા, આવા સ્વરાજ માટે અમે મર્યા ? ત્યારે આ વાત સાચી કહું છું. ખોટું નથી બોલતો. અને આજે હું કહું છું એમ નહિ. ઘણી વખત કહેલું

છે, પણ તેથી મારું મન એમાંથી ના હઠત સાહેબ, પણ અર્જુનને જેમ ભગવાને કૃપા કરીને વિશ્વ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. એવી રીતે આ સેવાનાં ક્ષેત્રમાં મધ્યમાં હતો. કેંદ્રમાં. આજે બધા મારા સાથીઓ જીવે છે. રવિશંકર મહારાજ જેવા જૂના જોગી કાર્યકર્તાઓ. જુગતરામકાકા એવા જૂના કાર્યકર્તાઓ આજે પણ જાણે છે, કે હું આખા ગુજરાતના હરિજન સંઘનો મંત્રી હતો. પરીક્ષિતલાલની સાથે, પણ એમાં મને મારા ગુરુમહારાજે રાગદ્વેષનાં દર્શન કરાવ્યાં. કે અલ્યા, તું જો. કહે છે આ બધા અહિંસા અહિંસાની વાત કરે છે, પણ જો સાચી અહિંસા પ્રગટેલી હોત તો ભેદ ઘટે. આ તો ભેદ વધે છે. કેટલા ભેદ છે આમાં જો તું. તો મેં દર્શન કર્યાં. જોયાં. મોટા મોટા વિચારકો ઘણા એવા માણસો માંહોમાંહે એકબીજાની સામે પૂર્વગ્રહ! અલ્યા મેં કહ્યું શું આ ? અલ્યા આવા મોટા વિચારકોને એકબીજાની સામે પૂર્વગ્રહ ? આ શું બધું ? ભલભલા લોકોમાં મને દર્શન થયાં. ત્યારથી મારું મન ત્યાંથી હઠ્યું. ગુરુમહારાજની વાત સાચી છે.

## રાગદ્વેષથી મુક્ત હોય તે જ સેવા કરી શકે

એ તો મને એમ કહેતા કે અલ્યા સેવાની તું શું વાત કરે છે ? **આ રાગદ્વેષથી જે જીવ મુક્ત થયો હોય તેને જ સેવા કરવાનો અધિકાર.** ને આજે મને એ વાત સાચી લાગે છે. આજે તો મારા જેવા **હાલીમવાલી જેવા સેવા કરવા નીકળી પડ્યા. સમાજને ઊલટો ખાડામાં નાખ્યો છે. અધઃપતન કરાવ્યું છે. એમાં સેવા કરનારાઓએ. આજે કાંઈ છાનું કહેતો નથી. બધે કહું છું સાહેબ. જ્યારે રાગદ્વેષથી મુક્તિ પામીએ, ત્યારે તો હજુ સેવા કરવાનો એને અધિકાર મળે છે.** ત્યારે બધું મને જ્ઞાન થયું. ગુરુમહારાજે કહ્યું કે આ બધું ઝનૂન છોડી દે. મૂર્ખા. ભગવાનને માટે એ રાખ પહેલું. ત્યારથી આમાં જુસ્સો મારો લાગ્યો. જ્યારે આ દર્શન થયું ત્યારે.

## ચિત્તશુદ્ધિ માટે ભક્તિ જરૂરી છે

ત્યારે એવી રીતે આ ચિત્તશુદ્ધિ જે છે, એ ચિત્તશુદ્ધિ થવામાં પણ અને ચિત્તશુદ્ધિ કરવામાં પણ આપણને બહુ દુ:ખ પડે છે, બહુ મુશ્કેલી પડે છે, કારણ કે આગળપાછળ એટલું બધું જોઈએ છીએ, આપણે નર્યો કચરો-ઉકરડો બધો જોઈએ છીએ. એ દેખીને તમે કંઈક વિચારો એવું નહિ બની શકે સાહેબ. અશક્ય વાત છે. એ આપણા મનની શક્તિની બહારની વાત છે. એ તમારાથી વિચારાશે નહિ. અને વિચાર્યું એટલે કે તમારું મન અશાંત થવાનું. એકલી ચિત્તશુદ્ધિ કરવી એ પણ બહુ મુશ્કેલનું કામ છે, કારણ કે આ દુનિયામાં સંસારમાં રહીને આગળપાછળ દરેકને એવી રીતે કર્મ કરતાં જોઈએ છીએ. અને આ ઘર્ષણ જાગેલાં એવાં જોઈએ છીએ કે આપણાથી ચિત્તશુદ્ધિ થઈ શકશે નહિ. ચિત્તશુદ્ધિને સંપૂર્ણ કરવાને માટે ભક્તિ પણ અનિવાર્ય છે, કારણ કે તે ભક્તિ જાગી તો તમારું મન ભક્તિમાં રહેશે અને બહાર નહિ જાય. ભક્તિને કારણે તમારું દિલ અંતર્મુખ થશે. બહિર્મુખ ઘટી જશે. એટલે ચિત્તશુદ્ધિ ઝપાટાભેર થશે.

## સંસારમાં ભક્તિ વિના ચિત્તશુદ્ધિ અશક્ય

એક જ માત્ર ચિત્તશુદ્ધિનું ધ્યેય લઈને જે એને સંપૂર્ણ થવાને માટે જે કોઈ મથે છે ખરેખરી રીતે ને પ્રમાણિક રીતે તે પણ એ નહિ કરી શકે, કારણ કે આગળપાછળ એ સંસારમાં જીવતો હોય છે. આગળપાછળ અનેક મનુષ્યના સંસર્ગમાં, પરિચયમાં, સંબંધમાં, વહેવારમાં આવ્યા જ કરે છે. તો કે આવું નહિ. નહિ બને. તો તો પછી એ હિમાલયના શિખર પર જઈને જો રહે ત્યારે બને. તોપણ એને સંસારની સાથે સમાજની સાથે સંબંધમાં આવ્યા વગર રહેવાનું નથી.

એ રહે છે સમાજમાં, ત્યારે એને આંખો છે, કાન છે, મન છે, બુદ્ધિ છે, ચિત્ત છે, પ્રાણ છે. એ બધું એનું વિચાર્યા સિવાય રહેશે નહિ. તો કે નહિ નહિ એ તો આપણે એવું શું કરવા સામાનું વિચારવાની

જરૂર ? એ આપણે બોલીએ બરાબર, પણ એવું જોતાં આપણું મન વિચાર્યા વગર રહેતું નથી. આ બધો પ્રયોગ કરીને કહું છું સાહેબ. એમ ને એમ નથી કહેતો.

અને એકલી ચિત્તશુદ્ધિ કરવા ઉપર હમણાં કિશોરલાલભાઈના ગુરુ છે. હજુ જીવે છે. શ્રી કેદારનાથ. એમનો આ ગુણ ઉપરનો બહુ ઝોક. કે સાલું આ કેટલું ખરું છે ? તે આપણે કરીએ. કોક વખત આપણે કરી તો જોવું, પણ મને બહુ અઘરું લાગેલું, પણ ત્યારે ભક્તિ કરતાં કરતાં અને આ ગુણ અને ભાવ ને ચિત્તશુદ્ધિ કેળવતાં કેળવતાં ભક્તિ જાગી ત્યારે આ કામ બહુ સરળ બને, સહેલું બને. અને ખરેખરી ભક્તિ જાગે છે તે ગુણનો સમુદાયક છે. ભક્તિ વડે કરીને એની ભાવના વડે કરીને ચિત્તશુદ્ધિ વહેલી થાય છે. એટલું જ નહિ પણ અનેક ગુણ સમુદાયનો વિકાસ થાય છે. જ્યારે ભગવાનની ખરેખરી ભક્તિ લાગે છે. આપમેળે ત્યાં નિર્ભય થઈ જાય છે.

અનુભવની વાત કહું છું સાહેબ. એટલું જ નહિ પણ પ્રયોગ-ગુરુમહારાજ કહે બેટા, એમ ને એમ કશું ના માનીશ. એનાં તો લક્ષણ થવાં જોઈએ. લક્ષણ આપણામાં પ્રગટે ત્યારે કહેવાય.

## દેશસેવાની પ્રવૃત્તિ દેશસેવા માટે નહિ પણ અભય કેળવવા માટે

૧૯૩૦ની સાલમાં આ અસહકાર ગાંધીજીએ કર્યો. ત્યારે અનેક જુવાનો નીકળી પડેલા. ત્યારે કાંઈ દેશભક્તિથી પ્રેરાઈને ત્યારે મેં કામ કર્યું નથી. મારે તો તપાસવું હતું મારી જાતને કે અભય કેટલો કેળવાયો છે ? પણ કોઈ જાણતું ન હતું. બીજા બધાને કે આ ભગત નીકળ્યા છે, કારણ કે મારે નડિયાદમાં ગોકળદાસ બાપુ હતા. પહેલાં મારો નંબર હતો. મારા પર લોકોને બહુ પ્રેમ હતો. મને આ બીક લાગે છે કે નહિ. સાહેબ મને માર્યો છે તે તમારી કલ્પનામાં ના આવે. તે એટલો ઘાતકી માણસ હતો. આપણો ખેડા જિલ્લાનો ડી.એસ.પી. પણ મને એક વાતથી આનંદ થાય છે. આપણે સ્વરાજ મેળવ્યું. ધાર્યું હોત તો એ

લોકોને આપણે બરાબર કરી શકતે. એના પર કેસ ચલાવેલો. ચલાવ્યો હોત તો આપણે ખોટાં નહિ ગણાત પણ આપણે મહેનત કરવી જોઈએ. આજે આપણે કેમ કરતાં એ જુદી વાત છે, પણ ત્યારે આપણે એના પર કાંઈ પણ નથી કર્યાં. મેં. એ ડી.એસ.પી.ને આપણે પણ નથી કર્યા.

કોઈ વખત અપમાન પણ આપણે લોકોએ નથી કર્યું. એ આપણે ગાંધી પાસેથી શીખ્યાં. ગાંધીજી પાસેથી આપણે બીજી રીતે એ શિક્ષણ લીધું હતું. એવી રીતે આંટીયો પણ બહુ ખરાબ માણસ સાહેબ. બહુ જ ઘાતકી. આપણને આજે અનુભવ નથી થયો તેમનો. આ લાહેરનો ને આંટીયાનો તેની કલ્પનામાં આ હકીકત નહિ આવે સાહેબ, પણ અમારા સુરતના જૂના લોકોને તમે પૂછી જુઓ. એને પણ આપણે સ્વરાજ મળ્યા પછી કાઢી નથી મૂક્યા. એને માટે મને દિલમાં મગરૂબી થાય છે. આટલું તો આપણે ગાંધીજીને આજે કેટલા છે તે ભગવાન જાણે, પણ ત્યારે આ હકીકત હતી, પણ મેં તો બધો ભાગ લીધેલો, આ કસોટી માટે કે અભય કેટલો કેળવાયો સાહેબ ? વહેવારમાં ચાલ્યા જ કરે સાહેબ.

અમારા બોરસદ તાલુકાનું જ ઠાકોરનું ગામ. ત્યાં માર પડેલો. ઠાકોરે અમને બોલાવીને મારેલા સાહેબ. મારી જ નાખે એ. એટલો માર પડેલો એ. એક ઇંચ ખસ્યો નથી સાહેબ. અને ઓચિંતો ભગવાનને જુઓ તો હું કહું છું ભગવાન મારે માટે તો સાક્ષાત્ છે. તે પેલો એક ફોજદાર હતો. એ ફોજદાર સાહેબ જીવે છે ... તે હમણાં મને આમંત્રણ મળેલું. આ ફર્ટિલાઇઝર★ના મૅનેજરે મને બોલાવેલો ત્યારે ત્યાં મને ઓચિંતા મળી ગયા. ઓહોહો તમે બૂચ સાહેબ ? તમારો ઘણો આભાર માનું છું સાહેબ. ખરી રીતે તો મારા ભગવાને દીધેલું. ઓચિંતા પોલીસો લઈને આવી પડ્યા. બધું કાવતરું એના ઉપરી અમલદારનું ના ઠાકોરનું હતું કે આ સ્વયંસેવકોને તમારે લાડુ ખવડાવવા બોલાવવા ને પછી સારી પેઠે મારવા. ભલે મરી જાય. દશ પંદર લાશો પડી જાય. એમાં આ પેલો ફોજદાર જે હતો બૂચ સાહેબ નાગર હતો. એનો છોકરો ફર્ટિલાઇઝરની અંદર સંરક્ષણ

ઑફિસર છે. એ તો અત્યારે નિવૃત્ત છે, પણ જેને પૂછવું હોય તે જઈને પૂછી આવી શકે છે, કારણ કે મારી કોઈ વાત એવી નથી કે જેનું કોઈ સાક્ષી ન હોય.

**ત્યારે ભક્તિ વડે કરીને આવા ગુણ પ્રગટે છે સાહેબ. જે ચિત્તશુદ્ધિમાંથી આવા ગુણ નહિ પ્રગટી શકે અને ભક્તિ વડે કરીને છેવટે ગુણાતીત પણ થઈ જાય છે. જે ચિત્તશુદ્ધિથી નહિ થઈ શકે. એટલે ચિત્તશુદ્ધિ એ જરૂરની છે ખરી. ભક્તિમાં વિકાસ થવાને માટે. પણ ચિત્તશુદ્ધિ કરતાં કરતાં આપણે ભગવાનનો ભાવ અંદર ધારીએ, કે આ તો ભગવાનને માટે છે. મારા ભગવાનને હું પ્રત્યક્ષ કરી શકું. એની ભક્તિ મારામાં વધે. જો આ હોય તો એ વિકાસ પામે. માટે મારી ચિત્તશુદ્ધિ આ. એવી જેની ધારણા રહે એનો વિકાસ થાય અને ભક્તિ કરતાં કરતાં ચિત્તશુદ્ધિ થાય છે,** એ મારો પોતાનો અનુભવ છે. ગુણનો વિકાસ થાય છે અને ગુણસમુદાયનો વિકાસ થાય છે.

## પુરુષમાં સ્ત્રી રહેલી છે ને સ્ત્રીમાં પુરુષ રહેલો છે

**પ્રશ્ન :** (શ્રીમોટા જાતે જ વાંચે છે) પુરુષમાં સ્ત્રી રહેલી છે અને સ્ત્રીમાં પુરુષ રહેલો છે એટલે શું ?

આ વિષય બહુ ગહન છે અને કોકને એમ થાય કે મારો બેટો કોઈ દારૂ પીને બેઠો હશે તે આવું લખે છે કે પુરુષમાં સ્ત્રી છે ને સ્ત્રીમાં પુરુષ છે. મારો હાળો અક્કલ વગરનો. ગાંજોબાંજો પીધો હશે. ભાંગ પીધી હશે, પણ વાત સાચી છે.

આપણને આપણી અક્કલમાં ના ઊતરે પણ એ વાત સાચી છે. એક એવા પરમહંસ કોટિના પુરુષ આપણા દેશમાં થઈ ગયા. આપણી સ્મૃતિમાં પ્રત્યક્ષ રામકૃષ્ણ પરમહંસ. એ રામકૃષ્ણ પરમહંસે આજ સુધી દુનિયામાં એક પણ એવો આત્મા પાક્યો નથી એવો શરીરધારી આત્મા કે પોતાને અનેક રીતે આ ભગવાનના તત્ત્વને અનુભવ્યું. એ મુસલમાનની રીતે જ. જ્યારે મુસલમાનનો એ ધર્મ પાળતા હતા ત્યારે નમાઝ પણ પઢતા હતા. લુંગી પહેરતા હતા અને પેશાબનું એક ટીપું પણ શરીરને અડકે નહિ એ પણ પ્રથા પાળતા

હતા. પાંચ વાર નમાઝ પઢે. કોઈ દિવસ એમણે મંદિર હતું પણ ત્યારે જોયું નથી. એવી રીતે ખ્રિસ્તીની. એવી રીતે બધા ધર્મોનાં રહસ્ય—ભગવાનના તત્ત્વનું રહસ્ય તે તે ધર્મની રીતે પોતે સાધના કરીને પામ્યા. એવા પુરુષની કથાની વાત કરું છું.

અને એક કાળ એવો હતો કે તે બધું બોલતા તે લોકો લખી લેતા. એમનું નામ માસ્ટર મશાય. તે ચોપડી છપાયેલી છે સાહેબ. બહુ મોટી ચોપડી આવે છે.

ત્યારે એવા જે રામકૃષ્ણ પરમહંસ તેમણે આ સ્ત્રી તરીકે સાધના પણ કરી છે. ત્યારે એમને સ્ત્રીનાં શરીરનાં કેટલાંક અંગો પણ એમના શરીરમાં વિકસેલાં, પણ હવે એ વાત જવા દઈએ આપણે, પણ હું તો કહું છું કે કોઈ Allopathy ભણેલા હોશિયાર દાક્તર હોય તેને જ તમે જઈને પૂછો. કે પુરુષમાં સ્ત્રીનો અંશ છે અને સ્ત્રીમાં પુરુષનો અંશ પણ છે. અને તે એવો કાળ આવ્યો છે કે સ્ત્રીને પુરુષમાં ફેરવી શકાય છે અને પુરુષને સ્ત્રીમાં ફેરવી શકાય છે, એવા નસ્તરોની વાત છાપાંમાં વાંચેલી છે. કેટલે અંશે સાચી હશે તે ભગવાન જાણે પણ છાપાંમાં વાંચીએ છીએ ખરાં.

## પુરુષમાં સ્ત્રીના ગુણો—
## દયા, કરુણા, વહાલપ, કોમળતા

બીજી રીતે વિચારીએ તો પુરુષની અંદર જે દયા, કરુણા, વહાલપ, કોમળતા, આ સૌંદર્યને પિછાનવાની જે દૃષ્ટિ આ બધાં સ્ત્રીના ગુણો છે. કઠોરપણું, નિર્દયપણું, અવિવેક. ત્યારે પુરુષમાં કોઈ ગુણ છે જ નહિ ? બૈરાંમાં જ ગુણો. અને પુરુષ આવો જ મારો બેટો ? આ મારો રાવજીકાકો મને ગાળો ભાંડશે કે **મોટા** તમે અહીં માઇક પર બેસીને બૈરાંનું તાણો છો. મારો સંસાર બધો બગડી જશે. મેં કહ્યું અલ્યા તું આવ્યો કંઈથી મારી હાહુના. તું આવ્યો કંઈથી ? આ મા છે, બહેનો છે. એના પેટમાં નવ મહિના આપણે ઊછર્યાં. તો જે ઉત્પન્ન કરે છે, સર્જન કરે છે તે મોટું. આપણે પુરુષો નહિ સાહેબ. કોઈ પણ મૌલિક વિચારક જે છે, જીવનને વિશે જેણે સાચો

અભ્યાસ કર્યો છે એને જઈને પૂછો. કે જે સર્જન કરે છે આપણામાં આ જે ઋષિઓને મહાન ગણ્યા છે. કેમ અલ્યા ઋષિઓને મહાન ગણ્યા ? સ્ત્રીઓને પણ મહાન ગણી છે આપણે ત્યાં. આપણે ત્યાં એવી મહાન સ્ત્રીઓ થઈ ગયેલી કે શરીરનું પણ જેમને ભાન ન હતું. મોટા બધા ઋષિમુનિઓની સાથે નિર્વસ્ત્ર થઈને ચર્ચાઓ કરતી. અને કોઈ કહે તો એને કહેતાં કે સાલાઓ તમે તો ચમાર છો.

## સ્ત્રીની સર્જન કળાને પિછાનો

ઝંખના જાગવી જોઈશે કે મારે કાંઈક થવું છે. કાંઈક કરવું છે. સ્ત્રીઓને લીધે જ માતા, બહેનો—એ સ્ત્રીઓને લીધે જ આપણે છીએ. આપણું મૂળ તો આપણી માનું પેટ છે. અમારો દેશ આજે નિર્માલ્ય છે, કારણ કે અનેક રીતે પુરુષો ભલે પોતાની બુદ્ધિનું અભિમાન રાખતા હોય તો રાખવા દો એમને, પણ આપણે આવ્યા છીએ માના પેટમાંથી. જે નવ મહિના ઘડતર કરે છે સાહેબ. કુંભારની કળા-કૌશલ્યને આપણે વખાણીએ છીએ. સુથારે પણ સુંદર વસ્તુ ઘડી તો એને આપણે વખાણીએ છીએ. આરસપહાણનો સુંદર તાજમહાલ બનાવ્યો તો એને આપણે વખાણીએ છીએ, કારણ કે એવું ઉત્તમ એણે સર્જન કર્યું છે. ઉત્તમ પ્રકારના હાથથી દોરેલાં ચિત્રો રવિશંકર રાવળ અથવા તો જેને આપણી અમદાવાદમાં મહાસભા થઈ તે શાંતિભાઈએ જે સાહેબ વાંસમાંથી જે એણે સૌંદર્ય પ્રગટાવ્યું છે, કળા પ્રગટાવી છે તે તો જેણે, જેની આંખ કેળવાઈ છે, હૃદય કેળવાયું છે તેવા લોકો એનું હાર્દ પિછાની શકે છે. આપણું એવું હાર્દ પ્રગટ્યું ન હોય, એને જોવાની આપણી આંખ જાગી ન હોય તેથી કરીને પેલાની કળા એનું હાર્દ કંઈ મરી જતું નથી. ઘણા લોકો કહે માળા હાળા એમાં શું આ બધું કર્યું છે એણે ? હું એને કાંઈ જવાબ ના આપું, પણ હું સમજી લઉં કે એના દિલમાં હજુ આ ભાવના જાગી નથી. આ કળા અને એનું સૌંદર્ય

એનું હાર્દ પારખવાની એની આંખ ને એનું હૃદય કેળવાયેલાં નથી માટે.

ત્યારે સર્જન જે કરે છે એ જીવનમાં ઘણો મોટો ભાગ ભજવે છે. પુરુષો કહે અમે પૈસા કમાઈએ છીએને. પૈસા ના હોત તો શું ખાત બધાં ? અલ્યા, પૈસાનું સર્જન કરવું અને મનુષ્યનું સર્જન કરવું બેમાં આસમાન જમીનનો ફરક છે સાહેબ. ભણેલા હોય તો જરા તમારાં આ દિમાગ ખુલ્લાં કરીને વિચારો.

## પુરુષમાં સ્ત્રી છે ને સ્ત્રીમાં પુરુષ છે; શરીરશાસ્ત્રની દૃષ્ટિએ પણ સાચું છે

આ મારા રાવજીકાકા કહે **મોટા**, હવે બહેનોને છાપરે ન ચઢાવો. મારી નાખશે મને તો એ વાત પણ સાચી છે. ભઈ અમે લાયક ન હોઈએ. પાત્રતા અમારી ના હોય રાવજીકાકા, તો બહુ ચડાવીએ તો ફટકી જાય ખરું. એ વાતે કબૂલ છે. વાત સાચી. પણ ખરી વાત મારી આ છે ભઈ. તે સ્ત્રીમાં પુરુષતત્ત્વ પણ રહેલું છે ને પુરુષમાં સ્ત્રીતત્ત્વ પણ રહેલું છે. અને એ તો આ શરીરશાસ્ત્રની—Anatomyની દૃષ્ટિએ પણ. Anatomyની દૃષ્ટિ—એને અંગ્રેજીમાં Anatomy કહે છે. શરીરશાસ્ત્રની દૃષ્ટિએ પણ એ હકીકત સાચી છે.

હવે અડધો કલાક રહ્યો છે પ્રભુ.

## સંતનો આર્થિક સંગ્રહ અને દુનિયાદારી ગૃહસ્થનો આર્થિક સંગ્રહ

એક ભાઈ લખે છે સંતના આર્થિક સંગ્રહ અને દુનિયાદારીવાળા ગૃહસ્થોનો આર્થિક સંગ્રહ. આ બે જણની સરખામણી બતાવે છે. આ પ્રશ્નમાં એક તો કોઈ સંત-મહાત્મા હોય એનો આર્થિક સંગ્રહ. દા.ત., મારા જેવો. હું તો કાંઈ મહાત્મા-બાત્મા છું નહિ, પણ આ લોકોએ લેબલ લગાડ્યું છે એટલે આ સમજાવવા પૂરતું કહું છું.

દા.ત., કોક મહાત્મા હોય, અનુભવી હોય પૂરેપૂરો અને એણે આશ્રમ કાઢ્યો, પણ આશ્રમ કાઢ્યો એણે સંગ્રહ તો રાખવો જ પડે. જ્યારે ભઈ વરસાદ આવે ત્યારે પાણી ઝીલી લો. એવો મોકો મળે સાહેબ, ત્યારે અમે એકઠું પણ કરી લઈએ. એવા લોકો એકઠું કરી રાખે. ત્યારે એનો સંગ્રહ અને પેલો દુનિયાદારીવાળો ગૃહસ્થ છે એનો આર્થિક સંગ્રહ. એ આર્થિક સંગ્રહ અને આ આર્થિક સંગ્રહ. તો બન્નેમાં ફરક શું ? પણ એક આ આર્થિક સંગ્રહ કરે છે તે અનાસક્તિની ભૂમિકા છે. જે તે બધું ભગવાનને માટે. એમાં ભક્તિ. મહાત્મામાં એ ભક્તિ મોખરે છે અને પેલામાં માત્ર સંસારવહેવાર મોખરે છે. આ બેમાં આસમાન જમીનનો ફરક છે.

## સંતના આર્થિક સંગ્રહમાં અનાસક્તિ છેઃ
## *મોટાનો* પોતાનો દાખલો

ત્યારે પેલામાં અનાસક્તિ છે એની ખાતરી શી ? એ તો પ્રસંગ પડે ભઈ ખાતરી થાય. એની પાસે લાખ્ખો રૂપિયા આવતા ને જતા હોય પણ એનું એમાં મન ચોંટે નહિ સાહેબ. હવે તમને કહેવા બેઠો છું ત્યારે સાચી વાત કહું સાહેબ, કારણ કે લોક જાણે તો ખરાં. અને જીવતાંજીવતાં જ સાચી વાત કહી જવી. અતિશયોક્તિ વિનાની.

આ નંદલાલભાઈ છે. એમને એક વખત ભગવાનની કૃપાથી ટ્રાન્સનો અનુભવ થયો. બહુ ઉચ્ચ ભૂમિકાનો. સોળ કલાક સ્થિતિ રહેલી. પેશાબ નહિ. પાણી નહિ. ખાવું નહિ. કાંઈ જ નહિ. એમનાં પત્ની પણ અહીં કાંતાબહેન બેઠાં છે. આ સ્થિતિના જોનારના ત્યારે કહે **મોટા,** બધું મારું જે કાંઈ છે તે બધું તમને સમર્પણ. અત્યારે ને અત્યારે રજિસ્ટ્રારને બોલાવો. અત્યારે ને અત્યારે જ. સહેજ પણ જો મારામાં જીવદશા હોત સાહેબ તો પડાવી લીધું હોત બધું, પણ ભગવાનનું કરવું કે રજિસ્ટ્રાર મળ્યા નહિ. કાં તો હોય ને પેલા લોકોએ જે તપાસ કરાવી હોય તેણે ના પાડી હોય. ગમે તે હોય હું જાણતો નથી.

પણ એણે તો ત્યારે મનથી બધું આપી જ દીધેલું. આજે હું કહું કે તું કેમ વાપરે છે અલ્યા ? આ કાંતાને કહું કે મારા બાપનું છે. આ તો બધું મને આપી દીધેલું છે એણે. તો એ મારા મનથી તો એ સાચી જ વાત છે. એમને ગળે ના ઊતરે, પણ મારા મનથી સો ટકાની સાચી વાત. એ પૈસા ભલે વાપરતા હોય. બધું મારા બાપનું છે એ તો. આપી દીધેલું મને.

ત્યારે મને આસક્તિ નથી પૈસાની સાહેબ. હેમંતકુમાર નીલકંઠ છે. પોતાના દસબાર હજાર રૂપિયા મને આપી દીધા હતા. અંગત પૈસાય લીધા નથી. આ બધા પૈસા મને મળે છે. મને અંગત પણ આપે છે. મેં તો એક પૈસો મારો નથી કર્યો.

ત્યારે સંતનો આર્થિક સંગ્રહ અને દુનિયાદારીના ગૃહસ્થનો સંગ્રહ એમાં આસમાન જમીનનો ફેર. એમાં નર્યો સ્વાર્થ છે. સ્વાર્થ સિવાય બીજી કોઈ ભાવના નથી. જ્યારે મહાત્મા અનુભવીનો જે સંગ્રહ છે તે પ્રભુપ્રીત્યર્થે છે.

## એક દૃષ્ટાંત : સંતના આર્થિક સંગ્રહમાં અનાસક્તિ છે

વડોદરામાં એક ઠેકાણે દર્શન કરવાં પંડિતજીને ત્યાં ગયો હતો. આ પુષ્પાબહેન લઈ ગયેલાં. એણે એક નાનકડી વાત કહી. આની સાથે સુસંગત છે. અને કારણ કે પ્રશ્નો તો બધા ઘણા છે. બધા પ્રશ્નોનો જવાબ આપી શકાય એમ નથી, ત્યારે આ સંગ્રહની બાબત વધારે સ્પષ્ટતા થાય એવી વાતો પંડિતજી સાથે થઈ.

એક રાજા હતા. તેમને એક મહાત્મા હતા. તેમની પાસે જાય કરે. પ્રભુ તમે આમ છો, તેમ છો, બધું જાય રોજ. પ્રભુ, જંગલમાં પડી રહો છો. મારે દર્શન કરવાં અહીં ધક્કા ખાવા પડે તમે આવોને રાજમહેલમાં તમને સગવડ કરી આપીશ. આમ છે તેમ છે. હવે એ તો ગયા. એ તો ત્યાં રહેવા લાગ્યા. બધી રાજશાહી. ઠાઠ વૈભવ કરવા લાગ્યા. પછી એનો છોકરો. પેલા રાજા તો મરી ગયા. પછી પેલો

છોકરો. પેલો રાજા તો બધો એમના પર ભાવ રાખતો. મહાત્મા ઉપર. છોકરો થયો. છોકરો રાજા થયો. કહે મને પરણાવો. તો પરણાવ્યો. પ્રભુ હવે તમે. હું પરણ્યો. હવે તમે એકલા રહો તે કેમ ચાલે ? રાજા કહે તમે પરણો. તો પરણીએ. લો ત્યારે. એટલે મહાત્માને પરણાવ્યા.

પેલા રાજાને છોકરાં થયાં તો કહે પ્રભુ, મહાત્મા તમારે છોકરાં થાય તો સારુંને ? તેમનેય છોકરાં થયાં. તો કહે મારે આ બધો મહેલ છે રહેવાનો. તમારે આવું ના ચાલે. એટલે એમના જેવું પોતાના જેવું બધું બંધાવી આપ્યું.

તો એમ કરતાં કરતાં કંઈક બહાર શિકાર કરવા મહાત્માની જોડે ગયા. પેલા મહાત્માને લઈ ગયેલા. પછી બેઠા નિરાંતે. અને પેલો રાજા કહે ભઈ, મહાત્મા તમે ખરા. પણ હવે તમારામાં ને મારામાં ફરક શો ? આ તમારે બૈરું, તમારે છોકરાં. આ તમારે રહેવાનું બધું. મારે એ ને એ જ છે. આમાં ફરક શું ? તો એમાં મને બરાબર યાદ નથી. પણ એમ બતાવે છે કે પેલાનું બધું અદશ્ય થઈ જાય છે. તો પેલો રાજા તો રાજકુમાર હતો. જે રાજા હતો તે તો હાયવોય કરે. બાપ રે બાપ આ તો આમ થયું. એને તો બહુ દુઃખ થઈ જાય છે. જ્યારે પેલાનું જતું રહ્યું તો કંઈ જ નહિ. એટલે કહે કે જો આ ફરક. ત્યારે એને સમજણ પડી.

આ તો માત્ર દૃષ્ટાંત છે, પણ મને ઘણા માણસોએ પૈસા આપવાને કર્યા છે. પણ મેં લીધેલા નથી. પાંચ પાંચ હજાર રૂપિયા આપવાનું. મેં કહ્યું, ભઈ, 'ખમ હજુ થોડીવાર પછીથી લઈશું.' એક મિત્રે મને પહેલવહેલા પચાસ હજાર રૂપિયા આપવાનું કહ્યું, 'ભાઈ ઊભા રહો. હમણાં નહિ વાર છે હજુ.' બાકી હું તો ગરજાઉ માણસ. લઈ લીધા હોત રૂપિયા. એક દોઢ વર્ષ પછીથી એ રકમ લીધેલી સાહેબ. તદ્દન સાચી વાત કરું છું. હું તો ગરજાઉ માણસ છું. મારે કાંઈ માગવા સિવાય એની મેળે આપવા આવે છે. તોપણ મેં તે કાળે લીધેલા નથી. આ મારી જાતને પુરવાર કરવાને કહેતો નથી. પુરવાર કરવાનું આપણે કામ નથી, પણ આ પ્રશ્ન એવી જાતનો છે કે મારે સ્પષ્ટ રીતે બધું કહેવું જોઈએ.

## કર્મના પ્રકાર કરતાં કર્મ કરતી વેળાની ભાવના કેવી છે, તે અગત્યનું છે

હું એમ કહું કે આજે મારા શરીરની ઉંમર બોત્તેર વર્ષ થઈ ગઈ, તે કાંઈ અતિશયોક્તિ નથી. તદ્દન વાસ્તવિકતા છે. Reality છે. એવી રીતે આ બધું એટલા માટે મૂકું છું કે પેલો દેખાય ખરો મોહાઈ જાય એવો. નરકથી ખરડાયેલો હોય પણ એની ભાવના ઊંચા પ્રકારની. એક કાળે એવું યંત્ર નીકળશે કે મારી સૌથી પહેલી તૈયારી છે એને માટે કે દેખીતી રીતે એ દુષ્ટમાં દુષ્ટ કર્મ હોય પણ મારું મનનું ધોરણ કેવું છે, તે પેલું યંત્ર બતાવી આપશે તે વખતે. એવું યંત્ર નીકળશે ત્યારે મારી તૈયારી હશે એને માટેની.

પણ આ દુનિયાને તમે ગમે તેટલું પ્રત્યક્ષપણે કરી બતાવો પણ એની શ્રદ્ધા-ભક્તિ એનામાં જાગવી આ બહુ દુર્લભ વાત છે, સાહેબ. હકીકતની વાત કહું છું. અને કેટલુંયે આ ભગવાનની કૃપાથી આ જીવથી સંસારી લોકોનું કામ બન્યું છે, જે ગણાવી ના શકાય.

## *મોટા :* રાવજીકાકાના બારોટ

પરંતુ જેમ સંસારવહેવારની અંદર કોઈ આપણું ભલું કરે, કોઈ આપણને આપણું કામ કરી આપે, તો આપણે એનો અહેસાન ભૂલતાં નથી. કોઈ ને કોઈ રીતે બદલો વાળીએ છીએ. અને કાંઈ અહેસાન ના કર્યો હોય તોપણ બીજાની આપણે આગતાં સ્વાગતાં કરીએ અને રોટલા ખાઈ જાય આપણે ઘેર સાહેબ. દાખલો આપું, કારણ કે મારું તો પિયર છે. રાવજીકાકો. એટલે એની વાત કરું તો કોઈ મને માફ કરજો સાહેબ આ તો અહીંયાં રાવજીકાકાના બારોટ થઈને **મોટા** બેઠા છે, પણ વાત સાચી કહું છું.

## રાવજીકાકાએ કરેલી મહેમાનગતિનો પરચો *મોટાને* ડાંગમાં મળે છે

આ પુષ્પાબહેન★ અહીં બેઠાં છે. આપણા સાવલીના પટેલ. પાટીદાર કોમની અંદર ઉત્તમમાં ઉત્તમ ત્રણ કુટુંબ કહેવાય. સાવલીના—એમના બેઠાં છે પુષ્પાબહેન. અમે ડાંગમાં રહેતા હતા. ભર જંગલમાં. ડાંગના મધ્ય ભાગની અંદર બે દિવસની અંદર સામાન. એટલો બધો સામાન. અમારી પાસે એક જ ફિયાટ મોટર. મને એમ થયું કે કાંઈક લોરી-બોરી ભગવાનની કૃપાથી જો મળી જાય તો આ બધો સામાન લઈને નીકળી જઈએ.

તો તે જ દિવસે એક ભાઈ આવ્યા. આ બધા હું હતો. તે બધી વાત જાણેલી એ લોકોએ કે કોઈક મહાત્મા પધારેલા છે તે. ડાંગી લોકોયે આવતા હતા. ડાંગના રાજાઓ પણ બેત્રણ આવેલા. એવી રીતે આ પધાર્યા. જાણું નહિ કે કોણ છે કે શું નહિ. વાત નીકળતાં નીકળતાં મેં કહ્યું કાકા કંઈ રહેવું ? શી ન્યાત ? તો કહે પાટીદાર. ક્યાં રહેવું ? કહે મહેમદાવાદ તાલુકો. કયું ગામ ? માંડવા. એ તો હું આવી ગયો છું ભઈ. બે ચાર વખત આવ્યો છું. તો તમારે કંઈ રહેવું ? મેં કહ્યું, ‘ભઈ, અમારું ગામ તો નડિયાદ. શું વાત કરો છો. મારા ને એમના બાપનું નામ એક નહિ ? રાવજીભાઈ આશાભાઈ ને ચૂનીલાલ આશાભાઈ. અરે કહે શું વાત કરો છો ? આ ડભાણમાં રાવજીભાઈને ત્યાં તમે તેના ? મેં કહ્યું હા. અરે ભઈ, એ તો મહેમાન થઈને હું ત્યાંથી આવ્યો છું. કામકાજ હોય તો કહો મને. અરે ભઈ, મેં કહ્યું, આજે જ મારે કામ છે. આ મારે જવું છે કાલે ને આ બધો સામાન અમારો મૂકવાનો છે તે ફિયાટમાં શી રીતે લઈ જઉં ? અરે! કહે મારી લોરી છેને ભઈ સાહેબ. શું વાત તમે કરો છો ? તે સાહેબ એણે લોરી આપી. પેટ્રોલ એનું. મહાલથી કેટલું ? મહાલથી સુરત કંઈ થોડું ઘણું દૂર નહિ સાહેબ. બહુ દૂર.

---

★ શ્રીમતી પુષ્પાબહેન જયરામભાઈ દેસાઈ, વડોદરા

આજે દસ રૂપિયા કાઢવાના. એમ ને એમ નહિ આપે, પણ સાહેબ એણે લોરી એમ ને એમ આપી. તે આપણે (રાવજીકાકાએ) આગતાં સ્વાગતાં કરેલી એનું પરિણામ. એટલે ગંગાબાને હું કહું છું કે દિલ તો ઉદાર રાખજો. કોઈને રોટલો ખવડાવેલો મફત એ નકામો જતો નથી. આ બધાંને મારી વિનંતી ને પ્રાર્થના છે સાહેબ. એને ત્યાં ઓચિંતા પચાસ માણસો આવે તો એ રાજી થાય. અતિશયોક્તિની વાત નથી. જેને પરીક્ષા કરવી હોય તે કરી જોજો.

## મારો સમાજ મને કૂતરાંને ખવડાવવા આપતો નથી

પણ હું આશ્રમમાં એમ નથી કરી શકતો. ગમે તે માણસ આવે તો એને હું નહિ જમાડું. ને કહું એને. કે આ ભઈ મારું ગૃહસ્થીનું ઘર નથી. હું નકામું રાંધીશ નહિ. કોઈ કહે કૂતરાંને ખવડાવો. તે ભગવાન— મારો સમાજ કૂતરાંને માટે આપતો નથી. એ ગૃહસ્થીની વાત જુદી છે ને સાધુની વાત જુદી છે.

એક ભાઈ પાસે હમણાં હું વ્યારા ગયો હતો તો તે બધા વ્યારાના વેપારીઓએ જ પૈસા આપ્યા. ને એટલામાં જ એ કાકા ટપક્યા. પરસોત્તમકાકા. **મોટા** મને ઓળખ્યો ? ના. માફ કરજો. આપણે મહાલમાં લોરી આપેલી. રાવજીકાકાને લીધે તમે આપેલી. મેં કહ્યું. પાછા રૂ. ૧૦૧/- આપી ગયા. રાવજીકાકાની ઓળખાણને લીધે જ. ભઈ, બે વખત જમી ગયો છું. એમની મહેમાનગતિ તો કહેવું પડે.

## મૌનમંદિરના બાંધકામ માટે અલગ ઉઘરાણું

ત્યારે મૂળ વાત એ કહું છું કે ભાવ જે છે, એ બહુ મોટી વાત છે સાહેબ. પૈસા તો આજ છે ને કાલ નથી, પણ દિલ મોટું રાખજો. મારાથી મોટું નથી રખાતું સાહેબ પૈસા ખર્ચવામાં. એ હું કહી દઉં પહેલેથી, કારણ કે પૈસા **મને મારા ભગવાનને માટે મળેલા છે, તે હું સમાજને માટે ખરચું. મારા આશ્રમને માટે પણ નહિ ખરચું.**

મારે આ એક મૌનમંદિર કરાવવું હતું. તે પણ મેં એમાંથી બિલકુલ પૈસા ખરચ્યા નથી. આ રાવજીકાકાને લઈને સંતરામ મહારાજ પાસે ગયો. બેચાર માણસો મળ્યા. કાંતિભાઈના એક સંબંધી હતા, તેમની મારફતે એક લાગવગ લગાડી. કાંતિ પટેલ દાક્તર છે. FRCS થયેલા. તે મહારાજની દવા કરે છે. એની લાગવગ લગાડી. બીજા બેચાર પાંચ માણસો ગયેલા. એમની લાગવગ લાગી. રાવજીકાકાને ત્યાં છે. એક રહે છે ડભાણમાં. તે મહારાજની પાસે રોજ જાય. અને એમનું માને. તેની લાગવગ લાગી. એમણે પાંચ હજાર આપ્યા. પછી એક મારા મિત્ર ઘણાં વર્ષોથી, પુષ્કળ વર્ષોથી નટવરલાલ ચિનાઈ કરીને એણે મને પૈસા આપ્યા. એમ કરીને. બાકી આ સમાજમાંથી મળેલો એક પણ પૈસો નકામો વાપરતો નથી સાહેબ. જેને પરીક્ષા કરવી હોય, જોવું હોય. તે જોઈ જાય.

## રાજા રામમોહનરાયનો દાખલો

પણ એ મૂળ વાત કરું છું કે ચિત્તશુદ્ધિ ઉપર મેં તમને દાખલો આપ્યો. કે એવા અનુભવી માણસો જ્ઞાની માણસો સંગ્રહ કરે, કરોડો રૂપિયા. એની પાસે હોય, પણ એમાં એને આસક્તિ જાગી ના શકે. એવા માણસ આપણા દેશમાં થઈ ગયા છે. રાજા રામમોહનરાય. અત્યંત વૈભવવિલાસમાં ઊછરતો માણસ. ઊછરેલો એ રાજા રામમોહનરાય, એક કાળમાં થઈ ગયા. જેણે આપણી સંસ્કૃતિને જિવાડી. અને જેને કારણે આ સતી થવાનો રિવાજ બંધ પડ્યો. એ એના મૂળમાં રાજા રામમોહનરાય. અંગ્રેજો નહિ સાહેબ. ઈતિહાસ જાણતા નથી, તે અંગ્રેજોને મૂકે છે આગળ. એ એક એવો અમીર ઉમરાવ હતો. આવા પણ આજે આપણા દેશમાં એવા કોક ને કોક વિરલા હશે ખરા. કે અઢળક સંપત્તિની વચ્ચે રહેતો હોવા છતાં એને સ્પર્શે નહિ.

ત્યારે એ બેની સંગ્રહ વચ્ચેનો આ બન્નેની વચ્ચેનો ફરક કે પેલાને અનાસક્તિ સંપૂર્ણપણે અને પેલાને (ગૃહસ્થીને) સંપૂર્ણપણે આસક્તિ

છે. એને (ગૃહસ્થીને) સ્વાર્થમાં રાગ છે. પેલાને (મહાત્માને) સ્વાર્થ નથી સાહેબ. આ એક મોટામાં મોટી વાત છે.

## અનુભવી પુરુષનાં લક્ષણો વિશે

હવે પા કલાકમાં. આ સમાજની અંદર આવા જે ભગવાનનો જેમને અનુભવ થયો છે. એના વિશે લોકો અતિશયોક્તિ બહુ કરે છે લોકો. આગળપાછળના લોકો. હું પણ જાણું છું સાહેબ. જોકે એનું કામ સુધરતું નથી.

અનુભવી પુરુષનાં લક્ષણ આપણે જો સમજવાં જઈએ, તો આજે આપણે એને સ્વીકારી નહિ શકીએ. શંકરાચાર્યે પણ લખ્યું છે સાહેબ, ''જીવન્મુક્તાનંદ લહરી'' ''બૃહતસ્તોત્રરત્નાકર''માં આ વિશે છાપેલું છે. જેને વાંચવું હોય તે વાંચી જાય, પણ એવાને આપણે નહિ સ્વીકારી શકીએ. એવા કેવા હોય છે એને ગુજરાતી સમજવું હોય તે ''જીવનસંદેશ''માં ''પૂર્ણપુરુષ'' એ વિશેનો મારો એક લેખ કાગળ લખેલો છે, એ વાંચજો. મેં બહુ જ સ્પષ્ટતાથી થોડું ભણેલાંઓને પણ આ રીતની સમજણ બૌદ્ધિક—માત્ર બૌદ્ધિક Intellectual grasp બુદ્ધિની સમજણની પકડ એને કંઈક આવે એટલા માટે મેં આ કાગળ લખેલો. એ વાંચી જાય તો એને સમજણ પડે. એવા લોકોનો વહેવાર કેવી રીતનો હોય છે ને કેમ વર્તે છે ? પણ એને આપણે સ્વીકારી નહિ શકીએ.

ત્યારે કે શું થાય ? આપણે પ્રેમ કરો ભઈ. આપમેળે, ઓચિંતો, સહજમેળે એવાની સાથે સંબંધ થઈ જાય. હજાર ઠેકાણે રખડવાની જરૂર નથી. મારાં પુષ્પાબહેન★ અમારા મિત્ર છે. જયરામદાસને કહું કે અલ્યા, કેટલા ગુરુ તેં કર્યા મારા હાળા. અને હજુ રખડે છે. બધાંને શું તારે ? શું મળવાનું છે ? એમને મોઢે જ કહેવાનું. પાછળ નહિ સાહેબ હોં. એમને મારા દેખતાં. મારા ભાઈબંધ બેઠા હોય ને સાવલીના મોટા દેસાઈ તેમને પણ એ મોઢે કહે. વાત સાચી પણ.

---

★શ્રી જયરામભાઈ દેસાઈ (વડોદરા)નાં પત્ની.

## સાધનામાં એકાશ્રય જરૂરી છે : એકાશ્રયની સમજણ

એકાશ્રય આમાં જરૂરનો, પણ એકાશ્રય એટલે કોઈની પાસે નહિ જવું એમ નહિ. કોઈક એવા આવ્યા તો આપણે જવાય ખરું, પણ તે **એનામાં આપણે એકનો જ, જેને માટે આપણા દિલમાં ભક્તિ હોય, શ્રદ્ધા હોય, તેની જ ધારણા પેલાનામાં આપણે તે વખતે જીવતીજાગતી કરવાની. આપણે અભ્યાસ પાડવો. એટલે એકાશ્રય તૂટે નહિ. અને કૂપમંડૂક જેવા આપણે ના થઈ જઈએ. કૂવામાંના દેડકા જેવા આપણે ના થઈ જઈએ.**

**એકાશ્રય આ માર્ગે બહુ જરૂરનો. હત્તરસેં ઠેકાણે તમે પગે જરૂર લાગો, પણ એ પગે લાગો છો તે વખતે તમારી જાગ્રતિ સભાનતા એકને જ વિશે હોવી જોઈએ. તો એકાશ્રય પણ જીવતોજાગતો રહેશે અને આપણે કૂપમંડૂક—એક છીછરી વૃત્તિના નથી રહી શકતાં. ઉદારતા આપણી કેળવાય. કારણ કે જ્ઞાન તો બધે રહેલું છે.** આ સૂર્યનારાયણ જે આપણા જ દેશને પ્રકાશ આપે છે એવું નહિ. આખી પૃથ્વીને આપે છે. એટલું નહિ પણ બીજા ગ્રહોને પણ આપે છે. **એવી રીતે જ્ઞાન જે છે. એ બધાંમાં વિકસેલું છે. બધાંમાં એ છે. એટલે એને આપણે નમસ્કાર ન કરીએ તો તો આપણે બહુ સંકુચિત વૃત્તિના થઈ જઈએ. એને પ્રણામ કે ભક્તિ તો આપણે એને માથું નમાવવું જોઈએ, પણ તે વખતે આપણા મનની ધારણા પેલા એકની જ રહેવી જોઈએ. એવી રીતે રહેતું હોય જેને તેને માટે આ બરાબર છે.**

ત્યારે મને આ પ્રશ્ન થયેલો ખરો ભાઈ કે મને એમ થયું કે આપણે આવા સાંકડા મનના તો નથી રહેવું, પણ બધાંનામાં મારી આવી એકાશ્રયની સદ્‌ભાવના ટકે નહિ. ત્યારે કરવું શું ? ત્યારે પહેલાં એકાશ્રય મજબૂત કરો. પહેલાં એકાશ્રયની ભાવના જીવતીજાગતી તમે તમારામાં કરો. પછી જુઓ તમે પરિણામ. પછી વાંધો નહિ આવે, પણ પહેલું એકમાં જ તમારો એકાશ્રય જ્ઞાનભક્તિપૂર્વકનો પૂરેપૂરો જાગ્યો નહિ હોય, તો બધું વેરવિખેર થઈ જશે.

## એકાશ્રય સામે લાલબત્તી

પણ એમાંથી મૂર્ખતા પણ પાછી અજ્ઞાન પણ એટલું જ પ્રાપ્ત થાય છે. તે વૈષ્ણવો એકાશ્રય પાળે, પણ શિવ ના કહે. શિવવું ના કહે. સાંધવું કહે. આવી મૂર્ખામી પણ એમાંથી પાકે છે. એ પરાકાષ્ઠા, પણ એવું આપણે નહિ થવા દેવું જોઈએ. એકાશ્રય એ જ્ઞાન પ્રગટાવે એવો હોવો જોઈએ, પણ એનો પાયો મજબૂત થયા સિવાય જ્યાં ત્યાં જો રખડતા રહ્યા તો બાવાના બન્ને બગડશે. એ વાત પણ એટલી જ સાચી છે, માટે અને પાયો તો જ મજબૂત થશે એકાશ્રયમાં કે આપણી ભાવના એવી ખરેખરી ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પ્રકારની આપણામાં એવી ઊગેલી હશે તો જ નહિતર નહિ સાહેબ થાય.

ત્યારે આપણા સામાન્ય માણસે શું કરવું ? ભઈ, એનું કામ કરો. એની સેવા કરો. એની સાથે મહોબત કરો. સોબત કરો. મારા શરીરની સેવા કરે એ મને બહુ નથી ગમતું. મારું કામ કરે એ બહુ ગમે છે. ઘણા લોકો આ શરીરની સેવાને મહત્ત્વ આપે છે, પણ હું એને બિલકુલ મહત્ત્વ નથી આપતો. એનું જે મિશન હોય. એનું જે કામ હોય એ કામ તમે કરો. કોઈ ને કોઈ રીતે એને ખપમાં લાગો. તે તમારું નકામું નહિ જાય સાહેબ. અનુભવથી કહું છું.

## મડાગાંઠ તોડાવવા ગુરુમહારાજ કસોટી કરે

મારી પાસે તો કોઈ શક્તિ ન હતી કાંઈ. પૈસા તો હતા નહિ, પણ બેચાર વખત મારી પાકી કસોટી એમણે કરેલી. મને એમ થયેલું ત્યારે. આ મગજ મારું કેળવાયેલું નહિ. પાકું નહિ થયેલું. મને એમ થાય કે આવા અનુભવી મહાત્મા છે એને ખબર નથી કે આ છોકરા પાસે પૈસા તો છે નહિ અને આ ખવડાવવાની વાત કરે છે. આટલા રૂપિયા લઈને આમ કરી દે તેમ કરી દે. મને એવો વિચાર જાગેલો પણ કરેલું વર્તેલો ખરો, પણ આજે સમજણ પડે છે કે એ મારી ભૂલ હતી, એ વિચાર જાગ્યા સિવાય. મૂળ ભક્તિપૂર્વક, આનંદપૂર્વક મારા પોતાના

વિકાસ માટે છે. એટલું જ નહિ પણ મારી આ પડી રહેલી મડાગાંઠ છે. એને તોડવાને માટે જ આ ગુરુમહારાજ કરાવતા. અનેક પ્રકારની મડાગાંઠો આપણામાંથી નીકળવી જોઈશે.

## દ્રૌપદી જેવાં નવસ્ત્રા થવું એટલે શું ?

મહાભારતમાં દ્રૌપદીનું દૃષ્ટાંત નવસ્ત્રા કરવાનું આપેલું છે. એ તો એક રૂપક છે, Symbol છે. આપણામાં અનેક પ્રકારના વેશો છે. અનેક પ્રકારનાં લૂગડાં—આપણી સમજણોનાં આપણે કહીએ છીએ કે **આપણી બુદ્ધિ શુદ્ધ પ્રકાશ આપનારી છે, પણ જીવદશાવાળી છે. પ્રકૃતિવાળી બુદ્ધિ છે. તે પ્રકૃતિની તમને સમજણ આપશે. ચેતનની સમજણ તમારી પ્રકૃતિવાળી બુદ્ધિ તમને ચેતનની સમજણ નહિ આપી શકે. અશક્ય વાત છે.** એ એની શક્યતા બહારની વાત છે.

## અનુભવી પુરુષની સાથે મહોબત કરો, એનું કામ કરો

ત્યારે પેલા પુરુષને સમજવાની ઓળખવાની વાત આપણે બધાં મૂકી દો. આપમેળે, સહજમેળે જો આપણો પરિચય એવા લોકોનો થયો તો એની સાથે મહોબત કરો. પ્યાર કરો. **એનું કામ કરો. અગવડ વેઠીને. સગવડ સાચવીને તો સૌ કોઈ કરે. એ નહિ ચાલે, પણ અગવડ વેઠતી વખતે તમારામાં ઉમળકો જાગવો જોઈએ. એનું કામ કરતાં કરતાં તમારા દિલમાં ઉમળકો જાગવો જોઈએ.** કોઈનાં ઘરેણાં જો લઈ લીધાં હોય. એમણે મને પ્રેમથી આપ્યાં છે. મેં અપીલ તો કરી. પછી એને એમ થાય કે સાલું ક્યાં આપી દીધું. તો ખોટું છે. તે આપેલાનો કાંઈ અર્થ નથી સાહેબ. મારે તો બધું જોઈએ છે. હું તો ગરજવાળો રહ્યો તે માગું અને તમે પ્રેમથી આપો તે વખતે તમને આનંદ રહે ને દિલમાં ખટકે નહિ.

ત્યારે આજે સમાજમાં આવા લોકો જે છે તેને ઓળખવાની વાત, સમજવાની વાત મૂકી દો. એની સાથે મહોબત કરો. પ્યાર કરો. એનું કામ કરો. એને ખપમાં આવો. ખપમાં આવે એવી રીતે વર્તો. પાછું

કોક મને કહેશે કે **મોટા** આ તો તમે બધું તમારું કામ કઢાવવાની વાત કરો છો. જેને જેમ લેવું હોય તેમ લે. મને એની સાથે કોઈ નિસબત નથી.

હું સાચી વાત કરું છું કે ઓળખવાની વાત મૂકી દો. આપણા ગજા બહારની વાત છે. આપણે કોઈ સંસારવહેવારમાં પણ માણસને એની સમગ્રતાથી—એનાં બધાં પાસાંથી આપણે એને ઓળખી નહિ શકીએ. તો આવા પુરુષને તો ઓળખવા એ આપણી તાકાત બહારની વાત છે. માટે એને ઓળખવા ને સમજવાની વાત મૂકી દો. એની સાથે મહોબત કરો. એનું કામ કરો. એને ખપમાં લાગો. એ સાચી વાત છે.

તો જેમ આપણે સંસારવહેવારમાં કોઈનું કામ કર્યું હોય તો એ નકામું જતું નથી. એવો અવગુણવાળો તો કોક થોડો હોય. બહુ થોડા જ. નજીવા માણસ. ગુણ કરનારા ઘણા છે. જો સંસારવહેવારમાં કોઈનું આપણે અડીઓપટીએ કામ કર્યું. એનું કામ કાઢ્યું. આપણે એને કાંઈ ખપમાં આવ્યાં, તો એ માણસ આપણો ગુણ ભૂલતો નથી તો આવો અનુભવી માણસ કેમ ભૂલશે ? એ વિચાર કરો. તમારી બુદ્ધિથી, પણ એનો બદલો કેમ વાળવો એ એકલો જાણે. એનું ધોરણ આપણે જીવદશાવાળાં જે છીએ એવું ધોરણ એનું નથી. એનું ધોરણ આગવું છે.

*અમે તો ધણીકેરા ઘોડલા,*
*અમને એની લગામ.*

આ એક ભજન મેં લખી નાખેલું એક વખતે. નંદુભાઈ પર લખીને મોકલેલું. અમે તો અમારા ધણીના ઘોડલા છીએ એની લગામ... ચાલીએ છીએ. તદ્દન અનુભવનું સાચું. મેં તો અનુભવનાં બહુ ગીતો લખેલાં છે, કારણ કે આ સમાજમાં કાંઈ એનો અર્થ નથી. કોઈ સમાજને ભગવાનની પડી નથી. સમાજને એકમાત્ર સ્વાર્થની પડી છે. એ વાત સાહેબ મને દીવા જેવી ચોખ્ખી દેખાય છે, પણ અમે કહીએ છીએ કે ભઈ, જરા આ તમારા શરીરમાં તમે તપાસો તો સત પણ છે ને અસત પણ છે. તે એકલો સ્વાર્થ કરશો તે નહિ ચાલે. આપણે સંસારવહેવારમાં

એકબીજાને માટે ઇચ્છા હોય કે ના હોય તોપણ ઘસાવું પડે છે જ. વિચાર કરી જુઓ. ત્યારે ઉમળકાથી ઘસાવ. પ્રેમથી ઘસાવ. પ્રભુપ્રીત્યર્થે ઘસાવ. ભાવના કેળવવાને માટે ઘસાવ. એને ખપમાં લાગો. એ સાચી વાત છે. જેમ સ્વાર્થ જરૂરનો છે. પરમાર્થ પણ એટલો જ જરૂરનો છે.

## વિકાસ માટે સ્વાર્થની ભાવના ઘટાડો

**આપણા સમાજે પણ જો વિકાસ કરવો હશે તો આ સ્વાર્થની ભાવના આપણે ઘટાડવી પડશે. પશ્ચિમના દેશોમાં પોતાના દેશને માટે પૈસા તો શું જાનમાલ ફના કરી દેવાની ભાવના જાગેલી છે. પૈસા પણ ઘણા ત્યાગ કરે છે. પોતાના દેશને માટે આપવું પડે ત્યારે. આપણા દેશની પેઠે નથી સાહેબ.** ત્યારે દેશભાવના જાગેલી, પણ હું તો એને ઝલક કહું છું. અને આપણે બહુ સ્વાર્થમાં રચ્યાંપચ્યાં રહીએ છીએ. તે રહો ભઈ. મારી ના નથી. અને મારા ઉપદેશથી કરીને બધા સ્વાર્થ મટી જશે એમ તો હું માનતો નથી.

## ભાષણ કરતાં કંઈક નક્કર કરો : કંઈક મથો

તેથી મારું તો એમ કહેવું છે કે આ ભાષણો બંધ થાય તો સારું. પણ આવો વેશ લઈને હું બેઠો. મારાં નિમિત્તે ઉત્સવ ઊજવાય. અને એ તો હું સ્વાર્થ માટે થવા દઉં છું. મારે સારાં કામ કરવાં છે. એ સારાં કામ કરવાને માટે મારે પૈસા જોઈએ. ત્યારે આવો કોઈ ઉત્સવ કરે. ગોકળકાકાએ એમની મેળે કહેલું. મેં કાંઈ એમની પાસે માગ્યું નથી. માગીને તો એક જ ઉત્સવ લીધો છે. ચીખોદરાના ઈશ્વરભાઈ પાસે. તે મારે આફત આવેલી. એ બાસઠ હજાર રૂપિયા મારે સોનાના પર્વત જેવા થઈ પડેલા.

ત્યારે આ વાત એવી છે ભાઈ. તો સ્વાર્થ તો પડેલો જ છે ભાઈ. તમે છૂટકે કે ના છૂટકે તમારે છોકરાંઓને એ બધાંને મોટાં કરવાં જ પડશે. એમાં તમે કાંઈ ઉપકાર કરતા નથી, પણ આ પરમાર્થને માટે

સાહેબ વિચારજો. આ કરવા જેવું છે. આ પરમાર્થનું પાસું કેળવવા જેવું છે અને આ પૈસા બારે માસ તમારી પાસે જિંદગી સુધી રહેશે એની કોઈ ખાતરી નથી. મારા બાપ જીવતા હતા એની પાસે ઘણી મોટી મિલકત હતી સાહેબ. તદ્દન સાચી વાત કહું છું સાહેબ. હજુ ઘર છે. બે ચાર વખત ગયેલો. ત્યાં મારો જન્મ થયેલો. તે પણ જોવા ગયેલો. મોટું ઘર હતું. ઘર ચાલી ગયું અને ગરીબ એવા થઈ ગયા કે ખાવાના સાંસા સાહેબ.

## ગરીબ લોકોની પ્રામાણિક્તાનો દાખલો

પણ બે મિનિટમાં એક વાત કહી દઉં. ગરીબ લોકમાં પણ કેવી ભાવના પ્રામાણિકતાની હોય છે.

એટલા ગરીબ કે અમારે ખાવાના સાંસા સાહેબ. મારા કાલોલ ગામમાં બહુ મોટી વસ્તી હજુ છે. તો લગ્નગાળો આવે ત્યારે બબ્બે મહિના સુધી નાતો જ ચાલે. આજે કોઈને કહું આ માન્યામાં આવે એવી વાત નથી. મારા કાંટાવાળા સાહેબને પૂછી જુઓ. હમણાં વચ્ચે વાત કરતા હતા. તો કે નાતો ચાલે તો કેટલા બધા દિવસ સુધી સતત બે મહિના સુધી ચાલે.

તે પેલા અમારી નિશાળમાં હું ભણતો. નિશાળમાં પહેલો નંબર રાખું ને મને એમ થાય કે અલ્યા ભઈ ફલાણાં.... માળા હાળા તમે રોજ લાડવા ખાવ ને મારે કાંઈ જ ખાવાનું નહિ ? મને આ મોંમાં પાણી આવે છે. ત્યારે એ મને કહે ખરા. ચૂનીલાલ તું અમસ્તો. અમારી વાડીએ આવ. બહુ મોટી વાડી. કાલોલમાં પોસ્ટ ઑફિસ. ત્યાં મોટો લાલ થાંભલો. કાગળ નાખવાનો. કે ત્યાં તું બેસજે. એક મોટી તાંબડી ભરીને તને લાડવા આપી દઈશ.

હું તો ગયો ભાઈ. અને થોડીવારમાં તો તાંબડી ભરીને લાડવા લાવ્યા. બે-ત્રણ છોકરાંઓ. લે અલ્યા ચૂનીલાલ. મને એમ તો થયું કે સાલું એકબે લાડવા ખાઈ લઉં. મને થયું ખરું. ગરીબાઈ એવી એટલે શું કરીએ ? પણ મને એમ મારી મા અને મારા ભાઈઓ સાંભર્યાં.

અરર! મારા નાના ભાઈઓને મૂકીને. માને મૂકીને ખાઈ લઉં ? મારી મા ઉપર મને બહુ હેત હતું.

આ પાછો ફરીથી રાવજીભાઈની વાત કરું. એની માને બહુ પૈસા આપતા. એમની માને કહે, મને બા તું કમાવા દે. પછી હું તને આપીશ. જે માગે તે આપતા. આ મેં સાંભળેલું છે. ડાહીબહેન★ મને વાત કરે એમની કેટલીક. સાચું ખોટું તો રામ જાણે.

પણ મને મારી બા ઉપર બહુ હેત. તે મેં કહ્યું મારી માને એમ ખાધા સિવાય મારા મોઢામાં આટલે હુધી તો કોળિયો આવેલો પણ પાછો મૂકી દીધો. તે દોણીમાં લાડવો પાછો મૂકીને હું તો ઘરે ગયો લઈને. અંદર જઈને મારી બાને આપ્યા. કે અલ્યા કંઈથી લાવ્યો ? મારા રડ્યા! મેં કહ્યું બા, હું આ લાડવા એની પા ગયો હતો. તો આ મોહન ને આ છગન ને બધા છોકરાંઓ મને આપી ગયા. મારા રડ્યા મેર, તારો તે અવતાર છે ? આ તે કાંઈ ચોરીના આપણાથી ખવાય ? સાહેબ, એક લાડવો એણે નહિ ખાવા દીધો. એને અમારે ત્યાં રસ્તા પર ભંગી ભાઈ જે વાળતો હતો તેને બધાં આપી દીધાં.

ગરીબ લોકોમાં પણ કેવી એક ભાવના—ઉન્નત ભાવના હોય છે. એ ભાવના આજે આપણું ઘર ટકાવે છે. તે બહેનો જ ટકાવે છે, પણ બહેનોનું બહુ વધારે નહિ લઉં. પિષ્ટપેષણ નહિ કરું.

## અંબામાતાની સાચી ભક્તિ ઘરમાં મા, દીકરી, બહેનો સાથે આદરથી વર્તો

પણ કહું છું કે આપણા સમાજને આ સ્વરાજ ભોગવવાની લાયકાતવાળો કરવો હશે તો આ બહેનોનું જીવન જ્યારે ગુણ અને ભાવનાથી વિકાસને શિખરે પહોંચશે ત્યારે જ થશે. એ વાત મારા દિલમાં બહુ ચોક્કસ લાગી છે. તદ્દન સાચી લાગી છે. એને માટે મારી તો પ્રાર્થના છે. તમને બધાંને મનાય તો માનજો કે આપણા ઘરમાં આપણી મા, બહેન, દીકરી વગેરેની સાથે આદરભાવ રાખવો.

★રાવજીકાકા (ડભાણવાળા)નાં બહેન.

આ તમને એકલાને નથી કહેતો. ત્યાં અમારા સુરતમાં અંબાજીની પ્રતિષ્ઠા થઈ. હમણાં જ ઉત્સવ ઊજવ્યો. બસો બાવન વર્ષ થયાં– એકાવન વર્ષ. અને કૃષ્ણશંકર શાસ્ત્રી દેવી ભાગવતની ત્યાં સપ્તાહ કરતા હતા. ત્યારે મને ત્યાં નોતરેલો. મેં કહ્યું, 'તમે બધાં માતાની ભક્તિ કરો છો તે દંભ છે. તમારા ઘરમાં તમારી માતાઓ સાથે, બહેનો સાથે, દીકરીઓ સાથે કેવી રીતે વર્તો છો તમે ? માતા જગદંબા હોત તો તમને મારે. વિચાર કરો તમે કે આ માતાની શી ભક્તિ લઈને બેઠા છો તમે ? ખોટી વાત કરો છો. તે કૃષ્ણશંકરે પણ કહ્યું. કબૂલ કર્યું કે **મોટા** તારી આ વાત સાચી છે.

## આપણી માતા–બહેનો–દીકરીઓનું જીવન ગુણભાવનાવાળું હશે તો સમૃદ્ધિ થશે

મેં કહ્યું પડી જઈએ, પણ આ રીતે તું કરે તે બરાબર નહિ. ત્યારે આપણા પુરુષોનું માન જે જળવાય છે, તે સ્ત્રીઓ પૈસાને લીધે સાહેબ. આ રીતે જ ઘણે ઠેકાણે મેં જોયું છે, પણ તેથી કરીને મારો આદર એમના પરત્વેનો ઘટતો નથી. મારા મનમાં એ ચોક્કસ ઠસી ગયું છે કે આ બહેનોનું જીવન માતા, બહેનોનું, આપણી દીકરીઓનું જીવન આવું ઉન્નત થશે. ગુણ અને ભાવનાથી ભરપૂર ત્યારે આપણી પ્રજા પાછી સમૃદ્ધ થવાની છે.

**મોટાની પ્રાર્થના :** ફરીથી એક પ્રાર્થના. ભાઈ કોઈ જમ્યા વગર જશો નહિ અને વ્યવસ્થા બસની થયેલી છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

જન્મ : **તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪.**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતા : આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ

**૧૯૧૯-૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧ :** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકુરીના પૂ. શ્રીઉપાસનીબાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ૧૯૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન, વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું— 'જીવનગીતા'.

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪ થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરીબાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન—આદેશ— સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯, રામનવમી, સંવત ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતનાં કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨ થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો—સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા.૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

# જનકલ્યાણની પ્રવૃત્તિઓ

મૌનમંદિરની સાધના ઉપરાંત, શ્રીમોટા તરફથી હરિઃૐ આશ્રમો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની લોકકલ્યાણની પ્રવૃત્તિઓ પણ થાય છે.

૧. ભક્તિ પરત્વેનાં અને ભાવનાત્મક સાહિત્યનાં મૌલિક સર્જનો.

૨. બાળકોમાં ગુણ અને ભાવના પ્રકટે એવાં મૌલિક વાર્તાનાં સર્જનો.

૩. બહેનો અને માતાઓના જીવન પરત્વે સમાજના માનસમાં સદ્ભાવ, આદર અને માન પ્રકટે એવા સાહિત્યનું સર્જન.

૪. ''જ્ઞાનગંગોત્રી'' સંદર્ભ ગ્રંથો (Book of Knowledge)નું સર્જન. 'બાલભારતી', 'કિશોરભારતી', વિજ્ઞાનશ્રેણીના ગ્રંથો તથા સર્વધર્મી તત્ત્વજ્ઞાનદર્શન—શ્રેણીના ગ્રંથો વગેરે.

૫. માનવસમાજનાં સાહસ, હિંમત, પરાક્રમ, પ્રામાણિકતા, ત્યાગ, સહનશક્તિ વગેરે ગુણની કદરભાવના-પ્રતીકરૂપે ચંદ્રકો આપવા.

૬. સ્ત્રીઓનાં શરીર સુદૃઢ બને ને તેમનામાં ગુણ અને ભાવનાના સંસ્કાર પ્રકટે તેવી સક્રિય યોજનાઓ.

૭. વિદ્યાર્થીઓમાં ગુણ અને ભાવના પ્રકટે તેવા નિબંધની હરીફાઈઓ.

૮. નાનાં નાનાં ગામડાંની નિશાળોમાં ગુણ અને ભાવના પ્રકટે એવાં પુસ્તકોની વહેંચણી.

૯. જૂના જર્જરિત થઈ ગયેલા ઓવારાઓનું દુરસ્તી કાર્ય અને જુદી જુદી સામાજિક સંસ્થાઓને સહાય.

૧૦. પછાતવર્ગની બહેનોમાં એસ. એસ. સી. ઇત્યાદિમાં પ્રથમ આવનારને શિષ્યવૃત્તિઓ.

૧૧. ખેડા જિલ્લામાં અસ્પૃશ્યતા નિવારણનું સારામાં સારું કામ કરે તેને પ્રત્યેક વર્ષે ચાંદીનો મોટો શિલ્ડ.

૧૨. નડિયાદમાં, સુરતમાં, વડોદરામાં અને રાજપીપળામાં સ્નાનાગારો, તાપી નદીમાં અને નર્મદા નદીમાં તરણ-હરીફાઈઓ, તથા અખિલ હિંદ ધોરણે સમુદ્ર તરણસ્પર્ધા યોજનાઓ તથા રાજ્ય કક્ષાએ હોડી હરીફાઈઓ તથા મેરેથોન દોડ-રેસ યોજના.

૧૩. યુનિવર્સિટી દ્વારા શ્રીઅરવિંદ તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા અને બીજી વ્યાખ્યાનમાળાઓ.

૧૪. ફળાઉ વૃક્ષારોપણ, પાણીની પરબ, તિતિક્ષા હરીફાઈ. વિદ્યાર્થીને મદદ, નાનાં ગામોમાં નિશાળોનાં બાંધકામોમાં મદદ, પક્ષીને ચણ, દવા-મદદ વગેરે વગેરે.

૧૫. વેદની ઋચાઓના અર્થો આમજનતાને સુલભ બને એ માટેનાં પ્રકાશનો.

૧૬. વિજ્ઞાન, ખેતી, મૅડિસિન, સર્જરી, ઇલેક્ટ્રોનિક્સ, પ્લેનેટરી એન્ડ સ્પેસ સાયન્સીસ, ગામડાંમાં અને શહેરોમાં સસ્તાં અને મજબૂત મકાનોનાં બાંધકામ આદિ ક્ષેત્રોએ એન્ડાઉમેન્ટના વ્યાજમાંથી પ્રતિવર્ષે મોટી રકમોનાં અખિલ હિંદ કક્ષાએ માતબર પારિતોષિકોની યોજનાઓ.

૧૭. વિદ્યાર્થીઓમાં શ્રમનું મહત્ત્વ પ્રકટે, તેનાં ટ્રસ્ટો અને કન્યા-વ્યાયામશાળાઓને ઉત્તેજન.

૧૮. હાઈસ્કૂલ કક્ષાનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે સાઇકલ અને દોડસ્પર્ધા પારિતોષિક ટ્રસ્ટો.

૧૯. પર્યટનો, પર્વતારોહણો, બોટિંગ, પગપાળા પ્રવાસો અને રમતગમતો દ્વારા ગુજરાતની બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓમાં સાહસ, હિંમત, નીડરતા આદિ ગુણોના વિકાસાર્થે જુદાં જુદાં ટ્રસ્ટો અને યોજનાઓ.

૨૦. સંગીત-વાદ્ય-નૃત્ય અને ચિત્ર જેવી લલિતકળાઓની સ્પર્ધાઓની યોજના અને વાર્ષિક પારિતોષિકો.

૨૧. બ્રિટિશ એન્સાઈક્લોપીડિયાની ઢબની કક્કાવારી કોશની ગ્રંથશ્રેણીઓ તથા ગુજરાતી સાહિત્યકોશ.

૨૨. ગુજરાત સ્ટેટ કક્ષાએ બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા વિષયોની પ્રતિભા શોધ અને ઉત્કર્ષ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા પારિતોષિકોની યોજના.

૨૩. રામાયણ, મહાભારત, ભાગવત આદિ ગ્રંથોની ત્રિરંગી સચિત્ર સરળ શૈલીમાં વાર્તાઓના પ્રકાશન ટ્રસ્ટોની યોજનાઓ.

૨૪. ગુજરાત કક્ષાએ લીલીસૂકી ખેતી, બાગાયત, રેશમ અને તેના રેસા, સમુદ્રશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, બાયો-જીઓ-સોઈલ કેમિસ્ટ્રી, બોટની પ્લાન્ટસ્ અને પ્લાન્ટ પેથોલોજી, ટ્રોપીકલ ડિસીસીઝ, ઍંજિનિયરિંગ અને ટેક્નિકલ વિષયો, રંગ અને રંગની બનાવટો, પ્રાણીવિજ્ઞાનશાસ્ત્ર આદિ જુદા જુદા વિષયોની ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓ દ્વારા સ્પર્ધાત્મક પારિતોષિકોની યોજનાઓ.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો....ૐ શરણ.

મન વાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો....ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો....ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા....ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો....ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજબ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા....ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો....ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો....ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો....ૐ શરણ.

— શ્રીમોટા

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્‌લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |

૨૭. નિમિત્ત ૧૯૭૨
૨૮. ગુણવિમર્શ ૧૯૭૨
૨૯. જીવનસ્પંદન ૧૯૭૩
૩૦. જીવનરંગત ૧૯૭૩
૩૧. જીવનકથની ૧૯૭૩
૩૨. જીવનસ્મરણસાધના ૧૯૭૩
૩૩. જીવનમથામણ ૧૯૭૩
૩૪. પ્રેમ ૧૯૭૩
૩૫. મોહ ૧૯૭૩
૩૬. કૃપા ૧૯૭૩
૩૭. સ્વાર્થ ૧૯૭૩
૩૮. શ્રીસદ્‌ગુરુ ૧૯૭૩
૩૯. કર્મઉપાસના ૧૯૭૩
૪૦. જીવનચણતર ૧૯૭૪
૪૧. જીવનઘડતર ૧૯૭૪
૪૨. જીવનપગદંડી ૧૯૭૪
૪૩. જીવનકેડી ૧૯૭૪
૪૪. ભાવકણિકા ૧૯૭૪
૪૫. ભાવરેણુ ૧૯૭૪
૪૬. ભાવજ્યોતિ ૧૯૭૪
૪૭. ભાવપુષ્પ ૧૯૭૪
૪૮. ભાવહર્ષા ૧૯૭૫
૪૯. જીવનપ્રભાત ૧૯૭૫
૫૦. જીવનપ્રવાહ ૧૯૭૫
૫૧. મૌનાર્થીને માર્ગદર્શન ૨૦૦૩

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |

| | | |
|---|---|---|
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

મારા શરીરની સેવા કરે એ મને બહુ નથી ગમતું. મારું કામ કરે એ બહુ ગમે છે. ઘણા લોકો આ શરીરની સેવાને મહત્ત્વ આપે છે, પણ હું એને બિલકુલ મહત્ત્વ નથી આપતો. એનું જે મિશન હોય, એનું જે કામ હોય એ કામ તમે કરો. કોઈ ને કોઈ રીતે એને ખપમાં લાગો. તે તમારું નકામું નહિ જાય સાહેબ. અનુભવથી કહું છું.

- શ્રીમોટા

*'શ્રીમોટાવાણી-૯-૧૦', ત્રીજી આ., પૃ. ૭૬*

કિંમત : રૂ. ૧૦/-